કાવ્યોદ્યાન.

રચનાર

ચુનીલાલ રામચંદ્ર શેલત.

Like the fabled fountain of the Azores, but with a more various power, the magic of this Art (Art of Poetry) can confer on each period of life its appropriate blessing: on early years Experience, on maturity Calm, on age, Youthfulness.

Palgrave.

મુખ્ય એજંટ્સ—એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની.

કાલબાદેવી રોડ—મુમ્બઈ.

સંવત ૧૯૬૩. ઇ. સ. ૧૯૦૭.

કિમ્મત રૂ. ૧-૦-૦.

અમદાવાદ

વિજય પ્રવર્ત્તક મુદ્રાયંત્રમાં મુદ્રાંકિત.

પ્રસ્તાવના.

આધુનિક સમયમાં, વિદ્યાલયોમાં પ્રચલિત પાશ્ચાત્ય અને પ્રાચ્ય રસમય ગહન ભાષાઓનો સંસ્કાર પામી, ગુર્જર સાહિત્યના અનેક ઉપાસકોએ, આપણી બાલવત્ જણાતી ગુર્જરીગિરામાં કેવી અને કેટલી અલૌકિકતા રહેલી છે, તેનું દિગ્દર્શન, કાવ્યસુધાદ્વારાએ, જનસમાજની રસજ્ઞતાને સંતુષ્ટ કરવાના ઉચ્ચ ઉદ્દેશથી, વિવિધ જ્ઞાનપ્રદ વિષયો ચર્ચી, સંપૂર્ણ રીતે કરાવ્યું છે; એ સુવિદિત જ છે.

ઉપર પ્રકારની સેવા મ્હારાથી આ પુસ્તકમાં બજાવાઇ છે એમ હું કહેતો નથી, છતાં 'ફૂલ નહિંતો ફૂલની પાંખડી' એ નિયમાનુસાર, આમાંથી જે કંઇ જડી આવે તેટલેથી જ જો વાચક મહાશયોને આનંદ પ્રાપ્તિ થશે, તો હું મ્હારા શ્રમનું સાફલ્ય થયું માનીશ.

પુસ્તકમાં સમાવેલા ભિન્ન ભિન્ન વિષયોને કુસુમો કલ્પી આ પુસ્તકનું નામ 'કાવ્યોદ્યાન' રાખ્યું છે, તો આશા છે કે રસિક ભ્રમરવૃંદ, રસેચ્છા તૃપ્ત કરવાના ઇષ્ટ હેતુથી ઉદ્યાનમાં પધારશે અને વિહાર કરશે.

સૃષ્ટિ સૌંદર્ય, શૃંગાર, સુનીતિ, વીરરસ, તથા કરૂણ રસનાં

કાવ્યોનો સમાવેશ આમાં કરેલો છે; એ શિવાય આત્મબોધ, પ્રેમ, વિયોગ, દેશપ્રીતિ, ઇત્યાદિ ભાવોથી ઉદ્ભવેલાં કાવ્યો પણ દૃષ્ટિગોચર થશે. કાવ્યક્રમ કેટલેક અંશે જળવાયલો છે એમ સહજ ખાતરી થશે.

આશા છે કે, ગુર્જરીગિરાના ઉત્કર્ષની ઉત્કટ ઇચ્છા ધરાવનારા કાવ્યવિલાસી સજ્જનો, આ પુસ્તકને હર્ષભેર વધાવી લેશે, અને એક યુવાન લેખકના દોષપર નજર ન કરતાં, સાર માત્રને ગ્રહણ કરશે.

છેવટમાં, મ્હારા મિત્ર રા. ભાઇલાલ રણછોડ ઠાકર, તથા રા. શંકરલાલ નરોત્તમ પંડ્યા, તેઓએ, આ પુસ્તકને મુદ્રાયંત્રમાં મોકલવા મ્હારામાં ઉત્સાહ પ્રદીપ્ત કર્યા બદલ તેમનો, તથા અમદાવાદ નિવાસી મ્હારા સ્નેહી રા. વ્રજલાલ ભોગીલાલ શાહ, તથા રા. ચંદુલાલ અમૃતલાલ મહેતા, તેઓએ પ્રુફ્સ વાંચીજવા વગેરેનું કામ ઉપાડી લીધું છે તે બદલ તેમનો પણ ઉપકાર માનવા આ તક લઉં છું.

ઊમરેઠ—ખેડાજીલ્લા.
વસંતપંચમી, સંવત્ ૧૯૬૩.

ચુનીલાલ રામચંદ્ર
શેલત.

અર્પણપત્રિકા.

સકળ સદ્ગુણ સંપન્ન રાજમાન્ય રાજેશ્રી,

ભાઇશંકર રેવાદત્ત પંડ્યા.

સરવે સુપ્રિન્ટેન્ડન્ટ, જામનગર સ્ટેટ.

મેહેરબાન સાહેબ,

આપે સેંકડો જ્ઞાતિબંધુઓને તેમજ અન્ય જનોને
ઉદાર આશ્રય આપી ઉદ્યમે વળગાડયા છે ને હજી
પણ તેમ કર્યા જ જાઓ છો; વળી સ્વભાવે
શાંત હોઇ, આપ વિદ્યાનો પ્રેમપૂર્વક આદર
કરો છો; સર્વત્ર સમાનતાથી જોઇ, પ્રત્યેક
મહત્ કાર્યને ઉત્તેજન આપોછો, તથા
મ્હારા પ્રત્યે અધિકાધિક મમતા
દર્શાવો છો—એ સર્વેથી આકર્ષાઈ,
પરાગમય અને નવરંગી કુસુમોથી રમ્ય આ "કાવ્યોદ્યાન"
આપને જ સવિનય પ્રણામ સહ
અર્પણ કરૂં છું.

આપનો આભારી સેવક,

ચુનીલાલ.

અનુક્રમણિકા.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૩	વેદવેદને	વેદવદને
૩૬	૧૫	પૌઢ	પ્રૌઢ
૩૯	છેલ્લી	ચુંબન	ચુંબન.
૪૦	૧૪	ક્ષપણ	ક્ષિપણ
૪૯	૮	પ્રલયકલહ	પ્રણયકલહ
૫૭	૯	રહે	ર્‌હે
૬૦	૧૭	મને	મુને
૬૫	૧૨	વિહ્‌વાલા	વિહ્‌વલા
૮૨	૩	સા	સૌ
૯૫	૫	પ્રાન્થ !	પાન્થ !
૧૧૦	૧૪	પસાવિણ	પૈસાવિણ
૧૪૧	૧૬	દુભાગ્ય	દુર્ભાગ્ય
૧૪૩	પ્રથમ	શાર્યભરી	શૌર્યભરી

આ પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી મળી શકશે.

મુમ્બઈ. એન. એમ. ત્રિપાઠીની કંપની, કાલબાદેવી રોડ.

" બુકસેલર મોતીલાલ મગનલાલ શાહ. "

અમદાવાદ. બુકસેલર મોતીલાલ મગનલાલ શાહ,
રીચીરોડ.

" બુકસેલર હરગોવિંદદાસ હરજીવનદાસ,
ત્રણ દરવાજે.

રાજકોટ. બુકસેલર બેચર મેઘજી, પરાબજારમાં.

ઊમરેઠ. જે એન્ડ ભટ્ટ બ્રધર્સની કંપની, પંચવટી.

" ગ્રંથકર્ત્તા પાસેથી, ઠે० પાટમાં.

કાવ્યોદ્યાન.

મંગળાચરણ.

શાર્દૂલ મોહી રૂપ અનુપ વેદવેદને ધાયા પૂઠે જેહની
વિક્રીડિત. શું આશ્ચર્ય યદિ હું મંદમતિ જે, શર્ણે પડું તેહની !
વિણા–વાહક શર્દઇન્દુવદની, કુમારિકા ભારતી,
હંસાગામી કવીન્દ્રવૃન્દ જનુની, અર્પો ગિરા સન્મતિ! ૧

જેણે દા'ડી રમાડી લાડી વ્રજની, બંસી વજાડી ભલી,
રાધા સાથ વિલાસ રાસ રમિયા, રુકિમણી ક્રીડા કળી,
તે આ કાવ્યકુસુમ ઉરબગીચે, ખિલ્યું સુધા સિંચજો!
વંદી વાર હજાર યાચું મુખથી, મીઠી ગિરા અર્પજો! ૨

નમ્ર યાચના.

શિખરિણી. કરૂં દાના દેવા, સ્તવન તમ પ્રેમે જગપતિ;
નથી સ્વલ્પે મ્હારી, કવિત કરવાને ગતિમતિ;
દિયો વાણીમાંહિં, રસ મસ અમીનો રસધરા !
પ્રસારો સુકીર્ત્તિ, જય શ્રય દઇ શ્રી ભયહરા !

ચંદ્રિકા.

ઉધોર છંદ. શીળી ચંદ્રિકા પ્રસરેલ,
કે શું દશન-મયૂખની[1] રેલ,
રેલે ચંદ્ર કરી મૃદુ સ્મિત?!
કે શું ક્ષીરનિધિપૂર સિત[2]?! ૧

ભાસે ધવલતા સ્વર્ગીય;
નયનાનન્દ દે અતિ પ્રિય;
છાઈ વેલ તરૂ ને ડાળ;
ધોળી સર સપાટી વિશાળ. ૨

રંગી શ્વેતતાએ દિશ;
પૂર્યું ધવલતાએ વિશ્વ;
વ્હેંચ્યો સુધા-ઘટનો સાર,
સુરે રેલી શું અમીધાર[3]?! ૩

ચાંદનીપટ ધરી શું ઝિલંત,
પ્રિય-કર-સ્પર્શથી ખિલંત,
કુમુદિની સારતી ચોધાર,

---

૧ દશન-મયૂખ=દાંતમાંથી નિકળતાં કિરણ. ૨. ક્ષીરસાગરનું પૂર ધોળું ને ચાંદની પણ ધોળી. ૩. અમૃતનો રંગ ધવલ ગણાય છે માટે ચંદ્રિકારૂપી અમૃત દેવોએ વ્હેંચ્યું હોય એમ ઉત્પ્રેક્ષા.

હર્ષાશ્રુ ધરી પતિ-પ્યાર[1] ?!   ૪

શાન્તિ સ્થાપીને ચોમેર;
પ્રેરી શીત સમીરણુ લ્હેર,
જકડી જગતને મોહ-પાશ,
વદને શું કરે અટ્ટ-હાસ ?!   ૫

ફેડે હૃદયનો અંધાર,
કરીને મુદપ્રદા સંચાર;
રેડે દિવ્ય સ્વર્ગીય ગાન;
આપે બ્રહ્મ પૂર્ણ પિછાન.   ૬

તા. ૯-૧-૦૬.

કોયલ

ચોપાઈ. ઓ ! કોયલ ! મીઠાં ગીત ગાય;
આનંદે અંતર ઉભરાય;
શોકકદન[2] સૂર અનુપમ સાર;
લલિત મનોહર મધુરી ધાર,   ૧

---

૧ કુમુદિની હર્ષનાં આંસુ સારતી તે જાણે ચંદ્ર ચાંદની રૂપી પટ પાથરી ઝીલે છે એમ ઉત્પ્રેક્ષા. ૨ શોકનો નાશ કરનાર.

રેલે ટુહૂકો ગજવી તુંય;
અભિનવ રવ અપ્સરનો શુંય ? !
હિંચતી આંબલિયાની ડાળ;
જમતી આંબાંમ્હોર રસાળ. ૨

વસંતમાં આગમન આદરૂં;
કુહૂ કુહૂ કરી રમતી ફરૂં;
વિલાસિની ! તુજને મધુમાસ,[૧]
દિયે વિવિધને રમ્ય વિલાસ ! ૩

મૃત્યુલોક લાયક તું નહિં !
કેમ વસું ના સ્વર્ગે જઈ ?
રેલી દશદિશ રસની ધાર,
કર આશાનો મધુર પુકાર ! ૪

જાન્યુઆરી ૧૯૦૬.

ગુલાબ

ચોપાઇ. રમ્ય ઋતુના રમ્ય ગુલાબ !
દિપાવશે શું મુજ ફૂલ–છાબ ?
કરમાયા સાથી તાહરા,

---

૧ વસંત.

તો શું રે'શે તેના વિના? ૧

સ્વજાતિનું નહિં પુષ્પ કહિં;
મધુર કલિ કો છે અહિં નહિં,
કે ઝિલે હર્ષામૃત સાર,
સ્વાશ્રુથી ભેળે ચોધાર.[1] ૨

એકલડું પ્યારા નહિં મૂકું;
ડાંખળીથી ના લેતાં ચૂકું;
સે'જે તુજ દળ પાંખડી પડે
(જયાં) સુગંધહીન તવ સાથી સડે. ૩

ત્યાં જઇ પ્યારા પ્રેમે તુંય,
મીઠી નિંદ્રા લેજે બહુય;
મિત્ર જતાં હું પણ આવીશ;
દુનિયાંનાં સુખદુઃખ લાવીશ. ૪

પ્રેમતણું તેજી વર્તુલ,
તેમાં રત્ન ભર્યાં અણમૂલ;
ગૂમ થતાં હું ગૂમ થઇશ;
ત્હારી પડખે સદા રહીશ! ૫

અમલ હૃદય—પંકજ કરમાય;

---

૧ ત્હારી જાતીનાં અન્ય પુષ્પો ખરી જવાથી ત્હારૂં હર્ષામૃત ઝિલવાને અથવા ત્હારા સુખ દુઃખમાં વિભાગી થવાને કોઈ અહિં હાજર નથી.

ને જ્યાં પ્રેમી પુષ્પ વિહલાય,
તવ કો વાસે આ જગ-બાગ?
(જ્યાં) આશા ભય અંકુર અથાગ. ૬

તા. ૨૩-૪-૧૯૦૬.

ગુલાબ ને મોગરાની કલિ.

ઉપજાતિવૃત્ત. સાથે વસે સંપ નહિં લગિરે,
સિંચાય જો એક નીરે સમીરે;
ઇર્ષ્યાગ્નિથી પ્રેરિત શી મતિછે!
લીલાભરી કુદ્રતની કૃતિ છે! ૧

દોહરા. દિનકર કર વેરી રહ્યો, ખિલ્યું ખુશ પ્રભાત;
શીત પવન મ્હેંકી રહ્યો, પ્રમદવને ભલીભાત. ૨

ગુલાબ ને મોગરકલિ, ફાટી ખિલી ત્યાંય:
ઉદિત સૂર્યપ્રતિ ધશી રશ્મિજળમાં ન્હાય. ૩

હસે, રમે, નાચે, કૂદે, રેલેછે નવરંગ;
ઇર્ષ્યાગ્નિ ધિકતાં થયો, રસિક રંગનો ભંગ. ૪

ઝઘડો વાધ્યો જોશમાં, પરિણામે ન પ્રિછાય;
આપસમાંહિં લઢી પડયાં, પુષ્પ લલિત પળમાંહ્ય. ૫

એક કહે, " વનરાણી હું, ફૂલરાણી પણ હુંય;
" રૂપ યૌવનમાં પણ ચઢું દૂર, જા, દુષ્ટા તુંય. " ૬

બીજી તવ વાણી વદે, " વસમાં વેણ ન ભાખ;
" રૂપ યૌવન તુજમાં કશું તુર્ત મુખેથી દાખ. ૭
" ખરશાં વેણાં ભાખ ના, કરશે કોકજ તોલ;
" સ્પર્ધા કરીએ આપણે, તવ ઉતરે તુજ છૅાલ[1] !" ૮

ઉપજાતિ ગુલાબનું પુષ્પ વદે વિકાસી,
" તુંને નથી તો મુજને તમાશી !
" સૌંદર્યનો ગર્વ ધરી રહ્યું શું?
" તેથીજ ફિક્કું મુખડું થયું શું ? ! ૯
" સૌ સુંદરી સાથ મને લિયે છે:
" રે'વા મને વક્ષઃપ્રદેશ દે છે;
" જો મુજને આ રવિ–રશ્મિ ચૂમે;
" સુધા પીને તૃપ્ત સ્વપાર્શ્વ[2] ઘૂમે. ૧૦
" કવિ મને કાવ્યમહિં ચિતારે;
" વાયુ વહી પિમળ શા પ્રસારે !
" નાચી વિનોદી બની ભેટ આપે,
" વાયુ મુને ઉરપ્રદેશ સ્થાપે. ૧૧
" કવિ રવિ લાડ મુને લડાવે;
" અંજાય તું મુજતણા પ્રભાવે;
" કીર્ત્તિ જગે મુજ ઘણી પ્રમાણી;

---
૧ ગર્વ. ૨. પોતાની બાજુએ

" હું હું મનાઉં વનફૂલરાણી ". ૧૨
વદે ધીમે મોગરની કલિ ત્યાં;
" ગઇ અલી ! આવડી તું ચળી ક્યાં ?
" સૌંદર્યનો ગર્વ શું ઉર લાવે ?
" કાચી નહિં કે અહિં તુજ ફાવે. ૧૩
" જો માંડવે વિંટલીને શિખાવું;
" પ્રીતિરીતિ જક્ત બધે પ્રિછાવું;
" પ્રચંડ કાંટા ઉરમાંહિં ધારી,
" કરૂં નહિં પ્રેમીતણી ખુવારી. ૧૪
" જગે બધે માનવિ મિષ્ટ બોલે;
" લેખાય તે સૌ મુજ બીજ તોલે;
" વેલો વધારી દઉં છાંય શીતે;
" માળી મને ધીચ્ચ ગૂંથે સુ-પ્રિતે. ૧૫
" કાંકે ચઢી મુર્ખી તને ખુમારી,
" કે આ લવે વાત વિના વિચારી ? !
" રૂપે અને રંગમહિં સમાણી;
" હું હું મનાઉં વનફૂલરાણી. " ૧૬

* * * *

ઝઘડો વાધ્યો જોશમાં, પરિણામે ન પ્રિછાય;
આપસમાંહિં લઢી પડયાં, પુષ્પ લલિત પળમાંય. ૧૭

વનદેવી ફરતી હતી, નિજ ઉપવનની માંહ્ય;
ચરચા જોવા કારણે, આવી પૂગી ત્યાંય. ૧૮
"લઢો નહિં આપસમહિં, વૃથા પ્રથાને કાજ;
"કારણ કહો તકરારનું, ન્યાય પતાવું આજ." ૧૯
બંને પછી ત્યાં બોલિયાં, ઉભરા કીધા શાંત;
વનદેવી ઇન્સાફ દે, ભાગે બેની ભ્રાંત. ૨૦

આકાશથી ઝાકળ જો સરેછે;
દેવી સુધાશાં વચનો ઝરેછે;
બંને સખીને બહુ શાંત પાડી;
સ્નેહીતણો પંથ ધીરે સુઝાડી. ૨૧
"રહો ! તમો બે બની રાણી બાગે,
"જ્યાંહાંસુધી તૃતીય કો ન જાગે;"
અદ્યાપિ તે બે મૃદુ પુષ્પવાદી
બેસે કરી સુંદરીગાલ–ગાદી. ૨૨
તેથીજ સૌ સુંદરી રમ્ય ગાલે
ગુલાબી કૈં મોગરરંગ મ્હાલે.[1]

૧૯૦૬.

---

૧ વનદેવી ઈન્સાફ કરેછે કે જ્યાંસુધી કોઈ ત્રીજો હકદાર ઉભો ન થાય ત્યાંસુધી ગુલાબ ને મોગરાની કળી બંને રાણી તરીકે રાજ્ય ચલાવે; ને તેથીજ તેઓ સુંદરીના ગાલ રૂપી ગાદી પર બેસે છે. ગાલ ઉપર ગુલાબી તથા ધોળો રંગ હોવાથી ઉત્પ્રેક્ષા.

ચંદા.

ગરબી. ખિલી ચંદા હુંય સ્વચ્છન્દા ગગને રાજતીરે,
છબીલી છાજતીરે, ખિલી૦
શ્વેતાંબર પરિધાન કરીને;
સકળ વિશ્વદુઃખઓઘ હરીને;
લટકે લલના લ્હેરી ચિત્ત લોભાવતીરે;–છબીલી૦ ખિલી૦ ૧
તરવર સરવર ગિરિ ગુહાને,
શાન્તિ સમર્પું શાન્ત થવાને;
કંથ વિયોગી કામિની ચમકાવતીરે;–છબીલી૦ ખિલી૦ ૨
ત્વરિત જલદ ઝલકાવે મ્હોઢું;
રૂપેરી પાલવડો ઓઢું;
કંકણ કરપતિભક્તિ વિલસી વિંજતીરે;–છબીલી૦ ખિલી૦ ૩
ધવલ ગંગસરિતામાં ન્હાતી;
મદભર ગતિમંદા મલકાતી;
પાતી સુધારસ સાર મદન મન પ્રેરતીરે;–છબીલી૦ ખિલી૦ ૪
સત્ સ્નેહીશ ચકોરજ મ્હારો,
પળે ન પળ પણ દૂર બિચારો;
પ્યારો બાંધ્યો પ્રેમતણી ગ્રંથી વતીરેઃ–છબીલી૦ ખિલી૦ ૫
સંયોગી સુખમાં ધરનારી;
વિરહી દવમાં દેતી પ્રજાળી;

બાળી વિરહે વિનવે વલ્લભ ચંતથીરે:-છબીલી૦ખિલી૦ ૬

'દિવ્ય કુમુદિની મૃદુ કરસ્પર્શે;
સત્વર સ્નેહસરિતમાં તરશે;
આદરશે અનુરાગ અતિસ્મિતહાસ્યથીરે:-છબીલી૦ખિલી૦ ૭

શોકાનલ શામાને આપ્યે,
તનમાં ક્ષય વૃદ્ધિ દ્વય વ્યાપે;
તદ્વત્ શિક્ષા દેતી અમર કો જગે નથીરે;:-છબીલી૦ખિલી૦ ૮

બગિચો.

તોટક. જળધાર પડી જળકુંડી મહિં,
વિધ પુષ્પદડા નચવેજ તહિં;
કૂદી ઉપર આવી નીચે ગબડે:-
જનમી મરવું સત વાત, ખરે! ૧

વળી ઉચ્ચ અને નીચ યોનિ વિષે,
પ્રિય જીવ જગે જનમીજ જશે.[1]
જળની સ્વચ્છ ધાર વહેતી જતી,
જયમ કોવિદ[2] વાણી સુધા સરતી. ૨

---

૧ જળની કુંડીમાં નાંખેલા ફૂલના દડા, જળધાર પડવાથી ઉપર અને નીચે આવ જાવ કરેછે તેમ પ્રાણી નીચ અને ઉચ્ચ યોનિમાં જન્મેછે અને મરેછે. ૨. પંડિત.

જળબિંદુ પ્રહારથકી ન ખસે,
પ્રીતિઅંધ બની મકરંદ ધસે;
લવલેશ લજ્જા જનની ન ધરી,
ચિત્ત કામી રહે વિષયોશું વરી. ૩

ભ્રમરો ભમતા ફૂલપુંજ પરે,
ગ્રહી પાઠ પ્રિયા પતિપ્રેમ ધરે;
અલિ ગુંજી વસંતનું ગાન કરે
નિજ રાયનું રૈયત ધ્યાન ધરે. ૪

પ્રિય નાથપ્રતિ સરપક્ષ જુવે,
હશી હર્ષથકીજ ઉદાસી ખુવે;
પ્રમદા ત્યમ પ્રિતમને નિરખી,
પ્રફુલ્લિત રહે ઉરમાં હરખી. ૫

નિશદિન કુમુદ કુસુમ ગતિ,
ઉદયાસ્ત સુબોધ દિયેજ અતિ;
વળી ઈન્દ્રધનુઃ નભમાંહિં છૂપે,
જગસુખ ક્ષણિક ચુની સૂચવે. ૬

૨૨-૧૨-૧૯૦૪.

કમળોક્તિ.

વસંતતિલકા ખિલ્યાં સરોવરમહિં કમળો સુ કેવાં!
સોનેરી રંગ મનહારી, રૂપેય તેવાં!*
ભાનુપ્રતિ પ્રિયતમાસમ તે નિહાળે,
ખુશી બની હૃદયનો સહુ શોક ટાળે. ૧

ઉચું કરે વદન નિજ વિલાસી વ્હાલે;
સામે ધશી હશી વશી પ્રિયકૉલ આલે;
વાયુથકી નીચ નમી સતકાર દેતાં;
ખુશાલિમાંહિં પ્રણુમી ખુશ વાત કૂહેતાં:- ૨

'રાત્રિ ગઈ તમતણા શત કીધ ખંડ!
'વ્હીલી થઇ કુમુદિની, ઉગિયા પ્રચંડ!
' ટાળ્યાં દુઃખો દીનતણું પૂર છો કૃપેશ;
' આવી પ્રકાશી કીધ સર્વ સ્થળે ઉજેશ. ૩

' સૂતાં અમો રજનિએ સહુ ધીર હારી;
' કુમુદિની કરતી હાંશી હશી અમારી.[૧]
'બાળી દીધાં સદનમાં નવ શોક માયે;

---

* ઉગતા સૂર્યનો પ્રકાશ પીળો હોય તેથી કમળનો પણ તેવો.

૧. ગઇ કાલની રજનિએ તમો વળ્યા એટલે અમે કરમાયાં, ને ચંદ્ર ઉગ્યેથી ખિલનારી કુમુદિની અમારી હશીને મશ્કરી કરવા લાગી, કારણકે તે સંયોગિની બની હતી.

'વ્હાલા તણો વિરહ કેમ સહ્યોજ જાયે?' ૪
વીતી કહી ગત ભણી તવ મૌન ધાર્યું;
રશ્મિસુધા ગ્રહણવા મુખને પ્રસાર્યું.
રિઝ્યા પતિ લઇ લીધાં નિજ શર્ણુ માંહે;
સારે મનોર્થ સવિતા પ્રમદાતણો ત્યાં. ૫

સંધ્યાસમય.

વસંતતિલકા.

વૃક્ષોની ડાળી મહિંથી મધુરૂં સુણાય,
ગાણું વિહંગ શુક સારસ આદિ ગાય;
મેના મીઠી મૃદુ રવે ગીત જો ગજાવે;
વાયુ વહી પ્રણયગાન વધુ દિપાવે. ૧
પ્રેમી પિયુ સમય સાધી પ્રિયા સજોડે,
અન્યોન્ય નાંખી કર કંઠ રમંત કોડે;
ધીરા મરૂત[1] સરકંજ પરાગ ખેંચે;
પામે સુતૃપ્તિ કલહંસ સુવાસ સિંચે. ૨
નિધિ સરિત ધ્વનિ દે મન મોદ ભારી;
મોજાં વડાં ઘુઘવતાં બળને પ્રસારી;
પુષ્પિત રોપ મલયાનિલથી રિઝાયા;

૧ વાયુ.

ભૃંગો પડી કમળપાશ દુઃખે દબાયા. ૩

આકાશમાં કનક–તારલિયા ઝગંતા;
દેખાય ક્યાંહિં તરતા કંઈ જો તગંતા
નિધિપરે ભુખરરંગ દિપે રસાળો;
પત્રો સુકોમળ પરે પ્રગટેલ કાળો. ૪

અભ્રે ઉદિત શશીથી હળવે ગળાયું;
સંધ્યાનું તેજ તિમિરે જઇને સતાયું;
વિવિધ રંગ નભદેશથી અસ્ત પામ્યા;
યૌવન્ન ધન્ન મદપેર ક્ષણે વિરામ્યા.[1] ૫

તા. ૨૬–૪–૧૯૦૫.

ઋતુનું ગીત.

હરિગીત. ઓ વ્યોમના વિશાળ ઘુમટની તળે ઓ કુદ્રતિ !
પ્રતિ જીવતા પ્રાણીતણી તું જોડ ઇશ સ્તવવા મતિ;
સહુ સાથ ઉરઉર્મીથકી આ ગાન મધુરૂં ગાજતાં.
તમ તાજુણીમાં અંશ જેનો છે ભરેલો, રાચતાં ૧

રવ મૃદુ કરતા વાયરા ! "તેને*" વહો ગભીરાઇથી,
રે ! ગાઓ તેનાં*ગાન એકાન્તે વધુ નરમાઇથી;
જ્યાં ખડકપર ઝુલતા તરૂની ભૂરી છાયામાં ભળે

૧. સંધ્યાના રંગ યૌવન તથા ધનના મદની પેઠે ક્ષણિક છે.

કંઇ ધર્મની ગાંભિર્યતા જેને વિરલ જન કો કળે. ૨

રે ! તમે ! જેનો ઉચ્ચ નાદ સુણાયછે દૂર દેશમાં,
જે જગત વિસ્મિતને પ્રૂજાવો, ઉંડો અભ્રપ્રદેશમાં,
તમ પાંખપર વહી ગાન આ મીઠું અને શુદ્ધ પ્રેમનું
નેવદોમહિમા"કયાંથીતમનેતત્ત્વમળિયુંતેમનું*?"૩

ઓ નદી ! વ્હેતાં વ્હેળીયાંઓ ! તેની*કીર્ત્તિ ગર્જજો;
વિચાર–માળા ઉર ધરી ફરતાં તીરે કર્ણે જજો.
ઓ ! જોશવંત, ત્વરિત ને ઉંડાણુવંતા નિર્ઝરા !
ઓ ! પૂર પાણીનાં કરંતાં ભેજવાળી ખીણ ધરા! ૪

ઓ ! ભવ્યસાગર ! ગુપ્તભૂમિઆશ્ચર્યની રહી તુજમાં;
તેની*વિભૂતિ દિવ્ય જે કરજો પ્રદર્શિત જગતમાં;
જે વિભુના ફરમાનથી નિશદિન ઘુઘવતાં તમે;
વળી જેની ઇચ્છામાત્રથી ઘોંઘાટ તમ ગાઢો શમે.૫

એપ્રીલ ૧૯૦૫.

સરિતા.

ચોપાઈ. ' રે ! કહે તું સુંદર સરિતાય !
' જળ નિર્મળ ત્હારૂં કયાં વ્હાય ?
' મૂળ કયાંથી તું વ્હેતી સતિ?

* એ સર્વે ઇશ્વરને માટે મૂકેલાં છે

'વિચારગ્રસ્ત ધીમી છે ગતિ.'

દ્રુતવિલમ્બિત. 'જનમભૂમિ ગિરિમહિં મ્હારી'તી
'શ્રવણુની ઝડીઓ મુજ દાઇ'તી;
'નવીન માનસ પારણું પોઢવા;
'લલિત સુમન દે' ચક ઓઢવા. ૨

'સમય સાધી હું તો વચકી ગઈ
'મનુષ ઉદ્ધતશું–નદી થૈ રહી.
'રમત તે દિનમાં ઘણી હું રમી;
'નીચલી બાજુથી ટેકરીની ભમી. ૩

'તવ પછી ખીડના તીરમાંહિં જો;
'સુમન સાથ રમી નખરેથી તો;
'ચકિત કોરથી તેજ નીચાં નમ્યાં;
'લગન મંડપશું મુજને ગમ્યાં. ૪

'નૂતન નાટક છે પૂરૂં આ થયું;
'તિમિરશું જળ આ જતું રે' વહ્યું;
'ઉદધિ ભીષણુ હું રવને સુણું;
''મરણુ દિવસ નિકટ' એ ભણું[૧].' ૫

એપ્રિલ ૧૯૦૫

---

૧. સરિતાનું ઉદધિમાં સમાવું તે તેનો મરણુ દિવસ.

માલિની.[1] શશધર સરિતાનું, ઉર વારિમહિં જો;
નીચ નમી નમી ન્યાળે, શુચિ પારેખ તેતો;
ઘડીભર વિરમીને, 'હર્ષની વેણુ વા'તી,'
નિજ મનપ્રતિ પૂછે, 'ક્યાં હશે તેહ જાતી ? ૧
'ધવલ વિચિ રૂપેરી જોશમાં ફેંકી દૂરે;
'ધસમસ સુસવાટે, ઘોષ ગાઢાથી શૂરે;
'વન વન ગુપ છૂપે, ચોરની વૃત્તિવાળી;
'ખરફ કિરણ મ્હારાંથી દિસે સુ-રૂપાળી; ૨
'નિજ પીઠપર પુષ્પો, મૃદુ તેને વહંતી;
'વહી જતી પલકારે, ગંભીરા ગુણવંતી;
'તરૂવર ધીચ ઝાડીમાંહિં ક્હેતી પ્રવેશે:-
'"જતીજતી અહિંજોઉં, કંથનોપંથ દિસે!?" ૩
'ગિરિવર યદિ નાંખે, વિઘ્ન માઠાં પથેજો,
'તૃણ પણ નહિં લેખે, ધૈર્યવંતી ધીરેતો
'નિશદિન નીર વ્હેતી, વિભુકીર્ત્તિ ગજાવે;
'પુનિત કરીજ સ્પર્શે, સ્વર્ગમેવા સ્રજાવે. ૪

* * * * * *

* * * * * *

---

૧. ચંદ્રનું બિંબ સરિતામાં પડવાથી તે જાણે તેના હૃદયમાં પેશી શિયળની પરિક્ષા કરતો હોય તેવી કલ્પનાનો તથા તેને થતા વિચારનો આ કાવ્યમાં સમાવેશ કરેલ છે.

'ઉર અનહદ હર્ષે મોકળે જો વળંતાં,
'નૃત્ય કરી જયમ ન્હાસે, ચોર મુક્તિ મળંતાં,
'ધીરી ધીરી સરી આવે, નાચતી એ નવોઢા,
'તમમય શયનેથી, ઘોષ પ્રેમેથી પ્રૌઢા. ૫

'ગજગતિ ગણી ચાલી, વેગ ખીણે પ્રસારે;
'રસ બસ કરી ક્ષેત્રો, વારિનો ઓટ મારે;
'જયમ નવ યુવતિ કો, પિતુગૃહેથી જાતી,
'પ્રથમ પીયૂષ પીવા, પિયુપાસે લજાતી; ૬

'નવ નીરવતિ નારી, લાજમાં જાય ઝાઝી,
'કૃતકૃત્ય પુર થાવા, ઉદધિકંઠ બાઝી;

* * * * * *

'તમરી કીચક આદિ, ગાન મીઠું ગજાવે;
'"સુખદ સમય આવે, ભેટશે બે", જણાવે*'. ૭

માર્ચ ૧૯૦૫.

વસંત લહરિ.

તોટક. ખિલી ખૂબ વસંતજ ચિત્ત હરે;
મનરંજન આન વિહંગ કરે;

---

* તમરાં તથા વાંસનો નાદ તે જાણે સરિતા સાગરને ભેટ થતી વખતનું ગીત.

તરૂ છોડ લતાઓ ઝુમીજ રહી;
બહુ બ્હેંકી રહેલ પરાગ અહિં. ૧
અલિ અંબુજમાં થઇ મગ્ન રહ્યો;
ગગને શીત ઇન્દુ પ્રકાશી રહ્યો;
શીત મન્દ સમીરની લ્હેર ઉડે;
સુખ શાન્તિમહિં સહુ જગત બુડે. ૨
વળી પુષ્પધનુષ સ્મરે* ધરીયું;
રતિપાસ ક્રીડાકૃત્ય આદરીયું;
પિયુ સંગ ચહે પ્રિય પત્નિ તણો;
અતિ ચંદન લેપન હર્ષ ઘણો. ૩

ચંદ્રિકા

ચોપાઇ. વિરમી વ્યોમ સંધ્યા સુંદરી;
જો આવે પેલી કો પરી;
વિરલ તારલા ભૂષણ સાર[૧],
ચતુર ચંદ્રથી બાંધ્યો પ્યાર. ૧
રૂપ અનુપ ને ઉજ્જવળ અંગ;
મંદ સમીર શીતળતા સંગ;
ગમન પતિની પાસે કરે;

---

* સ્મરે=કામદેવે. ૧ ચંદ્રવાળી રાત્રિ તેથી તારા આછા આછા હોય.

પિયુ વિના ડગ એક ન ભરે. ૨

હરનિશ રહેતી મુખડું જોઇ;
પતિ પ્રેમમાં રહે ચિત્ત પ્રોઇ,
પ્રેમી સમક્ષે નાચે રમે;
પળ એકે વિયોગ ન ગમે. ૩

એવી કો આવંતી ભામ;
ચપળ "ચંદ્રિકા" મનહર નામ;
કોણુ ગ્રામ કયાં તેનો ઠામ ?–
ધવલ રંગથી રંગ્યાં ધામ[1]. ૪

ઓ ! આવી પૃથ્વિ પર પડી;
પતિપદપંકજ ચૂમે ઘડી;
પૂજ્ય સાસુજી[2]ની ચાકરી,
કરે સુકુલ–વધુ ધર્મ ધરી. ૫

મલિન કૃશ સાસુનાં અંગ,
ધોતી દુગ્ધથી ધરી ઉમંગ;
સુરત સુમનની કલિકા પરે,

---

૧ દિશાઓ. ૨. ચંદ્ર પૃથ્વિની આસપાસ ફરે તેથી ચંદ્ર પૃથ્વિનો દીકરો. એટલે પૃથ્વિ ચંદ્રની માતા. સૂર્યના તેજથી ચંદ્ર ચળકે છે માટે સૂર્ય તેનો પિતા. પૃથ્વિ સૂર્યની આસપાસ ફરે છે તે જેમ સુંદરી સ્વામીની પ્રદક્ષ-ણા કરતી હોય એવી ઉત્પ્રેક્ષા કરી સૂર્ય પૃથ્વિનો સ્વામી કલ્પ્યો છે. આથી પૃથ્વિ ચંદ્રિકાની સાસુ તથા સૂર્ય સસરો.

જયાં કર કોમળ તેનો ફરે. ૬

વદન વિકાશી ઉચું કરે;
કંથ સમીપે તે લઇ ધરે;
વળી વિનવે, "લ્યો સુંદર શ્યામ !
" સ્વલ્પ ભેટ હ્રદયાના રામ !" ૭

સરિત–તરંગે વ્હેતી જતી;
પૅાષ ભરી અંજલી આપતી;
પાય પતિના પ્રેમે ધુવે;
અમીરસ ભરી આંખડીએ જુવે. ૮

ચઢી શૃંગ શિખર તરૂ પરે;
કંથ ભેટવા કોડજ ધરે;
પણ વારી મન રૂહે ત્યાં ઠરી;
શરમ વૃદ્ધ સાસુની જરી*. ૯

નિધિજળવિચિ સહુ નાચંત;
વૃક્ષ ડાળી પર ચઢી હીચંત;
એમ રમંતાં થાકી જાય,
પુલિનશય્યા પર સૂઇ જાય. ૧૦

---

* ચંદ્રિકા ઝાડ તથા શિખર ઉપર છવાય છે, તેથી તે જાણે પોતાના સ્વામીને ભેટવા આકાશ તરફ માર્ગ કરતી હોય એવી કલ્પના. પણ પૂજ્ય સાસુની સમક્ષમાં એવું કાર્ય કરવાનું ઉચિત નહિં લાગવાથી તે ત્યાંજ ઠરે છે.

સુષુપ્તિમાં પણ પતિને સ્મરે;
પંથ કંથનો તે અનુસરે;
ઉંઘી ઉઠીને જાગી જોય;
"જો પુકારે પેલું કોય. ૧૧

"અન્ય ન્હોય એ કુકડા સાર;
"શ્વસુર મ્હારાના ચોપદાર;
"આવે તેની દિયે વધાઇ."
એમ કહી ઉભી થઇ ત્યાંહિં; ૧૨

છલંગ ભરી ચેતાવ્યો નાથ;
પતિ બાથ લઇ ઝાલી વાટ;
લાજ તાણી ગૌરાંગ પરી;
નભ-ચક્રમાં ગઇ સદ્ય સરી. ૧૩

તા ૧-૫-૧૯૦૬

સૂર્યાસ્ત.

માલિની. ગગનસદન ત્યાગી, ચાલતો દિવ્ય ભાનુ;
લલિત કનકકેરી થાળી કે, ભાનુ માનું ?!
અટણ રટણ ઝાઝું, વ્યોમમાંહિં કરીને
પદ ગૃહપ્રતિ પ્રેરે, ચિત્ત શાંતિ સ્મરીને. ૧
ફરી ફરી ગિરિપૃષ્ઠે, થોભીને શું નિહાળે?

કમળવદન પ્યારૂં, કોમલાંગીનું ભાળે.
કિરણ સુ–રસ સિંચી, પાઠવે છે પ્રિયાનેઃ–
" બન નહિં દુઃખિઆરી, શોક શેંથી તું માને? ૨

" અવર દિવસ ઉગ્યે, ભેટું હું આવી ભાવે;
" નયનથી શીદ ખેરે, આંસુ?થા શાન્ત હાવે."
રિઝવી રસિક હર્ષે, લાલ ગુલાલ વેરે;
જલધર તરૂ હોંશે, રક્ત વસ્ત્રો શું પ્હેરે? ૩

નભતલપર રંગો, પશ્ચિમે છે વિરંગી;
કનકમય શું સોહે, શૃંગની શ્રેણી જંગી?
સુરપતિ શું પધારે? સાથીયા આ સજ્યાછે?
શચિપતિ નહિં; સંધ્યા; ભાવ એવા ભજ્યાછે. ૪

ઉભય ઉદય અસ્તે, સૂર્યનો એક રંગ;
વિપદ સુખદ કાળે, ધીર અંગે ઉમંગ.
સુરઅરિ ઘુડઉરે, પ્રેમ સાનંદ ભાસે;
વિરહવ્યથિત જોડું, ચક્રનું પૂર ત્રાસે. ૫

કુમુદિની પતિ દીઠે, રાચતી રંગજંગે;
વિરહિણી સતિ દુભી, કેર કીધો અનંગે;
તિમિરવસન વિંટી, ભૂમિ શોકે સમાઈ;
સુરથી પ્રણયપ્યાલો, ના પીધે શું વ્હીલાઇ? ૬

ઉદધિ મધુર હાસ્યે, પોયણીકાન્ત પ્યારે;

અમળ સબળ સ્નેહે, વિચિ-ભૂજા પ્રસારે;
દિન-દીપ*નમી જાતાં, સૂર્યમુખી મિંચાતાં;
રસનું વહન વાર્યું, સૂર્યકાન્તે હિઝાતાં. ૭
ધવલ ગગનગંગા, વ્યોમમાંહિં વિકાશે,
શશધર મુખ ધોતો, વારિમાં એમ ભાસે !
સર તરવર ભેટી, મંદ વાયુ વહેછે;
પરિમલ મૃદુ કેવા, પુષ્પનાં પ્રેરી ર્‌હેછે. ૮

જુન ૧૯૦૫.

વૃક્ષ

ગરબી. આ નિર્મળ જળ તીર વૃક્ષ, શુભ શોભેછે રે;
વિભુ અકળ વિભૂતિ ચિતાર, ચિત્ત લોભેછે રે. ૧
મમ મન હરનારૂં તેહ, રંગે લીલુંરે;
છે કુદરતની રચનાય, અદકું રસીલુંરે. ૨
સાખી. ઘેલી વેલી બાથમાં લઇને કેલી કરંત;
રેલી રંગ નવા નવા, સ્નેહ સુધાય ઝરંત. ૩
જેમ પ્રિતમ પ્રેમી દિદાર, નાર નિરખીનેરે;
વળી પીને અધરરસપાન, ર્‌હે હરખીનેરે; ૪

* સૂર્ય. (Lamp of the day.)

રહ્યા પત્નિપ્રતિ પતિધર્મ, તેહુ એ જણાવેરે,
પ્રીતિ નીતિ રીતિના પાઠ, રસિકને ભણાવેરે. ૫
સાખી. ગાલીચો લીલો બન્યો, વેર્યાં વિધ રંગ ફૂલ;
નભપટ ચંદરવો જડયો, ચિત્ર તારલા તુલ્ય. ૬
કદિ ગાયે મૃદુ સ્વરે ગાન, વાયુ પ્રેર્યુંરે;
જોડી ડાળીશું ડાળી અનેક તાળી લે અધીરૂરે; ૭
વાટે જાતા શ્રમિત પાન્થલોક તેને નિમંત્રેરે;
આપે અંગ રંગ અધિકો આરામ,છાઇ નિજ છત્રેરે. ૮
સાખી. સહસ્ર ભૂજા સમ ડાળીઓ, વિખેરી તરૂરાજ !
સહસ્ર પત્રનેત્ર દીપે, જેમ સ્વર્ગ સુરરાજ !* ૯
વળી કો દિ ઝાકળજળથી તે હર્ષઅશ્રુ ગાળેરે;
સરે મોતી રૂપ બિન્દુ અનુપ, પત્રનેત્રઢાળેરે; ૧૦
ચાંદની દુગ્ધસમીમાં ચંદ્ર ઝબોળેરે;
સુધાકર સુધાસાર, તેનીપર ઢાળેરે. ૧૧
સાખી. ક્ષણું ક્ષણું પત્ર નચાવતો, પવન નૃત્યઆચાર્ય;
તદ્વત્ જનમન નાચતું, અદ્‌ભૂત વિધિનું કાર્ય ! ૧૧
આવી વસંત મનહર માસ સાજ સજાવેરે;
ઋતુ વર્ષા માતા લાડ લક્ષધા લડાવેરે. ૧૩
પયપાન કરાવે પ્રીતે પયોધર ધરીનેરે[1];

---

* ઈંદ્રને હજાર આંખ છે ને વૃક્ષને પત્રરૂપી હજાર આંખ.

૧ વર્ષાને વૃક્ષની માતા કહી છે. પયોધરનો અર્થ માતાની સાથે લેતાં સ્તન અને વર્ષા સાથે લેતાં વાદળાં ગણવો.

પી તૃપ્ત તરૂ ! તું થાય ઉદર ભરીનેરે. ૧૪

સાખી. ગગનપ્રતિ ગરજી ઘણું, વિભુ વિનવે અભિરામ;
પ્રભુપ્રભુતા ધરી ભૂપરે, ઠર્યું તેહ આ ઠામ. ૧૫
પંખીનાં જોડલાં વિશેષ કુક્ષમાંહિં ત્હારીરે;
રહે સંપીને જંપી જરૂર શાન્તિ સુ–પ્રસારીરે; ૧૬
કદ ત્હારૂં ઘટાટોપ વૃક્ષ ! પ્રૌઢ ગિરિ જેવુંરે;
ઇંદ્રહસ્તિ કે મેરૂ મંદાર ભાસ્યું એવુંરે. ૧૭

૧૭-૪-૧૯૦૫.

વાદળી.

ગરબી. જળ તરસ્યાં ફૂલડાંને માટે માવઠાં
તાજાં સાગર સરિતાથી લૈ સારતી,
મધ્યાહ્‌ને પત્રો મીઠી નિદ્રા લિયે,
મંદ શીળી છાયા તેપર હું ધારતી. ૧

ઝાકળબિંદુ મુજ પાંખોમાંથી ખરે,
દરેક મૃદુ કળી જેથી જગવું જાણજો;
માની છાતીપર જ્યારે આરામ લે,
એક મહિંથી નાચી રિઝવે ભાણજો. ૨

કઠિણ કરાનો સોટો સબળ હું ફેરવી
શ્વેત બનાવુ લીલાં વન ઉર્વી રસું;

વૃષ્ટિમાં ફરીથી તેને ઓગાળતી
મેઘગર્જનામાંથી સરૂં તવ હું હસું. ૩

આ શિરોબિંદુથી બીજું ત્યાંસુધી;
પૂલ–આકૃતિ ધરીને ઉદધિ માથે ઠરૂં;
સૂર્યકિરણુથીબચવાજયમહોઉમાંડુવો,
જેના સ્થંભ ગિરિ રૂપ એવું આદરૂં, ૪

ઉષ્ણુકટીબંધે બેસણું સુરનું મઢું;
શશીગાદીને મોતીમેખલાબંધજો;
જવાળમુખી ઝાંખા, તરેતારાગોળમાં,
યદિ વાવલિયા મમપટ્ટ કરે નિર્બંધજો. ૫

પૃથ્વિની ને જળની ફુહાવું દીકરી,
વ્યોમતણું હું વ્હાલું ન્હાનું બાળજો;
જલધિ ને નીરતીરનાં છિદ્રોથી વહું,
રૂપ ધરૂં નવલાં પણુ નહિં મુજ કાળજો*. ૬

મે. ૧૯૦૫.

વર્ષા ઋતુને રાજ્ય ચિન્હોનું સામ્ય.

મંદાક્રાંતા. વિદ્યુલ્લેખા–કનકલિપિથી શોભતો અભ્ર–પટ્ટ;
વિંઝે વા મંજરીચમરથી નિચુલો દઢ ભક્ત;

* વાદળી અનેક રૂપ ધરે છે. છતાં તેનો કાળ નથી. આકાશમાં વાદળી રૂપે ને પૃથ્વિ ઉપર જળ રૂપે ભાસે છે.

મોરો બોલે, મધુર ધ્વનિથી, ઘર્મછેદેથી ભાટ;
ધારા રૂપી, ધનદ વણિકો, શૈલ છે મુજ માટ. ૧

ઉપવન બહાર.

લાવણી. વન ખિલ્યાં વિવિધ પ્રકાર રસિક રઢિયાળાં;
અમૃતમય સોહે સાર, લીલાં હરિયાળાં. ૧
ઋતુરાજ વસંતની પાસ, મદદ માગે છે. ?!
લેવા મનમથની સાહ્ય પાય લાગેછે. ૨
વળી યાચે કુમુદિનીનાથ, કુમક કંઈ કરવા;
અબળા ઉર કોમળ, ઉગ્ર મદનશર હરવા. ૩
કોકિલ કૂજે, ગુંજે ભ્રમરા, ભમરાળા;
ટીહૂ મોરલિયા ટીહૂકાર સતાવે બાળા. ૪
વિલોલ લોચને મૃગ હરિણાક્ષી નચાવે;
મંજરી આંબાતરૂ, જંગ અનંગ મચાવે. ૫
મકરંદમધ, ફૂલપ્યાલે, પીતા ભ્રમરા;
હશી કંજ સવિતાનાથ કરંતાં નખરાં. ૬
ચંપક સુ-વર્ણે છકી હુંપદ મન લાવે;
"નહિં ભૃંગમાન" કહી અવર કુસુમ ધમકાવે. ૭
રસવેલી ભીંડી બાથ નાથ આલિંગે;

રસરસિકા રસિયારાજ હૃદયસરશા લૈ. ૮
૫ જાન્યુઆરી ૧૯૦૬

વર્ષા.

વસંતતિલકા. ઉંચે ઠર્યાં જલદ જબ્બર દિવ છાયું;
ઠંડા પડયા મલયના સુખદાઇ વાયુ;
મીઠી કહિં અનિલલ્હેરી સરી સુવાસે,
તૃપ્તિ દિયે સરવ શાન્ત દિગન્ત ભાસે. ૧

આવ્યા ચઢી વિજયવંત નભે શું મેઘો ?
અંગે ધરી કવચ શ્યામ દિપંત દેખો;
પ્રેર્યા સુરે અસુરઘાતક સૈનિકો શું ?
ટોળે કર્યા સુભટ વ્યોમરણે અહા શું ? ૨

ઓ! આઅહિં નભસમાંહિં ધમાલ ચાલી;
સેનાપતિ સુરપતિ તણી હાક ધારી;
દોડે વીરો કર ગ્રહી કહિં તોપ તાતી;
ઓ ! એકરે ! ટૂકડી વાદ્યસૂરો શું ગાતી? ૩

સેનાનીએ શુભ સજ્યું પચરંગી બાણ;
ધાર્યું, "કરૂં અસુર સૈન્યતણો હું ઘાણ."
ઉભું રહ્યું દળ બળે અતુલ્લિત ભારી;
ઢાંકયો રવિ, રજનિ શુંય જગે પ્રસારી?! ૪

અંધારથી દશદિશા થઇ ધુંધવાતી;
કોકિલ વૃક્ષપર "પિયુ" વદી હિંઝાતી;
ટીહૂ ટીહૂ મયૂરવૃંદ વને કરે છે!
જાગ્યો રિપુ ગણી ભયે મૃગરાજ રૂહેછે! ૫

શરત્ ચંદ્રિકા.

પુનમચાંદ ખિલી સજની રજનિ આજ ઘણી રળિયામણીરે;
નીનો રાગ. ઉગ્યો વ્યોમમહિં શશી પોયણીકેરો કાન્ત
શાન્ત સમીરલહરિ દે ચિત્ત શીતળતા ચોગણીરે;
સાખી. રત્નજડિત આ ચોકમાં, મળ્યું સખી! શુભ વૃંદ;
વ્હાલ વિનોદ વધારવા, રિઝવવા પતિચંદ.
આહા! આલિંગે ચંદ્રિકા ચંદ્ર પ્રકાશમાંરે,
કેવી અર્પે પ્રેમે સ્નેહસુધાનો જામ,
જોડી નયન ઉભય શાં ચંદ્ર સ્મિતાનનહાસ્યમાંરે. ૧

સાખી. સરકાન્તિ કુંજે દિપે, પુષ્પ મૃદુલ પરાગ;
શિયળવેલથી સુંદરી, દિપાવે જગબાગ.
રહો શાણી સહીઅર પતિતણા સુસાથમાંરે,
કરો નવ પરનરશું એકાન્તે કૈં ગાથ,
ચહો મન ચુંબન્ પ્રિય જીવનના સંગાથમાંરે. ૨

સાખી. કંથ કંઠકનકાભૂષણુ, હૃદયહાર ભરથાર;
નયનમણિ નવ યૌવના ! સદન શુભ શૃંગાર.
વાસો મનમંદિરે રસમોહનમૂર્ત્તિ તમેરે;
પૂજો રેલી પ્રેમ–સરિતા ગંગતરંગ,
યાચો અમીદૃષ્ટિ કે સ્મરઅગ્નિવૃષ્ટિ શમેરે. ૩

સાખી. હસ્તકમળ ચૂમી સખી ! ચાંપો કોમળ પાચ;
રતિરસથી સતિ ! રોળતાં, કીર્ત્તિ શ્વેત પમાય.
વદે વેણુ સુધાસમ હશી હરિવદની ઉરથીરે;
ધરે વદન–કમળપર પ્રિતમનું સ્નેહનૂર
એવી ચતુર ચંદ્રિકા રૂહો જગમાં ભરપૂરથીરે. ૪

મે. ૧૯૦૫.

ઋતુ વર્ણન.

હેમંત.

દોડિ. સખી ! શીત રતે ધનિકને વસાણાં;
વિરહી ઠેલતાં ભરેલ ભાતભાણાં;
ઝાડ પાન હિમથી બન્યાં નમાલાં;
યુગલ પીન સુંદરીસ્તનો હુંફાળાં. ૧
વધે કામજઠરઅગ્નિનો પ્રકાશ;
શોખિનો વિવિધ આદરે વિલાસ;

નિશિનારી વૃદ્ધ જોઇ ચંદ્ર હીન;*
જતો આથમી તુષારથી મલિન. ૨

રજનિ કામતૃષા સહુ સુદીર્ઘ થાય;
પલક એક કલ્પ વિરહીને જણાય;
દિન દિને સરિતનીરમાં ઘટાવો;
વિરહિણીની આંખમાં થતો જમાવો.[1] ૩

મદનથી ચળેલ પવન મોહાસક્ત;
દિસે અધરક્ષતક્રિયામહિં સુ-રક્ત[2];
કમળ હિમપાતથી બનેલ રંક;
સ્હોડે પિયુ નિશે સુંદરી નિ:શંક. ૪

શિશિર.

સખિ ! પ્રાપ્ત ઋતુ રમ્ય આ શિશિર;
શિશુ પેર દિવસ ક્રમે થાય ચિર.
શીતપીડિત લાલ લોકનેજ હેવા,
કરે કુચમંડળોની શુદ્ધ સેવા. ૧
વિવિધ ધાન્ય ક્ષેત્રમાં રહ્યાં કપાઇ;

* રાત લાંબી હોવાથી, ચંદ્ર પોતાની રાત્રિરૂપી નારીને વૃદ્ધ થયેલી માની ખેદ કરતો આથમે છે. ૧. સરિતામાં નીર ઘટે છે પણ વિરહી સ્ત્રીની આંખમાં નીર વધે છે. ૨ ઠંડીથી હોઠ ફાટી જાય છે, માટે અત્રે કામાતુર પવન અધરક્ષતક્રિયામાં રક્ત છે એમ કહ્યું.

ફ્હોલે મધુર શેલડી રહી પીલાઇ;
ફાગ રાગમાં રસિક મૃગનેણી,
રમે પિચકારી ડારી પિકવેણી. ૨

શિશિરમાં ઘણેરી પુષ્પકેરી તાણ;
બન્યાં કામિનીકટાક્ષ મદનબાણ;*
મચી રંગહેલી ચોદિશે પ્રપૂર્ણ;
ઉડે અબીલ ને ગુલાલ મોહચૂર્ણ. ૩

સુવાસિત ઘસે તેલ ને ફુલેલ;
વિરહી અંગનાનાં અંગ સહુ તપેલ;
જનો શાલ આદિ ગર્મ વસ્ત્ર ધારે;
વિરહી સર્પકંચુકી લહી ઉતારે. ૪

વસંત.

શિરિષનું ધનુષ ધારી ઋતુરાય!
અલિકુલપણછથી વધુ સુહાય!
ચૂતાંકુરશરે[1] વિરહીચિત્ત ચીરે!
કરી સાહ્ય મદનની વસંત વીરે! ૧

ચઢી આમ્રમંજરી ભ્રખી હિંદોળે,
કોકિલા શું વિરહીચિત્ત વિષ ઢોળે?!

---

* શિશિરમાં પુષ્પની તાણ હોવાથી મદન પુષ્પ-બાણને માટે કટાક્ષ બાણ વાપરે છે. ૧ આંબાની મંજરી રૂપી બાણ.

ભ્રમરરવ, સુરમ્ય પુષ્પનો વિકાસ,
તજાવે છે વિરહીપ્રાણરક્ષણાશ. ૨

સુરતસ્વેદ સાથ વિરહીપ્રાણ લેતો,
લલિત પુષ્પની પરાગ મિષ્ટ વ્હેતો,
મલયવાયુ કામિનીકુચે ટીંચાય;
ઉપવને શું તેથી મંદ મંદ વાય?[1] ૩

ચોરી સૂર્યની ભૂતિ શશી સુહાવે;
નિરખી કુમુદ સ્મિતફૂલડે વધાવે;
રસે રાતી, મદેમાતી મુગ્ધ બાળા,
રચે કરલતાથી કંથકંઠમાળા. ૪

ગ્રીષ્મ.

સખિ! ગ્રીષ્મમાં પડે અમાપ તાપ;
વિરહીનારીએ કર્યાં હશે શું પાપ?!
સૂર્યતાપ મદનતાપ બેય બાળે;
બહિર્ અંતરેથી કાયને પ્રજાળે.[2] ૧

તપે ભોમ અને વાયુ ઉષ્ણ વાય;

---

૧ સ્ત્રીના સ્તન સાથે ટીંચાવાથી પવનની મંદ ગતિ. સુરતક્રીડા કરવાથી થતા સ્વેદને હરી લેતો તેની સાથે વિરહીના પ્રાણ પણ હરી લેતો—એ સહોક્તિ અલંકાર છે. ૨ ગ્રીષ્મમાં બ્હારથી સૂર્યની ગરમી, અને અંદરથી કામનો અગ્નિ વિરહીઓને પ્રજાળે છે.

વિરહીચિત્ત વ્યજનવાતથી વિંધાય;
કમળ સૂર્યઉષ્ણુતાથકી ધૂપાયાં;
ભ્રમર-પંક્તિતણા ચક્રમાંહું છૂપાયાં. ૨

હિમગૃહે કહિંક નાચતા ફુવારા;
સુગંધી શીતળ રસે પ્રપૂર્ણ ક્યારા;
કુચગાલિચે સૂતેલ કામચોર;
જલ-ક્રીડાથી દંપતી ખુવે બપોર. ૩

નદી-હેરતણાં નીર તો સૂકાય;
શશી સ્પૃહણીય નિદાઘે[1] જણાય;
થયાં શુષ્ક ઉપવન લીલાં રસાળ;
એમ જાય વહી ભીષ્મ ગ્રીષ્મ કાળ. ૪

વર્ષા.

સખિ! સૂર્ય લિયે ભૂમિકેરી ભેટ;
દ્વેષી આભલાં ધરેછ દ્વેષ નેટ;
ભૂમિસુંદરીનું પૌઢ દુઃખ ભાળીઃ
રુવે વ્યોમ આંસુડાં અખંડ ઢાળી.[2] ૧

અભ્ર ગર્જના કરે ઘણી ગભીરી;

---

૧ ગ્રીષ્મમાં. ૨ સૂર્ય ભૂમિસુંદરીને ભેટે છે, તેથીજ અદેખાં વાદળાં વર્ષામાં સૂર્યને ઘેરી લેતાં હોય એવી કલ્પના; ભૂમિને સૂર્યપતિવિયોગથી પીડાતી જોઈ આકાશ વર્ષાઋતુમાં આંસુ પાડે છે એ અર્થ ઉત્પ્રેક્ષા સૂચવે છે.

વિરહતપ્ત વિરહિણી બને અધીરી;
ઇન્દ્રચાપ વિરંગી નભે તણાયું;
ક્રૂર મયૂરતણું જોર બહુ જણાયું. ૨
વિરહીઘાત આદરેછ કામરાયા;
તુરંગે ઝુરેછ સૂર્યશશીકાયા;*
બળે વિણ દાહ ઝેરીલા જવાસા;
પડે ચાતકી તૃષિત કંઠ સાંસા. ૩
ભ્રમર કેતકી સમીપ જાય દોડી;
ભણી મોહમંત્ર રહ્યા પ્રીત જોડી;
રમે રંગતાળી લેઈ આઠ જામ;
લેઇ નાથ બાથમાંહિં લલિત ભામ. ૪

શર્દ.

સખિ! શર્દ પન્હોતી દિસે પધારી;
જલાશયે હોય અમલ શુભ્ર વારિ;
તિમિરથકી મલિન વ્યોમગૃહ ધોળી;
રહ્યા ગ્રહણમુક્ત[1] ચંદ્ર સુધા ઢોળી. ૧

---

* એ ઋતુમાં મદન વિરહીજનોના પ્રાણ લેવા પ્રયત્ન ચલાવે છે, પરંતુ તેની સજા તેને નહિં મળતાં, સૂર્યશશીની કાયા કેદમાં સડે છે-વાદળાંથી ઘેરાવું તે કેદમાં પડવું. ૧ શર્દમાં વાદળાંથી મુક્ત શશીનો પ્રકાશ વધારે હોય છે.

ચંદ્રકિર્ણભીત ગાઢ જે તિમિર;
વિરહીભામના ઉરે વસ્યું અધીર;[1]
કમળ કુમળાં સરે રહ્યાં વિકાસે;
વળ્યા હંસ સ્ફટિક વારિસેવનાશે. ૨

વધે ચંદ્ર-કલાસાથ વિરહીદુઃખ;
બન્યો મદન માનિનીતણો પ્રમુખ;
રમે સમીર શીત મંદ વૃક્ષવૃંદે;
ભમે કામિની-કલાપમાં સ્વચ્છંદે. ૩

દૃશ્યમાન નારીનેણમાં વિકાર;
(પણ) કુચમંડળે પડે અસહ્ય માર;
એમ રહી શર્દઋતુ બ્હેંન ખિલી;
અનુભવે રસિકસાથમાં રસિલી. ૪

નવેમ્બર ૧૯૦૬

ચંદ્ર ને પોયણી.

માલિની. ચમક ચમક તારા, વ્યોમમાંહિં ઝગંતા;
નિશદિન દઢ કેવા, તે હવામાં તરંતા;
અમલ ગગનગંગા, વ્યોમમાં રહી પ્રકાશી;

---

૧ શુકલ પક્ષમાં ચંદ્રના પ્રકાશથી તિમિર ન હોય તેથી તે વિરહી નારીના હૃદયમાં ભરાઈ બેઠું હોય એમ ઉત્પ્રેક્ષા.

તિમિર ધીરજ હારી, જાય ચોદિશ ન્હાશી. ૧

નભ–પટ મહિં રાજે, શાન્ત એ નિશનાથ,
વિકસિત વદનેથી, ભૂમિશું મીઠી ગાથ,
અજબ પ્રણયથી તે, માનિનીને મનાવે;
નિજ પ્રતિ અમીદૃષ્ટિ, માટ સૌને સતાવે. ૨

વળી ઉર પ્રિય જે છે પોયણીને રિઝાવા,
અધિક અધિક સુધા તૃષિતાને પતાવા,
સિંચી ફરી ફરી પૂછે "વ્હાલી ! ક્હે શું થયું'તું?
"લલિત લલિત મુગ્ધા ! ક્હેની તું, પાસમાંહ્યું; ૩

"મુજ પછી મમ ભ્રાતે ઉગીને દુઃખ દીધું ?
" સ્મરવશ પડી તેણે, વ્હાલી શું મુખ પીધું ?
" રમણિક રમણીતું ! બોલ, શેંથી દુભાયે ?
" સ્મિત કરી રસિકા લે, કંથ તું બાથમાંહ્યે." ૪

પ્રથમ ચુંબન્ પ્રેમનું.

અનુષ્ટુપ્. અદ્દ્ભૂત ગાથથી રિઝું ના માનું તુત વ્હેમનું;
યાચું દિવ્ય પ્રભા દેતું, પ્રથમ ચુંબન્ પ્રેમનું. ૧
કવિના હૃદયે ઝર્યું, વ્હે શક્તિ કલ્પનાતણું;
ઉદ્દભવ્યું કયાંથી ? ચાખ્યું ના, પ્રથમ ચુંબન પ્રેમનું. ૨

રિસાઇ ભારતી સિંચે, જો ના બિંદુ અમી અણું;
સ્તવો ના; જો કૃપા કીજે, પ્રથમ ચુંબન્ પ્રેમનું. ૩
કળા આ કાવ્યની ચારુ, કિંતુ તુચ્છ મને ગણું;
ગોરીગાલે ચૂમી પીધું, પ્રથમ ચુંબન્ પ્રેમનું. ૪
કુંજમાં કોકિલા મેનાથી વન્ન રળિયામણું;
લીલા એ શું મૂકે કોરે, પ્રથમ ચુંબન્ પ્રેમનું ? ૫
ભવે શું જન્ન સૌ તલ્કે ? રે ! ના, જ્યાંથી થયો મનુ,
ભૂતળે સ્વર્ગરૂપે છે, પ્રથમ ચુંબન્ પ્રેમનું. ૬
જરા મંદી કરે નાડી, દેહ આગાર* રોગનું;
મર્ણાતે યાદ મીઠું રૂહે, પ્રથમ ચુંબન્ પ્રેમનું. ૭

મે. ૧૯૦૫.

નવ યુવતિ.

વસંતતિલકા. લ્હેરી અનુપમ અતિ ગુણિયેલ સાડી;
અક્ષિકટાર ક્ષપણ[૧]થી મૂર્છા પમાડી;
કૈંને વિંધી ભ્રૂકુટીબાણથકી સુ–બાળા;
કૈંને જડ્યા વિકટ પ્રેમતણાજ ગાળા. ૧

* કોઠાર. ૧. ફેંકવું તે.

નૂપુરનાદ ઘડીમાં નરને નચાવે;
ભૂજા વિશાળ વલયો જન મન્ન ઘેરે;[1]
નેનાં ખરે ફરકતાં મૃગલાં વનોમાં;
દાડિંબ દંત કલિકા, શુભ વાસ મ્હોંમાં. ૨

ગિરિસમા પીન સ્તનો નજરે નિહાળે;
ગોળાકૃતિ દીલ ઘૂમી સવિશેષ મ્હાલે;
કુંભો હશે કનક આમ્રરસે ભરેલા.?!
કે શૃંગ તુંગ નભમાં જઇને ઠરેલા ?! ૩

કંદુક[2] કામનૃપના નિરમાણુ તે તો !
લાવણ્યલ્હેરબુરજા બનીયાછ એતો !
શામાતણા શિયળની સબળી ત્રીજોરી !
યૌવન્નપૂર તરવા નિરમેલ હોડી ! ૪

કાં ના કળો રતિપતિ ચઢીને વિરાજે ? !
કાં ના કળો મદનફોજનગારૂં છાજે ? !
રંભા તથા ઉરવશી સખિઓ ઠરેલી !
દૈવે સરજયાં દ્વય કુચો તપ ઉગ્ર મે'લી. ! ૫

નાભિ–કુંડે સમર[3] સ્નાન કરે સુખાળો !
ત્રિવેણીરૂપ ત્રિવલી પ્રસરેલ ભાળો !

---

૧. હાથનું કંકણ ગોળ હોવાથી મનનો વચ્ચે સમાવેશ થઇ જાય.
૨ ફૂલના દડા. ૩ કામદેવ.

નિતંબતુંબ ઘૂમતા સ્મરતંબુરાશા !
જંઘા સુરૂપ કદળીતરૂસ્થંભ ખાસા. ૬
ચાલે ચતુર નીચ રાખી ભૂમિશું દૃષ્ટિ;
પ્રેરે કહિ મદનવહ્નિ વિશેષ વૃષ્ટિ;
દિપે દિદાર શચિરૂપ, રસે રસાળી;
જાતી 'નવીન યુવતિ' નજરેથી ભાળી. ૭

ફેબ્રુઆરી ૧૯૦૫.

સુંદરીને.

હરિગીત.

અહા ! સુંદરી સર્વાંગમાં ઝણુકાર જાદુઇ તેં કરી,
અલબેલી વેણીપાશથી આકર્ષી ચિત્તશુદ્ધિ હરી;
તુજ નેત્રવાંસલડીતણા રવથી સુ-મનમૃગ નાચતો;
તુજ અધરબિંબપ્રવાળથી થઈ ભ્રમિત સુધા યાચતો. ૧
મુજ સહ્રદય હૃદયજ પ્રણયપ્રેર્યું ભેટવા તલ્હે તને;
એકાન્તમાં રહી શાન્ત કામિની કાન્ત રસ પી પા મને,
વળી કંઠ કોકિલશો સૂણી ચિત્ત વિદ્ધ તો મ્હારૂં થયું;
ગજગામિની તુજ લટકથી ચૈતન્ય જડમય થઇ રહ્યું. ૨
લેતાં સુતાળી બાળી પ્રસરે તેજ અંગુલિનખથકી;
ઝાંખાં થયાં સૌ જ્યોતિ વ્યોમે ચંદ્ર ક્ષીણ પડ્યો નકી,

વળી શ્વેત સાડી હરિવદન* કોરે ભરી ભલી શોભતી;
આ વક્ષઃસ્થળમાં કુચ દાબી કંચુકિ દીલ લોભતી. ૩

છે કનકભાલ વિશાળ આપે દિવ્ય તેજે તિલડી;
તુજ ભાલવ્યોમપ્રદેશમાં શું ચંદ્રલેખા રહી ચઢી?
આકાશમાં બે તારલા વિજ્ઞપ્તિથી કંઈ સૂચવે,
નિજ સ્થાનમાં ઠરવા નયનતારા શું ન્યારા વિનવે? ૪

નિપજાવવા તુજને હશે શું બ્રહ્મદેવ પ્રજાપતિ?!
પણ ગોરી તું ગૌરાંગ નહિં સરજાવવા તેની મતિ.
ત્યારે શું ખાસ વસંત કે સ્મર શીત-અંશુ શું હતા?
ના; સુજ્ઞ મૃત્યુલોકમાં કદીએ ન પટકે નિજ મતા. ૫

આ ગાત્ર કોમળ ન્યાળીને સુરમાત્ર લોભાઇ જશે,
દૈવે વિચારીને, દીધાં શું કટાક્ષશર નેત્રો વિષે?!
વિલોકું હું સૌંદર્યતા સર્વાંગની હે! સુંદરી!
કિંતુ નયનશરમારથી હૈયું ન હાથે રૂહે જરી. ૬
તુજ ઉરશું મુજ ઉરના સંલગ્નથી હું મગ્ન રહું!
તુજ કુચકંદુક ભૂજદંડથકી રમીજ કૃતાર્થ થઉં!
તુજસાથમાં રહી સુમતિ કેલી કરૂં કૈં અવનવી!
તોતો અહો! મહાભાગ્ય! માનું ઉગિયા સુખના રવિ! ૭

ઓકટોબર. ૧૯૦૫.

---

* ચંદ્રમુખ.

મિત્રને સ્વલ્પ ઉપહાર.

પ્રિયાસ્મરણ.

લલિત.

અરર! હાયરે! ધૈર્ય ના રહે;
પ્રણયપાવકે માર દે' દહે;
કુમળી કયાં કળી મારી શ્રીહરિ?
વિરહવજ્ર આ દિલ દે દળી. ૧

લલિત પુષ્પ એ લોલ મુગ્ધ હા!
પ્રિતમ શું તજિ થાય બેવફા?!
ઉપવને ખિલી યૌવના કળી;
ફરી ગઈ અહા! શોકવાદળી. ૨

કઠિણ ક્રૂર જે કાળ–પાશમાં;
ગઇ તણાઇ તે સ્વર્ગવાસમાં;
ભમું ગિરિ ગુહા ઝાડ ને વને;
પ્રણયિ પંખિણી કયાં મળું તુંને? ૩

શરકટાક્ષ તેં અક્ષિથી કર્યા,
સમય છેલ્લીના; જાણ્યું ના જરા;
હૃદય ખોલીને અંતની સમે;
કથન ના થયું; દીલને દમે. ૪

અધરની સુધા બિંદુમાત્ર જે;

પીધું ન પાયું તે અંત તેં ન મેં;
થયું હશે કદિ ભેટવા મને,
શરમમાં કહ્યું " છે બધાં કને. " ૫

પ્રણય-લેખ ક્યાં આપી ના ગઇ !
પલક એકમાં ક્યાં જતી રહી ?
સમીર આ સરે ? અગ્નિ શું ઝરે ?
સરપકંચુકી વસ્ત્ર છે ખરે ! ૬

નવીન ગોષ્ટિ રે બાંધશું હવે,
રસિક વેલડી ! આવતે ભવે;
નીરતીરે તું જો; વાટડી અરે !
(રખે) વિસરી મુજને અન્યને વરે ! ૭

દિવસ જગતમાં કાંઇ જે રહ્યા,
પ્રિય તું વિણ તે જો જશે વહ્યા;
અવધ આવશે આ મુસાફરી,
પુરી થતાં મળું શાન્ત સુંદરી* ! ! ૮

એપ્રીલ ૧૯૦૫.

---

* પ્રિયાના વિરહથી પીડિત પતિ, આ જગતની મુસાફરી પુરી થતાં પણ મરી ગયેલી પ્રિયાને મળવાની ઉત્કટ ઇચ્છા પ્રદર્શિત કરે છે.

પ્રિયા પ્રતિ પતિનાં વેણ.

શિખરિણી. અરે શાણી મીઠી, વદન તુજ, વ્હાલી! મન રૂચે;
પ્રિયે પ્રાણાધિકે, ગભરૂ ગરવા ગાલ પજવે;
નમી હંસાગામિ, સુમન શુભ વેલીસમ રમા;
હરે ચંદ્રા ! ચોરી, ચિતવિત ચતુરા પ્રિયતમા ! ૧

વઢું રાચું રામા, રમણ કરતાં રીસ ધરીને;
કરૂં કોટી કો દી, વિરહવહ્નિ શાંતિજ કરીને;
ગૃહે આવું ગોરી, વિનયભરી વાતે રિઝવતી;
પુરો પ્રેમાલિંગી, પ્રણયિત સુધાએ ભિંજવતી. ૨
ચકોરી ન્હાતી તું, ચતુર શશિ શાણા મણિ ગણી;
વિણા રૂડી વા'તાં, મદભરી યુવાની ખિલવતી;
હશી મીઠા હાસ્યે, કુસુમકળી કાજૂ ખરવતી;
છિપી ચંદ્રિકાશું, તિમિર ઘન વ્હાલી ! સરવતી. ૩

૨૩ ડીસેંબર ૧૯૦૪

પતિને જગાડવા સતિનાં વચન.

ઝુલણા. જીવન ! જાગો જરી, સ્તવતી આ સુંદરી;
નાથ ! સ્નેહે વરી, જીવન જાગો;
પ્રાણ પ્યારા ! પ્રિયા રાંકનો વાંક શો ?

શું સૂતા સાહેબા ! નિંદ ત્યાગો;
રમણુ રજનિ*તણો ભ્રમણુ નભમાં કરી,
વેષ વરવો ધરી પંથ પડિયો;
જોઇ તે નાથના વિરહે વ્યાકુળી,
પોયણી વિધુરા સદ્ય રડિયો.[1] ૧

સંસ્રરશ્મિતણો વેત્રધારી વડો,
અરુણુ ઉદિત થયે ભુવન જાગ્યાં;
સ્તવન કરતી સતી પતિપદે નામતાં,
શિશ આશિષનાં વેણુ માગ્યાં;
પદ્મિની આશમાં, "પ્રેમીના પાશમાં,
"પોઢવાનો સમય પાસ આવ્યો;"
પ્રીછી સત્વર સજે સ્નેહશૃંગારને
ભૃંગ કેદી છૂટયા, દાવ ફાવ્યો[2]. ૨

કૈંક અલબેલડી, મધુર મધુશેલડી,
જીવનની વેલડી, બાથ સાહી,
લાલ લ્હેરી ફરે, બાગ બગીચે,
હિંચે હિંચકા, વિંજતા વ્યજન ગ્રાહી;
હંસ સરપર ગયા, ચોર ઠામે થયા,

---

* રાત્રિનો વર=ચંદ્ર. ૧ પોયણી ચંદ્રના જવાથી વિધવા બની, અને ઝાકળના રૂપમાં આંસુ સારવા લાગી. ૨ કમલિનીએ પોતાના સૂર્ય સ્વામી પધારવાના મહોત્સવમાં ભ્રમર રૂપી કેદીઓને છોડી મૂક્યા.

મંદ વાયુ વહ્યા, દિશ દિશે;
પદ્મિનીગાન વાયુ વહી પાંખપર,
પૂરતો કર્ણકંદર અતિશે.
જળ ભરી યુવતિ વળતી પુરની વિશે,
ઘડુલી કંચનતણી શિર ધારી;
હાલતી મ્હાલતી, લટકતી ચાલતી,
ડારતી પાનની પીચકારી;
ચક્રવાકી નદી અન્ય તીરે ઉભી,
વિનવે ચક્ર આનંદ રેલી;
મયૂર નાચે બની મસ્ત મયૂરીથી તો,
રસિક જાગો! રમો! રંગ કેલી! ૪

૩૦ એપ્રીલ ૧૯૦૫.

પ્રિયાની અરજ.

વસંતતિલકા. પ્યારા! અહી ગુણવતા દિલદાર તારો;
વ્હાલા! વિનંતિ અબળાતણી ઉર ધારો;
પેખો અમી-નજરથી તલસંતી બાળા;
હારી હમેશ પિયુજી જપી જાપમાળા. ૧
હૈયાકૂપેથી જળ અશ્રુ અધિક કાઢું;

છાતી મૃદુ ભિંજવીને તન ટાઢું પાડું;
શૃંગાર, યૌવનવિલાસીવિના ગુમાવું;
અગ્નિ ઉરે પ્રગટી પ્રિતમ કયાં બુઝાવું? ૨
ભાગ્યોદયે, મન ગમ્યા, મળિયા મુને જો
શાને તજી ગુલ, ચહે મન કંટકે તો?
પૂરૂં હૃદે રમણને રમવા રમાશું;
(ભેટે, કહીજ, સરિયાં, તવ હર્ષઆંસુ.) ૩

પ્રલયકલહ.

મંદાક્રાન્તા. 'બોલો બોલો, રસિક રમણી, રંગ જંગે રમાડું
'ડોલોડોલો, પ્રણય તૃષિતા, સ્નેહવારિ પિવાડું;
'ખોલો ખોલો, હૃદયપટને, લેખ હું રાંક વાંચું;
'તોલોતોલો,વિનયભરણી,શાન્તિથી શાન્તરાચું.' ૧

* * * *

માલિની. નહિં નહિં નહિં બોલે, બાળ એ મુગ્ધ માની;
સરવતી ઉરશોકે, આંસુડાં છેક છાની;
ગર ગર ગર મોતી પેર તે આંસુ ઢાળે;
હૃદયમદનઆગે, બાગ યૌવન્ન બાળે. ૨
વસનથી વદનેન્દુ, છાઇને ગૌર ગોરી,
અણુવટ ગઇ આલી, છેક ખુણે ચકોરી.

* * * * *

* * * * * ૩

મંદાક્રાન્તા. ' રામા વ્હાલી! વિકળ મનથી, આમ તું શું કરેછે?
' મૂર્ત્તિ ત્હારી, હૃદય પજવી, ધૈર્ય મ્હારૂં હરેછે;
' ભૃંગો ભોગી, કમળવિણુ તે, મત્તમાંહિ મુઝાયે;
' હું છું તેવો, કમળકલિ તું, તો તને શું તજાયે? ૪

' વેલી વૃક્ષે, ત્રિટપ વિંટીને, જો કરે ઘેલી કેલી;
' વિધુ અભ્રે, ઉદિત રિઝવે, ચાંદની રંગ રેલી;
' તો તું મુને, વિમળ વનિતા, ગાઢ ના શૈંથી ભીંડું?
' આડું ન્યાળી, નભ–શશિસમું, મુખડું કેમ ળીડું?' ૫

માલિની. ' બહુ થયું ' તવ બોલે, રોષથી રાતી બાળા,
' વધુ વદી શીદ બાળો, ચાલશે ચોર ચાળા,
' નહિં કદી મમ આગે, જાણું પાખંડ પુરા;
' ચતુરઇ પુર ચાળો, બોલવે માત્ર શૂરા. ૬

' ફરી ફરી વદી વ્હાલા ફેરવી પાઘ બાંધો;
' પ્રણય પુનિત દોરી, તૂટતાં તર્ત સાંધો;
' પટઘટ મુજ ખોલું, આપશો કૉલ પ્યારા,
' યદિ તનમન સાથે; તો સધે કાર્ય તારા !' ૭

* * * * *

દ્રુતવિલંબિત. ' મદન મોહક મોહન માહ્યરા !
' પીડિત દુઃખિત ભારી જુઓ જરા;

'નજર મીઠીથી ભાનુ કલિપરે,
'તિમિર શોકનું વિપુલ વિસરે.' ૮

દોહરા. મીઠી વાણી સાંભળી, ઉર આવ્યો અનુરાગ;
વાધ્યો વેણુતટપરે, સ્નેહઝરણનો માર્ગ. ૯

સ્મિત કરી સરશો ગયો, સુંદર તે સિંહલંક;
કૃશ કટી કરમાં ગ્રહી, લીધી રામા અંક. ૧૦

ચિબુક ચારુ ગ્રાહીને, ચુંબન આપ્યું એક;
અધર પ્રવાળસમા ડશી, અમૃત પીધું વિશેષ. ૧૧

હર્ષપૂર્ણ કુચ ઉપશી કહે, 'કીધો અન્યાય,
'ગાલ અધર રસ પામિયા, કાં ન અમોને ન્યાય?' ૧૨

* * * * *

માલિની. 'પિયુ તમ પરદેશે, વિચર્યા શું વિચારી?
'મદન–મહીપ ભુંડે, લીધી'તી કેડ મ્હારી;
'તુરગી તીખીજ ચુવા, ઉપરે તે પલાણી;
'કુસુમધનુષ ધારી, આવિયો નિજ પાણિ. ૧૩

'બ્હીની અતિ ગભરાઇ, ભાગી ગૃહે વને તો,
'સખિસદનમહિં હું, કુંજમાં ને કુવે તો;
'જહિં જહિં જહિં જાઉં, ત્યાંહિં તે તર્ત આવે;
'વિરહથી તન તાપે, પ્રેમસોટી લગાવે. ૧૪

'ઘણું ઘણું ઘણું એવું, મુજને વિતીયું તો;

'અવધ પૂરણ થાતાં, કંથજી આવિયા છો;
'બસ નહિં કદિ છોડું; નાથજી થાવ ન્યારા
'યદિ, સમ તમને છે દાસીના, ચક્ષુતારા !' ૧૫

૪. એપ્રીલ. ૧૯૦૫.

શૃંગારસ્તોત્રાવળી.

મદનસ્તવન.

શાર્દૂલ વિક્રીડિત.

શામાનાં મુખવેણુ પુષ્પ-શર છે, કોદંડ ભ્રૂ જેહનું,
વામાનાં દ્વય પીન કુચ ફૂલના કંદુક જેના ભણું;
શ્રેણીશો શુભ વેણીપાશ ગ્રહીને, બાંધે જનોને વળી,
એવા દેવ મહારથી મદનને, અર્પું પ્રણામાંજલિ. ૧

સમયવર્ણન.

ખિલ્યો ચંદ્ર નભે કળા વધુ ધરી, સુધા બધે સિંચતાં;
વિહે વ્યાકુલ પક્ષ સૂર્યગમને, વ્હીલાં દુઃખે હિંઝતાં;
સ્નેહીનો દુઃખભાગી ભૃંગ બનવા, કંજે પડે પાશમાં;*
પ્રેમિલો શશીકાન્ત મિત્ર નિરખી, હર્ષાશ્રુ સારે, અહા[1]! ૨

---

* પોતાના સ્નેહી કમળને, સૂર્ય જવાથી થતા દુઃખમાં ભાગ લેવા, ભ્રમર કમળમાં ભરાઈ બેસે છે, એ અર્થ. ૧ શશી આકાશમાં ઉગે છે ત્યારે શશીકાન્ત નામનો મણિ ઝરે છે, તેથી તે જાણે પોતાના મિત્ર ચંદ્રને આકાશમાં જોઇ હર્ષાશ્રુ ગાળતો હોય, એવી ભાવના.

અવયવવર્ણન.

કોકિલા તુજ વેણુ, નેણુ મૃગનાં, સુભાષિણી સુંદરી !
વિધુ છે તુજ ભાલ, ગાલ ગુલશું, સ્વર્ગે સ્થિતા શું પરી?!
ભૂજા કંજમૃણાલદંડ દ્વય છે, શુકો સમી નાસિકા;
નારંગી કુચ, જંઘ સ્થંભ કદળી, એવી યુવા બાલિકા. ૩

રૂપવર્ણન.

સાડી શ્યામ સુરંગ અંગ દિપતી, કોરે ભરેલી ભલી;
આહા ! ઇન્દુમુખે દીપે શું ફરતી, વારિવતી વાદળી ?!
ઓપે દિવ્ય અનુપ રૂપ રમણી, દમકે દિવે દામિની;
કંચુકી કસી કુચ-રત્ન છૂપવી, ફલેજું ચીરે કામિની. ૪

વામાવિરહ.

ભુખ્યો દિલ્લગીનો*જ ભૃંગ ભમતો, અંબુજની પાસમાં;
તૃષાથી દુઃખી વારિમીન તલફે, અંબુતણી આશમાં;
રુષા[1] વિણુ તપેલ ચાતક ભલો, વૃષાઋતુ ચાહ્ય છે;
ભાણુાની જનુની-પિતાતણી સ્નુષા[2] વિહું વ્યથા થાય છે ! ૫

પ્રમદાનો પ્રભાવ.

ત્હારાં વેણુ-પ્રભાવથી તું હડવે, કોવિદ[3]ને રે કવિ !
ત્હારાં નેણુ-કટાક્ષ ભાન ભૂલવે, શિરે પડે શું પવિ[4] !
જીતિને ઉર કુચ-કુંભમહિં તું, પૂરે કરી શી ક્રિયા ? !

---

* ઇશ્ક. ૧ ક્રોધ. ૨ દિકરાની વહુ. ૩ પંડિત. ૪ વજ્ર.

નાભિ-કૂપ સુધા પ્રપૂર્ણ ધરિને, ડુબ્વે જનો તું ત્રિયા ! ૬

ઉરની વાડી.

ઉરે વાડી રચી મહિં પ્રણયનો, વ્હેતો ઝરો જોરમાં,
વિકાસી મન-મચ્છ સુખ વિલસે, યૌવન્નના તૉરમાં;
કાસારે[1] રમણીય યુગ્મ સ્તન આ, ખિલ્યાં રૂડાં કંજ છે,
માળિડો મદમાંહિં મસ્ત સ્મર જ્યાં, ગુણો ગુલો પુંજ છે.[2] ૭

સુભટ્ટ ને ભામિનીનુ સામ્ય.

ભ્રૂકોદંડ ધરી ત્રિયા ! શર રૂપે, કારી કટાક્ષો ધર્યાં;
અંબોડો અલબેલી પાશસમ છે, વજ્રે કુચો આદર્યા;
આપી હાર જનો પૂરે તું ઉરના કારાગૃહે કામિની ? !
"ઓષ્ઠામૃત સુ-દંડ[3] લેઉં," ઇચ્છતી, સુભટ્ટ કે ભામિની?!૮

દેવ મુનિ પણ ગર્ક.

સાલ્યો વિરહશૈલ્ય રામ રડીયા, "સિતા!સિતા!"ઝંખતાં;
નારી નારદ ઇચ્છતાં ન ડરીયા, મર્કટ્ટ રૂપે થતાં;
અહલ્યા સંગચિતે ચહી શચિપતિ, માંજારમુખો થયો;
દારામાં સહુ ગર્ક દેવ મુનિયો, તો શું ટકે પ્રાણિઓ ? ૯

---

૧ સરોવરે. ૨ પ્રણયના ઝરામાં મન રૂપી મચ્છ વિલાસ કરે છે. ઉરની વાડીમાં પ્રફુલ્લ સ્તન રૂપી ખિલતાં કમળ, કામદેવ રૂપી માળી, તથા ગુણ રૂપી ગુલાબના ઢગ. ૩ કેદીને મુક્ત કરવો હોય તો દંડ લેવો જોઇએ. માટે અત્રે ઉરના કેદખાનામાં પડેલા કેદી પાસેથી ઓષ્ઠામૃત રૂપી દંડ લેવો એ અર્થ.

ત્રિલોકનો સાર.

ત્હારાં માત્ર સુગાત્ર રોગી જનની, અક્સિર છે ઔષધી*;
ભેટે ભૂજ પ્રસારી ભાવ ધરીતો, સ્વર્ગ દૂરે, હા! નથી[1];
શોકાગ્નિ શમવા સ્મિતાનન ખરે! પીવા પ્રીતિ-વાર[2] છે;
ચારુ ચુંબન એક કિંતુ જગમાં, લોક ત્રિનો સાર છે! ૧૦

મદનનો કીર્ત્તિસ્થંભ.

ત્રિજોરી શુધ પ્રેમની હ્રદય આ, ચોકી ભૂજા દંડ છે;
છાતી સે'જ સૂવા, પયોધર સમા, બે ગાલિચા ચંડ છે;
અંબુધિ ભવરૂપ પાર કરવા, નિતંબ તુંબાકૃતિ[3];
કુસુમાયુધકીર્ત્તિસ્થંભ[4] યુવતિ! લક્ષ્મી રૂપે તું સતિ. ૧૧

સુધાપાન.

ભાખે મિષ્ટ મુખેથી આમ્રફળ કો, કો ક્હે સુધા શેલડી;
માધુર્યે મધુ, સ્વાદુ રંભફળ[5] કો, દ્રાક્ષારસે[6] રૂહે ચઢી;
મીઠાં સાકર દૂધ ને ઘૃત કળી, નારંગી મીઠી ગળી;
કિંતુ ગોરી સુવર્ણ ગાલ ચૂમતાં, સુધાપી સૌ રૂહે રળી. ૧૨

---

* મદનજ્વરથી પીડા પામતા માણસને સુંદરીના ગાત્રનો સ્પર્શ પણ સાજો કરવાને બસ છે ૧. આલિંગનમાંજ સ્વર્ગ એનો અર્થ નિકળે છે. ૨. પ્રીતિ રૂપી પાણી તૃષાની શાન્તિ વાસ્તે. ૩. સમુદ્ર પાર કરવાને તુંબડાં ને ભવ રૂપ સમુદ્ર પાર કરવા નિતંબ તુંબડાના આકારમાં. ૪. સ્ત્રી એ કામદેવે કરેલા દિગ્વિજયનો કીર્તિસ્થંભ હોયની શું એમ ઉત્પ્રેક્ષા. ૫. કેળાં. ૬. દ્રાક્ષનો દારૂ.

પ્રમદામિલાપ.

શોભે ફૂલ પરિમલેથી અદકું, કાસાર પદ્મે દીપે;
ભાનુથી દિન, વ્યોમ ચંદ્ર ખિલતાં, સ્વાતિટીપું જો છીપે;
વારિથી સરિતા દીપે, નિધિ દીપે, જો તે જઈને હળે;
શોભે, આ સહુ અંગરંગ પ્રમદા, ભાગ્યોદયે, જો મળે. ૧૩

સર્વમાં ઉચ્ચ પણ એકમાં નીચ.

ઉંચું ભાલ વિશાળ ઉંચી શિરની, ફેણી સમી વેણી આ;
નાસિકા કીરચંચુ ભાળી ચપળા, ઉંચી ગતિની છટા;
ઉંચી ડોક, સુ-કુચ ઉચ્ચ ઉર છે, રુચી ખુંચી ના કશે;
નાકે તેજ સુ-ઉચ્ચ તો ચુનીનું કાં દૃષ્ટિ નીચીથી હસે+? ૧૪

કાન્તાનો વદનોચ્છ્વાસ.

લેવા મિષ્ટ પરાગ બાગ મહિં કો, લ્હેરી ભલે ચાલતા !
ગુંજીને યદિ ભૃંગ કંજસમીપે, દિનો ભલે ગાળતા !
ચારુ ચંદનવૃક્ષ સર્પ વિંટલી, છોને ગ્રહે ગંધરે !
કાન્તાનો વદનોચ્છવાસ પિમળી, કિંતુ જનો અંધરે ! ૧૫

મુનિ ને માનિનીનું સામ્ય.

કીધું આ જગ-વન્ન ઠામ તપનું, કંદર્પ[1] ગુરૂ થતાં;
માંડયો જાપ સુ–મોહમંત્રજપનો, રત્યાસને રાજતાં;

+ સ્ત્રીઓ લાજાળ હોવાથી તેઓનાં પ્રેમદર્શન તરતજ થતાં નથી, પણ તેઓ નીચી નજર રાખી ક્વચિત્ મૃદુ સ્મિત કરી, મન હરણ કરે છે. ૧ કામદેવ.

આરંભ્યો સુપ્રયોગ પંચશરનો[1], લાગી અખંડે ધુની;
ધાર્યું જગ્ત સમસ્ત હસ્ત કરવા, મુનિ તું કે માનિની?! ૧૬

માનવીમાં શ્રેષ્ઠ.

તું શૃંગારી શિરોમણી તું નમણી, તેવીજ શૂરી રમા !
કાન્તા કામણગારી નારી વધુમાં, કિંતુ ભલો આતમા !
શર્માવે નભ–ચંદ્ર મુખછટથી, ભોંઠા ન સૌ શું પડે ?
છે સૌ માનવીમાં તું શ્રેષ્ટ રમણી, સ્હ', જો, ભવે આથડે! ૧૭

બાળા ને બાગનું સામ્ય.

નાસિકા શુભ નાલ, કંજદળશાં, નેનાં ખરે રહે ઢળી;
દંતો દાડિમ બીજ, ગાલ ગુલશા, વેલી રૂપે ત્રિવલી;
નાભિ–કુંડ સુકુચ બિલ્વ ફળશાં, અગ્રે રહે ઓપતાં;
દીપે પોયણી પેટ, જંઘ કદળી; બાળા બની બાગ, હા! ૧૮

દેવો પણ દેહમાંજ.

કંઠે ભારતીવાસ, શેષ કચમાં, ભાલે શશી શોભતા;
નેત્રોમાં સ્મર, શિવ પિંડી–કુચમાં, દીંટી રૂપે થોભતા;
ધન્વંત્રી કર–કંજ[2], પેટ માંહિ તો, સાતે નિધિ જો શમ્યા;
જીતીને સહુ દેવ જેર કરીયા, તો શી જનોની તમા ? ૧૯

---

૧ કામદેવનાં પાંચ બાણ. ૨ ધન્વંત્રી દેવતાઓના વૈદ. તે સ્ત્રીના હાથમાં રહેલા છે, તેથી જાગે તે ગર્દનજાસ્થી પીડાતા પુરૂષને રોગ મુક્ત બનાવે છે.

પ્રાબલ્ય.

શૃણી નૃત્યતણો નિનાદ શિવજી, ત્રિલોકમાંહિં ભમે;
મુખાકૃતિતણી પ્રભાથી ક્ષય જો, ઇન્દુવપુને દમે;
કંઠાલાપ મધુર શૃણી વન જૈ, કોકિલ કાળી થઇ;
ભાસ્યું મન્ન મુનિ ડગે તપ તદા, માંડે તપોવન્ન જૈ ! ૨૦

સંધ્યા ને સુંદરીનું સામ્ય.

નાના રંગીત વસ્ત્ર અંગ સજતી, કંચુકા કુચો કસી;
ભાલે કુંકુમચાંદ હિમઢગશો, સંધ્યાકપાળે શશી;
આકાશે નભગંગ, સ્તન્ન વચમાં, ગંગા વહે સુંસરી;
આછાં ભૂષણ તારલાશું વપુ છે; સંધ્યા તું કે સુંદરી ? ! ૨૧

યોગિની ને યુવતિનું સામ્ય.

પ્હેરીને પીત વસ્ત્ર શીશકચ તું, છૂટા મૂકી તારૂણી;
વિર્હાગ્નિવિભૂતિ તું અંગ રગડી, મો'નો પીને વારૂણી;
હાથે છે સ્મરદંડ, પ્રેમપતને, ચાલે યુવા ધીમતિ;
ભિક્ષા યૌવનની તું યાચું અબળા, યોગિની કે યુવતિ ?! ૨૨

વિવિધ રૂપે વામા.

ત્હારૂં મુખ સુવર્ણ ચંદ્ર નરનું શોણિત માંસે દડો;
તું વાચાળ વિશેષ રૂપકૂપ તે, બેડોળ ને બોબડો;
લક્ષ્મી રૂપ તું વિષ્ણુવક્ષ વસતી, ભામા રૂપે ભારતી;
શામા શક્તિરૂપે તું શાંતિકરણી, રામા રૂપે તું રતિ. ૨૩

ઓષ્ઠામૃત અને સ્તનમેરૂ.

જેને માટ અસુર સુર વઢીયા, વ્હોર્યો અરિ રાહુશો;
જેથી સૂર્ય શશાંક રાહુ ગળતો-ચાખે તુંમાં તે જનો.*
સોનેરી ગિરિશૃંગ મેરૂપર જ્યાં, વાસો વસે દેવતા,
તે ઉરે તુજમાં વિશેષ વિલસે; સુધા-કુચો-સર્વદા. ૨૪

અંતિમ અભિલાષા.

જે સિતા સતિ માટ ઘાટવનમાં ઘૂમ્યા અરિસેનમાં;
વિર્હાગ્નિથી વિશેષ પૃથ્વિ ઢળતાં, પાછા ફર્યા ચેનમાં;
એવા શ્રી રઘુકુલવીરમણિની, હોયે કદી જો કૃપા,
તો તો રે! જન કષ્ટકર્ણી વિરમે, વિર્હે વ્યથિતા ક્ષપા. ૨૫

ગો. ૧૯૦૫.

વિરહિણીની ચેષ્ટા.

શાર્દુલવિક્રીડિત.

'ક્યાં જાયે મદમાતી રાતી કલિકા ઉતાવળે ચાલતી ?
'વાગે ઠોકર પાય, સ્નેહલતિકા! આ તે શું છે માલતી?
'ખોઇ શું શુધ સાન ભાન ? વનિતા! સાડી સરે દેહથી
'હ્હોયે જાણું ન કાંઇ તુંય મુરખી; કાં ના લજાતી હુંથી?

---

* જેને માટે દેવ દાનવોને યુદ્ધ થયું તથા જેને માટે રાહુ સૂર્ય શશીનું ગ્રહણ કરેછે, તેનું અમૃત તો સ્ત્રીના અધરમાંજ વસેછે.

'ચાલે ચાલ રવાલ મુગ્ધ કરિણી! નિતંબને ઘોળતી:
'બોલાવે યદિ કોક હુંશ ધરીને, શર્મિંદી ના બોલતી;
'ન્હાસે કયાં યુવતિ અનુપ સરલા, એકિલી તું આ સમે?'
'જાણીને સહુ શું સખિ તું પુછતી, કાલાં ન મુને ગમે.

ઇન્દ્રવિજય.

'તપ્ત થઇ રવિરશ્મિસમા સ્મરતાપથી હારી અમાપ મુઝાઇ;
'આકુળ આ બની દેહ સુકોમળી, સ્વેદપૂરે મમ છાતી ભીંજાઇ;
'કુંજ નિકુંજ વને યદિ પેસતી, નાંખું યદિ વ્યજને વતી વાયુ;
'શૈત્યતણા ઉપચાર કરૂં કદી, ગાન મીઠું સ્વતીને સૂર ગાઉં.

માલિની. 'મથી બહુ બહુ ત્હોયે તાપનો તાગ નાવ્યો;
'સમર અતિશ તાપે, ચિત્ત-તુરી ભમાવ્યો;
'સમજ શુભ લગામે, જેર ના થાય તેતો;
'કૂદી હૃદ-ભૂમિ ખોદે, ભાસ્યું આશ્ચર્ય એતો!

*　　*　　*　　*　　*　　*
*　　*　　*　　*　　*　　*

'સખિ મમ પ્રિયપ્રાણા, આવિને રોગ બુઝયો;
'કીધી અતિ ઉપકારી, પંથ મને સુ-સુઝયો;
"રસિક રસિક શોધું', જે, અલિ! ગુણગામી,
"તવ તુજ પીડ વામે, રાચશે સુખ પામી !'
'તદ્વત ફરી શોધું, જે મુને તે મળે તો !

'ઉર પુર પીડ વામું, ભાગ્ય ખુલે હવે જો !'

૧૦ એપ્રીલ ૧૯૦૫.

અભિસારિકા.

હરિણી. રજનિઇશનો, દુંદુભીનાદ જ્યાં ભીમ જાગિયો;
ગગનતલમાં, તારા પોચા છૂપ્યા ભય લાગિયો;
કુમુદિની સરે, ન્હાતી તે, વસ્ત્ર અંગ સજી લઇ,
"જીવન પ્રિયને, સ્નેહાંબુજે વધાવું," ચહી રહી.
તિમિરવસનો, રાત્રિનારી, ઉતારી સ્વઅંગથી;
ધવલ ધરતી, સુધા પામી, રમી શશીસંગથી;
કિરણ–શરને, વિધુ પ્રેરે, તરુવર છેદીને;
હૃદય કઠિણાં, મૃદુ કરતો, શશાંક શું ભેદીને ?!
પ્રિતમવિરહે, કુંજે કંજે, કીધા અશ્રુપાતરે !
તજી રમણી, મૃગાંકે મોહ્યા ચકોર કુજાતરે !
અકળિત કળા, વિભુકેરી, કળી નવ કો શકે;
સરવ સ્થળમાં, શાંતિ વ્યાપી, જગે સહુ આ તકે.
માલિની. તરૂવરતણી શ્રેણી, માંહિંથી કો સરે છે;
અનુપ યુવતિ રંભા ઉર્વશી કે શું એ છે ?
વદનકમળ ચારૂ, શ્યામ છે સાડી અંગે;
કસી પીન કુચ પ્હેરી, કંચુકી પીત રંગે;

મૃદુ કરવતી છાતી, દાબતી એ દિસે છે;
ઉરમહિં સ્તનરત્નો, ભાળ તેની શું લેછે ! !
હૃદય–કૂપથી ખેંચે, વિર્હનિઃશ્વાસ ભારી;
તનખ અગન લાગી, પ્રેમની અંગ કારી.

શિખરિણી.

બહુ વાગે ઠેસો, તદપિ નહિં લેખે ધીરવતી;
તરૂડાળી વારે, યદિ ન બળતી, વેગ ધરતી;
ભૂમિપ્રત્યે ભાળી, સરર સરતી સ્હેજ યુવતિ;
સુંસું વાયુ વાતાં, જનરવ લહી કૈંક ડરતી.
અહા ! અશ્રુબિદુ, ખરર સરીયું નેત્રમાંહિથી;
વહી તેને વાયુ, પરવરી ગયો રાન તહિંથી;
સરી અશ્રુબિંદુ, પવન તુજને લાંચ રસની;
શમાવા શું દીધી, ભીષણ રવ ત્હારા ધરી ધૃતિ[૧] ? !

શાર્દુલ વિક્રીડિત.

ચાલી આવીયુવા સરિત જળ જ્યાં, વ્હેછે બહુજોરથી;
વૃક્ષો ડાળી વીચિશું ગાન ગજવે, વાયુતણા શોરથી;
દૃષ્ટિ નાંખી નભે તથા તરૂપરે, વારિ નદીનું લહ્યું;
આશાભગ્ન થયેલ બાળનયને, આંસુ ઉન્હું નિકળ્યું.

૧ પવનના અવાજથી તેને માણસના અવાજની શંકા ઉત્પન્ન થતી, અને તેથી કરી તેને ઓછું આવવાથી આંસુ પડતું; તેથી એમ ઉત્પ્રેક્ષા કરી છે કે તેણે પવનના અવાજને શમાવવાને સારૂ પોતાનાં આંસુ રૂપી લાંચ આપી હોય.

અનુષ્ટુપ્.ધૈર્ય ધારી ઉરે ઝાઝું, સ્વસ્થ બાળા બની રહી;
શોકાશ્રુ પાલવે લોહી, વિચારે શું ઉભી રહી ?

શિખરિણી.

અહા ! શી રૂપેરી, હડપચી ગ્રહી આંગળી વતી ?
હલાવે છે કેવા, અધર રસકોષો રૂપવતી ?
ઉભો વિચારે શું ? ચિત્ત ન પડતું ચેન લગીરે;
ખરાવે શાં કામા, વચન–કુસુમો કાજૂ વદીરે ? !:–

ગાલિની.' મલયપવન વ્હેછે, ચિત્ત આ વ્યગ્ર રહે છે;
' વન ઉપવન જે છે, કુમળી દે' દહે છે.
' તરૂશું વતતિ* વિંટે, પ્રીતિઅહેશાન દાખી;
' વિરહઅગનજોરે, આ બળે કાય આખી.
' પવનલહરિથી આ, ઘેલી ચંબેલી વેલી;
' રમત ગમત કર્ત્તી, સ્નેહીશું રંગ રેલી.
' વિભુ દુઃખવન દાઝું, રે ! મૂકો કાં ન ઠેલી;
' સતત સલિલ શાંતિની કરી શુભ હેલી ?
' શશધર ઠરી વ્યોમે, ચાંદનીને રમાડે;
' હશી મૃદુ મુખથી તે, કાન્તશું શાન્ત લાડે;
' મુજસમ વિરહીને, મૂરછા તે પમાડે;
' ઇશ ! તું નહિં ન્યાયી, દુઃખીને દુઃખ પાડે !
' અમળ કમળ ભૃંગો ભોગી કેવા રિઝાવે !

---

* વેલી.

'રસિક સમય સાધી, ચુંબતા પદ્મ દાવે;
'નિરખી કમળ કેવું, પ્રેમીને રે પતાવે!
'પ્રતિપળ બળી શોધું, ઔષધી યોગ્ય હાવે.
'વિમળ સરિત વ્હેતી, શોકય શું જાય કહેતી:—
"ઉદધિચરણ રહેતી, હું, હું; લે, જા, તું લેતી;"[1]
'અરર! ચરર ચીરે ચિત્ત આ ડ્હામ દેતી;
'મૂક રહી શિર સાંખું સંકટો કોટી સ્હેતી.
'વિસરી સમૂળ ભ્રાન્તિ, શાન્તિ સૌ મેં વિસારી;
'મદન જ્વલિત કાન્તિ, શું શકું ધીર ધારી?
'વિષનું અશન પ્યારૂં, હા! કરૂં હું વિચારી
'તરત મરણશર્ણે, જીંદગી આ અકારી.'

સાખી. ત્રુટક વાણી બોલતી, થઇ ગળગળી એ બાળ રે;
હૃદય ડુસકાંથી ભરાયું, ઉઠી અંતર જ્વાળ રે;
નિઃશ્વાસ ગાઢા મૂકીને, બહુ કીધ અશ્રુપાત રે;
ભયત્રસ્ત ફટકે છાતડી, છે અબળ અબળાજાત રે.

વસંતતિલકા.

વાયુતણી લહરી મંદ પડેલ જ્યારે;
જાણી દયા શિથિલ રહે તરૂવૃંદ ત્યારે;

૧, સરિતાના પાણીના અવાજથી, તે તેને મેણાં મારનારી શોકય તરીકે ગણતી. સરિતાના નાદથી એમ ઉત્પ્રેક્ષા કરવામાં આવે છે કે તે, જાણે પોતાના સમુદ્રપતિની પ્રાપ્તિ હોવાથી, અભિસારિકાની મજાક કરેછે.

શાન્તિ પ્રશાન્તિ જગ સર્વ ઠરેલ ભાસે;
આવી ઉભો તરૂણુ કોક તરૂણી પાસે.

મંદાક્રાંતા. નિર્ખી તેને, અબળ અબળા, સ્મિતફૂલે વધાવે;
ફાટે હૈયું, પ્રિતમ નિરખી, ભેટવા ભાવ લાવે;
તારામૈત્રી* નયન દ્વયની, જોત જોતાં રચાઇ;
શામાઉરે, સુખદ શશીની, ચંદ્રિકા છે છવાઇ.
અગ્નિ જ્વાળા, વિરહતણી, તેનો હવે અંત આવ્યો;
પ્રીતિવેલો, તરૂણુ રસના છંટકાવે ખિલાવ્યો;
કૃપાવારિ, યુવક સિંચતો, યૌવનાને દબાવે;
હર્ષાશ્રુઓ, યુવતિ સરતી, છાતડીને ભિંજાવે.
દાબે ત્હોયે, તરલ તરૂણી, શાંતિ ના ઉર પામે;
એવી ગોરી, વિરહદુઃખથી, વિહ્વાલા ઘેલી કામે;
ઝાઝા જોરે હૃદય દબવી, એક બેનાં કરે શું ?
કિંવા હૈયાં, પ્રણુયતણી આ દોરીથી સાંધી લે શું?
સુધા પીતો, પુરૂષ પ્રીતથી, ચુંબને સુંદરીશું;
કિંતુ લાજે, રમણી વસને, કુચ દે આવરી શું ?
કંઠે બાઝી, સુભગ સરલા, ગાઢ આશ્લેષ આપે;
મીઠી વાણી, વદતી વદને, હર્ષથી લેશ કાંપેઃ—
'પ્યારા મ્હારા! અધિક તમને, ભાળી હું ઘેલી થાતી;
'વ્હાલા ! મૂકી શરમ અળગી સ્નેહપૂરે સમાતી;

---

* આંખનું પરસ્પર મળવું.

' વ્યોમે ઉગ્યો, સુખદ સવિતા, ભાગ્યનો એમ ભાસે!
' વિયોગેથી તિમિર પ્રસર્યું, તે હવે સઘ ન્હાસે.
' ખિલ્યું લાગે પ્રફુલ્લ દળથી, ઉરઅર્વિંદ મ્હારૂં
' હર્ષે પુલ્યાં, કુ—' વદી વિરમે, શર્મ*થી મુખ ચારૂ.
ચેષ્ટા દેખી, તરૂણ ભીડતો, ઉરશું વારવારે;
પાયે સુધા, રસતૃષિતને, કૈંક નાના પ્રકારે.
પીતો પ્રેમે, અધરરસને, ઓષ્ઠને દંશ દેઇ;
રિઝાવે છે, ચિબુક ચપશી, ગાલને ચુમી લેઈ;
નાના રંગે રમત રમતાં, એકશું એક ભેટી;
વીતી રાત્રિ, અરૂણ ઉગતાં, ચિત્તમાં ચિંત પેઠી.

ઉપેન્દ્રવજ્રા.

ઉગે હવે વ્યોમમહિં સવિતા;
ચિતે રહે બાળી તરૂણ બ્હીતાં;
ચુંચું મધુરો સ્વર પંખીકેરો;
મળે જનોના રવને ઘણેરો.
ઉઠી તરૂણે તરૂણી ભિંડાવી;
સ્મિતે ધરી વ્હાલ ક્રીડા તજાવી;
પિધું સુધામૃત દઇ પ્રિયાને;
મુખે કથ્યું "વ્હાલી! જવા રજા દે."
વદે ન બાળા વિરહે વિંધાણી;

---

* અીમાં શરમનો અંશ વિશેષ હોવાથી તેના પર પ્રેમ ઉત્પન્ન થાય એ સાધારણ છે.

અવે દ્વી નેત્રે ઉન્હું અશ્રુપાણી;
ફરી ધરી વ્હાલ હૃદે દબાવી;
પૂછે ચિતે શાંતિ અતિ સજાવી.
ત્રુટી ગિરાથી વદતી વનિતાઃ—
'અરે ! થયો વેરી શું એ સવિતા ?
'થયાં વિહંગો અરિ રૂપ મ્હારે;
'પિયુ જશો શું ? મળશો ન ક્યારે ?'
ખુલ્લું મૂકીને રમણી રડે છે;
પુરૂષ વાક્યો મધુરાં કવે છેઃ—
'ધરી જરી ધૈર્ય ઉરે રમા તું,
'અરે ! પ્રિયા ! શાન્ત લગીર થા તું.'
કહી પ્રસાર્યા ભૂજ બે તરૂણે;
દબાવી ચાખ્યો રસ બે નિપુણે;
પછી પળ્યાં બે નિજ પંથ લીધો;
ફરી ફરી દૃષ્ટિ કરી જુવે તો.
હતાં સુસાક્ષી તરૂ ને સરિતા;
વળી સુવાયુલહરી ત્વરિતા;
હિવે શશિ ને ભૂમિ ચંદ્રિકાએ,
નિહાળ્યું જે કૃત્ય થયું નિશાએ.

જૂન ૧૯૦૫.

પ્રેમનો લોપ.

તોટક. યદિ સ્નેહ ખૂટે, દિપજ્યોતિ જશે,
યદિ અભ્ર ચળે, ધનુ: ભંગ થશે;
યદિ તંતુ તૂટેલ સતારતણો,
નહિં કર્ણ શ્રવે, રવ મિષ્ટ ઘણો. ૧

યદિ ઓષ્ઠપ્રવાળથકી ઝરીયાં,
તવ પ્રેમભીનાં વચનો સરીયાં;
યદિ સ્નેહ ટળે,
દિવડો ન બળે;
યદિ તંતુ તૂટે,
ધ્વનિ સૂર ખૂટે. ૨

હૃદયે ધ્વનિથી નવ ગીત ગજે,
યદિ પ્રેમપ્રવાહ ન હોય રજે;
નહિં ગીતડું કિંતુ દુઃખે લવવું,
જયમ વાયુતણું વનમાં વહવું. ૩

ભુજંગી. વહે પ્રેમ-વારિ લીલું ઉરક્ષેત્ર,
રસે પૂર્ણ ભીનાં લસે યુગ્મ નેત્ર;
તોટક. વળી પ્રેમભરી મીઠી કોયલડી;
કૂજતી મીઠડું કંઈ ગાન ઘડી. ૪

પણ પ્રેમપ્રવાહ તૂટયોજ ખૂટયો,
તવ ઉજ્જડ આ ઉર-બાગ બન્યો;
કંઇ તેજવિહીન થયાં નયનો,
ઉર લોપજ પ્રેમવિધૂહૃયનો. ૫

જાન્યુઆરી ૧૯૦૬.

પ્રેમ અને મૃત્યુ.

દોહરા. વ્યોમમહિં ઉગ્યો જદા, અમીવર્ષણુ શશિરાજ;
નંદનવનની વાડિએ, ફરે "પ્રેમ અધિરાજ."
તેજસ્વી નિજ નયનને, ફેંકે બની ગુલતાન;
ગુલ મંજુલ ફૂલપર ચઢી, મીઠી નજર નિદાન.
"મૃત્યુ" જે ફરતું હતું, યમઉપવનની માંહિં;
પ્રેમરાજ .નિરખી વદે, "શું લાગે તુજ આંહિં.
" જા ચાલ્યો, તવ પંથમાં, તાણીશ ઝાઝો તંત,
" અંત આવશે તાહરો, હું પોતેજ અનંત."
રસિક પ્રેમ રુદન કરે, વિસ્તારી નિજ પાંખ;
ગગનગમનઅર્થે ત્યાંહાં, વદે ધરી ધીરી ઝાંખ.
" કાળ સર્વનો અધિપતિ, તું જીવનની છાંય;
" વૃક્ષતળે જયમ છાંયડી, તું જીવનની ઝાંય.
" અનંત જીવનતેજમાં, તું પડછાનું રૂપ;

" શરણુ ચહે ત્હારૂં ભલા, બાળ વૃદ્ધ ભડ ભૂપ.
" ખંડિત તરૂતો છાંયડી, મંડિત ક્યાંથી હોય;
" સ્થિતિસ્થાપક પતિ સર્વદા હું, જાણે સહુ કોય."

ફેબ્રુઆરી. ૧૯૦૬.

પ્રેમદર્શન.

ગનહરછંદ. વૃજનારી ટોળે મળી, ટૉળે કરી ટાણું માર્યું,
શ્યામ ત્હારો શ્યામ અલી! રાધા ભોળી ભામ છે;
સૂણી પ્રેમબાધાગ્રસ્ત રાધા વદે વાણી શાણી,
શ્યામતા પ્રમાણી શ્વેત કોટી કળા ધામ છે;
પ્રેમની મીઠાશમાં ના નેમની કટુતા હળે,
હેમમાં શું પિત્તળની શ્યામતા વિરામ છે;
દુનિયા દોરંગી લવે દિવાનાઓ ફાવે તેમ,
કાળો એ રૂપાળો છેલ મને અભિરામ છે. ૧

કાળો ત્હોયે અલિ કલિ કમલની ચાહે પ્રાણ;
પ્રેમનું બંધાણુ જે લે સાંજે પોતે બાથમાં;
શ્યામ શ્યામ વિજળીનો, વલ્લભ રહે ચોમે ત્હોયે,
પળે ન વછૂટે સ્હોડે, પ્રિતમ સંગાથમાં;
શ્યામ ખારો સરિતાનો, હૃદયનો રામ ગણી,

વિકટ વિઘન ફેડી લીન રહે નાથમાં;
જાઓરે સખીઓ શાને મનેરે સતાઓ જાઓ,
પ્રેમનું પલિત મને વળગેલું વાટમાં. ૨

ડીસેમ્બર ૧૯૦૫.

પ્રેમી પંખીડું.

ભુજંગીવૃત્ત. પૂર્યું પ્રેમી પંખી હૃદયવાટિકામાં;
રમે રંગ અધિકા પ્રીતિના ઝરામાં;
ઉડે ઉરઉપવનમાં સુ-ઉમંગે;
ફરે ફૂલ ડાળી લતિકા ફુલંગે. ૧

મીઠા મિષ્ટ મેવા સુસ્વાદિષ્ટ સારા,
જમે ખંતથી પી પ્રીતિપાનધારા;
હીંચે હિંચકા હેત હૈયાહીંચોળે;
સુધાના ઘડા ઠેશથી પાડી ઢોળે. ૨

મનોભાવ પ્રફુટી સુમનસેજડીમાં,
મનોવૃત્તિભાવે સૂવે કો ઘડીમાં;
મધુરા રવે હર્ષ પંખી પમાડે;
સિંચી સ્નેહનું વારિ દર્દી જીવાડે. ૩

વિયોગે અતિશે શરો તિવ્ર ઘોંચે;

પ્રિયે કાયવાડિ સુકાવેજ શોચે;
રિસાયે કદી હાથથી હાડ જાયે;
મનાવું રિઝાવું ન રીઝે મનાયે. ૪

રુવ છાતી ફાટે દ્રૂમો દિલ ભારે;
ખુટે નેનવારિ, વહે રક્ત ત્યારે;
બની હાલ બેહાલ મુને બનાવે;
લીલી કુંજમાં અગ્નિ આપે ધિકાવે. ૫

ફેબ્રુઆરી ૧૯૦૫

પ્રણયતંત્ર.

શાલિની. જોને ઝર્ણાશું સરિતા વહંતી;
જોને નિધિસાથ તે વિલસંતી;
વાયુ વ્યોમે વાયુથી જો રમંતા;
મીઠા સૂરે ખેલી કેલી ભમંતા.
પૃથ્વિમાં કો એકલું નાહિં પ્રિયે!
દૈવી શક્તિથી બધાં જોડ છિયે;
રુપેરી વિધુથી કુમુદ રિઝે;
શાને મુગ્ધે! ત્હોય તું હુંથી ખિજે ?
આકાશે ચુમ્બે પ્રિય તુંગ શૃંગ;

વીચિશું વીચિ, નલિનીશું ભૃંગ;
વાટિકામાં પુષ્પ સુગંધ ભેટે;
તો શું હુંથી હે ! દયિતે ! તું છેટે ?
ઉર્વી સુ-હર્ષે સવિતા પ્રભાથી;
નાચે નિધિ ઇંદુરશ્મિછટાથી;
ભાસે મુને શુષ્ક લીલું તથાપિ,
જો, ના તું ચાંપે ચૂમી એક આપી.

દોહરો. શૃંગારી સજ્જન વડા, સુહૃદ સૌ લ્યો નેટ;
પ્રેમ-રસે પરિપૂર્ણ આ, પ્રણયતંત્રની ભેટ;

એપ્રીલ ૧૯૦૫.

જીવનસરિતા.

રોળા વા કાવ્ય છંદ. આ સંસારે જયમ આયુની વૃદ્ધિ થાતી,
ત્યમ જીવનાગતવર્ષઘટિકા ક્ષણિક જણાતી;
શિશુત્વને દિન એક વર્ષ સમાને ભાસે,
અને વર્ષ કંઇ કલ્પ સમાને વ્યતિત થાશે. ૧

વિષયાસક્તિથી અસ્ત વ્યસ્ત સ્થિતિ થાતાં પ્હેલી,
યૌવનકેરૂં ઝરણુ ગભીરૂ શાન્તિ રેલી,
તટ લીલી હરિયાળી રસીને મૌન સરે છે,

જયમ રુપેરી સરિતપૂર કહિં મુગ્ધ વહેછે. ૨

કિંતુ સુરખી કપોલ જર્જરી ફિક્કા પડતાં,
ને ચિંતાના ઉગ્ર શરો કંઇ ચિત્તને નડતાં,
ઓ તારા! જન-જીવનતણું જે માપું ભરતા
કેમ તમારી ગતિ ત્વરિતા સત્વર કરતા? ૩

યદા મીઠું આનંદ-પુષ્પ ખિલ્યું કરમાયે,
અને અવયવો સર્વ શરીરના મંદા થાયે;
કેમ, આપણે મૃત્યુનિધિની પાસે સરતાં,
અનુભવિએ વડુ વીચિ ત્વરાથી સમીપે ધપતાં? ૪

યદા ક્રમે સન્મિત્ર સર્વ સિધાવ્યા સ્વર્ગે;
ત્યાગી હૃદય પ્લાવિત રુધિરથી એ અપવર્ગે,
વિચિત્રતાની વાત-તદપિ કો કેમ ન જાગે;
જે' આ કાળ-પ્રવાહ સતત રોકીને રાખે? ૫

રોવું શા માટે?

દોહરા. રડીશ નવ ભરી ડુસકાં, નાખીશના નિઃશ્વાસ;
ગમગિની નવ લાવશો, કાળ ગયો તવ પાસ. ૧

ગુલાબ ફૂલ ચુંટયા પછી, વર્ષાહેલી થાય;
કિંતુ મધુર કુસુમકું, ફૂલી નહિં હરખાય. ૨

શોકાશ્રુ નિગાળ ના, ધર સ્મિત ભર મુખ તુંય;
દશાતણો તટ દૂર તે, નયને ભાળીશ શુંય ? ૩

હર્ષ–રંગ શાણા સમા, પળપળમાંહિં ખિલાય;
(તો) શોક–રંગ શા કારણે, આખર સુધી ખિલાય?* ૪

ગમગિની ગણતો રહે, દાઝ્યા ઉપર ડ્હામ;
રડ નવ પ્યારા મિત્ર ! તું, શિક્ષા એ અભિરામ. ૫

જીંદગાની.

ગજલ. અયિ! આ જીંદગી કેરી મહિં શો સાર મીઠો છે?
જિગરસમ પ્યારી જો તોયે, જિકરવિના સિધાવાનું. ૧

કયાંહાં? કયારે? કયે ઠામે? જહાં માં જન્મ પામ્યો તું?
હશે કયાં બેહસ્ત કે દોઝક ? નજુમી ભેદ ભાગે શું? ૨

ઘણા દિ મોજ બેથનીતણી છાયાતળે ગાળ્યા;
વફાદારી તજી જાની તજીને હા ! સિધાવાનું. ૩

જગત્‌ના જાદુના બાગે સનમ્ બુલબુલ શોધું તો,
વિષયકાંટા પગે વાગે; મીઠી એ વ્હાણુ છે આંહિં ! ૪

---

* હર્ષના દિવસ હમેશાં હોતા નથી, તે પ્રમાણેજ શોકના દિવસ પણ હંમેશાં રહેશે નહિ, તો મિથ્યા શોક કરવાનું કંઇ કારણ નથી.

ભલે આ દમ છૂટે દમથી મગર છૂપો ખબર વિના;
ગમે તે વક્ષમાં તોયે, નહિં તેની મુને પરવા ! ૫

થવાના રામ છેલ્લારે નહિં આ જીંદગાનીથી;
મગર કો ઉચ્ચ ભૂમિમાં, સલામિની ધરૂં આશા. ૬

એપ્રીલ ૧૯૦૬.

ખલકખેલ.

ગેજલ.

બની આ નર્કની બાજી;
પીલાયે પાપમાં પાજી;
ખલકના ખેલમાં રાજી;
ક્ષણિક સુખે બને કાજી. ૧

રડે છે બહુ હસે છે કો;
પડે છે આથડે છે કો;
ખજાના ખલ્કના લૂંટે;
મીઠી મોજો બધી ચૂંટે. ૨

અભાગી માનતા રાજા,
મગર અલમસ્ત ને તાજા,
છકેલા છોડીને મા'જા,
કુકીર્તિનાં કુટે વાજાં. ૩

નિખાલસ દિલના જેલે,
સૂતા માને મહા મ્હેલે*;
ઉપાધિ વિશ્વની ઠેલે;
ખુદાની ખુશીમાં ખેલે. ૪

શિશુત્વે કાંઇના જાણ્યું;
પીધું ના ખાધું ના માણ્યું;
ઉરે ના હું પદે આણ્યું;
તુફાને આયુ ના તાણ્યું. ૫

યુવાનીમાં સ્ત્રીને મોહ્યો;
વૃથા ભવ ભાગ્યહીન ખોયો;
પ્રથા જહાંની કરી પ્યારી;
કીધી છે ખ્વાર બેખ્વારી. ૬

બુઢાપણુ જો જશે એળે,
પવનની ચોટપર ખેલે;
સિંચાશે સૌ સુધા કેળે,
જીવન જો સ્વામમાં હેળે. ૭

૨૪-૪-૧૯૦૬.

* શાંત સ્વભાવ અને ઉદારવૃત્તિવાળા માણુસો કેદખાનામાં પણ મ્હેલમાં બેઠા હોય તેમ વર્તે છે.

મ્હારો ના ચિત્તથી.

ઓ ! મૃત્તિકાના માનવિઓરે,

મ્હાશો ના ચિત્તથી;
આશા–માલિકા મધુર ગુંથાણી, મંજુલ ને મૃદુ સાર;
તેનાં કુસુમડાં લલિત ખિલેલાં, આખરતે ખરનારરેઃ—

મ્હાશો૦ ૧

પ્રિય વસ્તુ સંસારાબ્ધિમાં, થાશે તેનો નાશ;
સૂર્ય શશીને ગ્રહગણુ દેશે, ઝાંખો જ્યોતિપ્રકાશરેઃ—

મ્હાશો૦ ૨

પ્રમદાની પ્રીતિ પલટાશે, મીઠડું ટળશે હાસ્ય;
રસઝર નયનો પણુ મિંચાશે, હૃદય–પ્રણુયનો નાશરેઃ—

મ્હાશો૦ ૩

હિતવચનનો ધ્વનિજ નિરંતર જનશ્રવણે સરકાય;
સજ્જન લેતા સાર ગ્રહીને, પામર ગોથાં ખાયરેઃ—

મ્હાશો૦ ૪

ફેબ્રુઆરી. ૧૯૦૧.

નદીના પૂલપર.

હરિગીત અહાહા! ઘટિકા રમ્ય રજનિની દશાનનમુખ થયે;
છંદ. શ્રૃણું ઘોર ઘંટારવ, ઉભો હું ભવ્ય પૂલ પરે રહ્યે;
વિલોકું બાળા કો નીચે જે નવીન ચાળા બહુ કરે;
શું કામિની સહ કાન્ત એકાન્તે? નહિં: સરિતા સરે. ૧

ત્યાં લલિત નિશિનયન વ્યોમપ્રદેશકેરૂં ઉઘડ્યું;
કે સતત આવી સલિલપૂરે, કનક–ચક્તાશું પડ્યું;
મેં દૃષ્ટિથી જોયું તદા, શત ખંડ થઇ ભાગી ગયું;
પણ દિવમાં પલકારથી દશદિશને રંગી રહ્યું. ૨

વહે રાત્રિ ગભીરી શાન્ત ને આ સરિતજળ ધીમું વહે;
વહે ચંદ્રથી અમીરસ અને આ ઉર-નિધિમાં કંઇ વહે;
શું રાત્રિધ્વાન્ત સરિતજળ કે ચંદ્રરસ શીળો સરે?
ના; હર્ષશોક નદી તરંગ ઉછાળતી અંતર ભરે. ૩

આ ઘોઘ નદીનો જેમ શાન્ત અનંત નિરંતર વહે,
ત્યમ કાળઅગ્નિ કરાળ જીવન ઘાસપૂળીવત્ દહે;
સરિતા ઉદરમાં જેમ આ આકાશને સંતાડતી,
ત્યમ સુમતિમાં ગુણશ્રેણી સતત આવી પ્રવેશતી. ૪

કંઇ હૃદય ઉગ્ર અશાન્ત હેવી યુવાના સંસ્કારથી;
કંઇ મંદ ને નિસ્તેજ અંતર જરાદંડપ્રહારથી;

કંઇ બાળ કીલકારી કરે ઉર પુર હર્ષોન્માદથી;
સહુ નયનસમીપે તરવરે પુલપર જતાં આહ્લાદથી. ૫
નહિં જીવન ઝેરી કંટકો આપે મને દિલે વ્યથા;
લેખું નહિં તૃણ માત્ર ને ભામા ગણું જગની પ્રથા;
કિંતું અવર જન શોકનિર્ઝર મુજ હૃદય રહેછે વહી,
દઇ છૉળ, જળદેવી! તું લે સંકેલી તે તવ પટમહિં. ૬

એપ્રીલ. ૨૪ મી ૧૯૦૬.

કળી ઢળી.

વસંત તિલકા. ખિલી કળી કનકની મધુરી રૂપાળી,
સિંચી સુધા ગ્રહી કરે પ્રીતિકેરી પ્યાલી;
ખિલાવું ખંત ધરિને હરષે હમેશ;
મુગ્ધત્વ છાંડી કીધ યૌવનમાં પ્રવેશ. ૧
હાથે ધરી કદી કદી હળવે હીલાવું;
ચુંબન્ન હસ્ત દઇને મન મોદ લાવું.
ભાળું હું પ્રિય કળીને અમીપુર નેને;
એકે ઘડી કળી વિના પડતું ન ચેને. ૨
વૃદ્ધિ દિને દિન થતી જયમ ચંદ્રજયોતિ;

ક્ષીરામ્બુધિની છિપમાં જ્યમ હોય મોતિ;
ઉગ્યો શશિ ગગનમાંહિં કળા પ્રકાશી;
તિમિરરાશિ જગ છોડી ગયેલ ન્હાશી. ૩

ઘુ ઘુ ઘુ ઘુ ઘૂવડ આઠ સ્વરે ડરાવે;
મેના શુકો પર સચોટ કુદંત દાવે;
સું સું સું સું ભીષણુ નાદ દૂરે સુણાય;
શાંતિતણું ગીતલડું તમરાં સુ–ગાય. ૪

ઝેરી પવન્ન દશદિશ ફુંકે ગભીરો;
એવે સમે હૃદયથી બનીયો અધીરો;
ન્યાળી કળી પવનનો સુસવાટ ભારે,
ઉર્વી ઢળી શિથિલ અંગ બનેલ ત્યારે. ૫

ફાલી પ્રફુલ્લ દળ પાંખડી જે ખિલેલી,
નિહાળી ઉર છટફ્યું કલિકા મિંચેલી;
દૈવે જ નેત્રમણિને છિનવી લીધું શું,
વિચાર એ અનુભવી ધરણી ઢળ્યો હું. ૬

આંસુ વહે નયનથી ઉર મુજ ફાટે,
બાહુ કળે, મુખ લવે, કળી ચારુ માટે,
આલાપીને રુદન મૃદુ સ્વરે કર્યું મેં,
ર્‌હોયે ન પાછી વળી ક્રૂર કળી થઇરે. ૭

*　　*　　*　　*

જાણ્યું પછી જગત વારિપ્રપોટ જેવું;
આશાતણા ખડક પૂર્ણ ન લેવું દેવું;
છે તત્ત્વ પંચ રૂપઅંતરથી જુદાં સૌ,
જાયું જશે સતત તો કયમ આંસુ સારૂં? ૮

ભે. ૧૯૦૫

સ્નેહીવિરહ.

વસંતતિલકા. શાને કરી સ્મિત પ્રભાત મને હસાવે?
આ ભાનુનાં કનકરશ્મિ પીડા વધારે;
આપે ન મોદ શકુન્ ગીત જ પ્રેમ ભીનું;
ચીરે કલેજું નવરંગી ફૂળેલ ક્ષેત્રો. ૧

આ કર્ણ અન્ય ધ્વનિ માટ ખરે વિમાસે;
જોવા ચહે નયન વાંચ્છિત પ્રિય વસ્તુ;
આપે વ્યથા દુઃખદ કીટ હ્રદે દમીને;
ને ઉર્મિઓ નવીન કયાંહિં ઉરે સમાતી. ૨

(તદપિ) ભાનુ ઉગે જનસમાજ દિસે ઉમંગી;
સુખીજનો નિરખતા નવ મોજ જન્મી;
ક્ષેત્રો ફળી હૃદયરંજક શાં લચે છે!
ને પંખીઓ પ્રણયપ્રેરક શાં બને છે! ૩

ખિલ્યું ગુલાબી પુલ આ પવને રમંતું;
નાચે ન જાણતું કદી ઘડીમાં શું થાશે?
ને આ અલિ કળીમહિં ઘડીમાં ગુંચાતો,
જાણે ગતિ ભવિષની નહિં પ્રેમ અંધો. ૪

ચંદ્રને વિજ્ઞપ્તિ.

મંદાક્રાન્તા.

પ્યારા ચાંદા! ધીમી ગતિથી તું, વ્યોમમાં સંચરે છે!
ચાંદા! મુખે સ્મિત ન જરીયે, મ્લાન ક્યાં પર્વરે છે!
પ્રેમી જોડાં, ગગનભવને, કે'ની તું શું વસે છે?
પ્રેમેપ્રેર્યો, હૃદય ધડક્યે, ભેટવા શું ધસે છે? ૧

ભૂની પેરે ગગનતલમાં રાજતી કોમળાંગિ,
ધિક્કારે શું પ્રણયી જનને આંહિં પેઠે, સુ-રંગી!?
તું તો પેખે સરવ સ્થળમાં ભૂ અને વ્યોમ બાધું,
ત્યારે પ્રશ્નો શશિ હું તુજને પૂછવા લાગ સાધું. ૨

વિલાસી તું, દિવ દિપકડા! હું સુધા યાચું ત્હારી;
યાત્રાળુ હે! નભસરણુના, ધ્યાનમાં અર્જ મ્હારી,
લેતાં સિંચે, અજબ રસને, તો તને છે પ્રણામ;
નાહિંતો હું, સદન વિચરી, શ્રાપું હું આઠ જામ. ૩

વિરહીજનની ઉક્તિ.

વસંતતિલકા. આહા ! તપે વિકળતાથકી તન્ન મ્હારૂં;
લાગે હવે જગતસુખ મને અકારૂં;
હૈયું રહે કબજ કૈંક કરૂં ઉપાય,
ત્હોયે અરે શરિર શાંત જરી ન થાય. ૧

નેત્રે ઉડે ભભક વહ્નિની જવાળ ભારી;
ભૂજા બની શિથિલ ચેતન વિણુ મ્હારી;
કર્ણો બન્યા બધિર કે દરી સાવ જેવા,
પીપ્પીલિકા કટક કે જીવજંતુ રૂહેવા ! ૨

પાયે કરી ડગ ભરૂં યદિ ના ભરાય;
વાગે અરે મદનના શર તિવ્ર કાય;
સાલે વ્યથા વિરહની દિલ દોષ દેવો,
કો'ને? હવે મદનતાપ શું સાંખી રૂહેવો ! ૩

મીઠી ગણું મધુર માલતિ જે લતિકા,
પ્રીતે વિંટી તનતરૂ હરતી ન પીડા;
નાંખી અમીનજર શાંતિ સમૂળ નાપે;
કારી અતિ પ્રીતિકટાર કલેજું કાપે. ૪

સોળે કળા શરદ–ચંદ્ર ધરી ઉગે છે;
કિંતુ મને સદય સુખ ન લેશ દે છે;
રશ્મિશરો દુઃખદ ઉર અતિશ ઘોંચે;

આપીશ;–શર્દશશિ કારણ એનું શું છે?   ૫

મીઠા વહે મરૂત દોદશ કૈંક મંદા;
મ્હારા પ્રતિ અનિલલ્હેરી ધપે સ્વછંદા;
શાંતિ સ્થળે વિકળ કાંતિ કરી ધિઃકાવે,
સર્વાંગ આ પ્રણય–પાવકથી સિંઝાવે.   ૬

ધોળી દિશા ધવલતા ધરી ચંદ્રિકાએ;
સંગે રહી પ્રણયી જોડું રસે રિઝાયે;
કૌમુદી રેલી રતિરંગ રમે રસાળી;
વિધુવતી સુભગ દેવી રહે પ્રજાળી.   ૭

ચારુ ચકોર નભમાં ચઢી શું તું ભાળે
શાને, અલ્યા! અકલમંદ! શશિ નિહાળે?
કાં ના રહે રમણીપ્રીત સદૈવ જોડી?
વાંચીશ જો હૃદય આ મરશે ન દોડી.   ૮

ઓકટોબર ૧૯૦૫.

સંસારસાથી.

વંશસ્થ વૃત્ત. નહિં નહિં આ ભવસાગરે ગમે;
વિચારવંટોળ વિના દુઃખે દમે;
રહ્યો સ્વ–સાથી શુભ જો ઘણો દૂરે;

તણાઉં હું તર્કવિતર્કના પૂરે. ૧

ઊંઘું કદી જાગું સુષુપ્તિમાંહિં જો,
ખડે ખરે સામી છબી સુ-તેની તો;
વિયોગવિષે ભરીયું કલેજું રે,
ખરે ! કરે ખુબ વપુ ખુવારીરે. ૨

યદિ સમુદ્રે ભર નીર, નાવડું
તણાય સુકાની વિના જ બાપડું;
સંસારનિધિમહિં કાય-હોડલું,
ભમાય સાથી વિણુ તે બને લુલું. ૩

હવે પડે મંદ સુ-તંત્ર ઉરનું;
સધે ન કો કામ વિભુહજુરનું;
પ્રિયે કરી વ્હાલ સ્પર્શે તું જો મને,
અરે ! સરે કાર્ય તમામ આ ક્ષણે. ૪

૯ મી એપ્રીલ ૧૯૦૫.

વિરહિણીના ઉદ્ગાર.

રસિયો ક્યારે મળે—એ રાગ.

રસિક ચંદ્ર દૂરે, પ્રીતિસરિતાપૂરે,
ચતુર ચકોરી ઝુરે.....................રસિક૦
પ્રેમપ્રભાકર, રસ દિવ્ય આકર

કયાંથી ભેટું હું રે ?.....................રસિક૦

કાયા કનકની વાડીમાં વાયે વિરહના વાયરા;
સુખામૃતે પરિપૂર્ણ તે છલકયા વિષે ઉરના ઝરા;
પ્રીતિની વેલી પીયૂષ પ્રિતમ સિંચતાં ફાલી ફૂલી;
કરમાણી દિલવરદૃગવિના બની વૃક્ષ વલ્લભવિણ લુલી.

પંખિડા ! પીડા પ્રીતમને પાઠવજે;
ભોગી સંયોગીનાં સુખડાં સુચવજે;
પ્રેમી સમીપે આંસુડાં સરવજે;
આરત સમસ્ત નૌતમ આ નૂરે........રસિક૦

એપ્રીલ ૧૯૦૫.

કાલ કો'ની ?

શિખરિણી.નિશા વ્હેતી ચાલી, ધુમસ ગિરિનાં છેક ગળીયાં,
સવિતારશ્મિમાં; ભુવન સઘળાં તેજ મળીયાં;
બીત્યાં વર્ષો તેમાં, નૂતન દિનની વૃદ્ધિ જન ! જો,
તને દોરે અંતે, વધી વધી ભૂતે કાળમુખ તો.
યદા જન્મી ત્યાંથી, કુદરતની તો એક કૃતિ છે;—
તપે વ્યોમે ભાનુ, પૃથવીતળમાં જીવ અતિ છે;
ખિલ્યાં પુષ્પો ખિલે, ભભક ભર છે બિંબ બમણું;

હવા વાયુ પ્રેરે, તદન નવલાં નીરઝરણાં.—
નિહાળી લે જ્યારે, તવ નયન ખૂશીથી ચળકે;
ઉગે બીજે દ્હાડો, તુજ ન અરથે તે જ ખલકે;
વીરા! શોચી લે તું, કરકટી પરે ત્હારી, શું થશે ?—
અરે ! અશ્રુબિંદુ, ગગન ભુનું, ના, એક સરશે;
ઘણા જંતુ કિંતુ, સ્વકીય લૂંટે મોજ ધરશે;
મૃત્તિકા જે ત્હારી, જમીન ફળવા યોગ્ય કરશે.

૨-૫-૧૯૦૫.

શોચ નહિં.

ગઝલ. ભલે ક્ષેત્રો ભલે વાડિ જતાં પણ, શોચશે તું ના;
ભલે આશા સબળ છુંદાય તોપણ શોચશે તું ના. ૧
યદિ અંગો પડે શિથિલ જરાયે, શોચશે તું ના;
તજે દોસ્તો વફાદારી લગીરે શોચશે તું ના. ૨
વિખુટું ઉર ત્હારૂં તે, તને પ્યારૂં બીજું તેથી
યદિ પાડે કસાઇ કાળ તોપણ શોચશે તું ના. ૩
ભલે તું શોચ, રે ભાઇ ! ભલે લે આંસુડાં સારી;
સદા તું પાપના કીચે કળાયો છું; ગળાયો છું. ૪

૩-૫-૧૯૦૫.

દુનિયાં દુઃખની ?

ભુજંગી વૃત્ત. યદા ધર્મથી ધંધ હું જો મચાઉં,
યદા સૃષ્ટિમાંહિં પરાયો ગણાઉં,
તદા આ ન માનું દુઃખી જીંદગાની;
ભલે ! સંકટો ક્રોડ હો પૃષ્ઠ એની ! ૧

દુઃખે પૂર્ણ પૃથ્વી ન માનું જરાયે,
યદિ હુંથી ના પ્રેમ તેશું ધરાયે;
તળે સ્વર્ગનિશાળ કિંતુ પ્રમુખ;
ભણીને લહું પારલૌકિક સુખ. ૨

મે. ૧૯૦૫.

સોનેરી શીખામણ.

તોટક. જળસંગતથી ઉન્હું લોહ શમે,
જન સુજ્ઞ હરે દિલરોષ ક્રમે;
યદિ તાર સતાર સ્વરો શું મળે,
નિજ ટેવ નીતિપથરેંટ પળે. ૧

મયૂરો પીંછ યોગ્ય ન દૂર કરે,
ત્યમ મિત્ર ન લાયક પીઠ ફરે;
ફૂંકી મુષક પાય અભક્ષ ભખે,

રહી શાંત સ્વકાર્ય સધાય તકે. ૨
જયમ સુરપતિ સમ શુભ ચહે,
ગણી રાય ન રંક સુન્યાય કહે;
તરૂ ચંદન ચારૂ ભુજંગ વિંટે,
દિલમાં દીન દાન દયા ન ઘટે. ૩
પયગ્રાહી ન આંચળ ચાવી જતો,
ગવરીસુત તૃપ્ત સદૈવ થતો;
ચુસી સત્ત્વ સમૃદ્ધિ ન મૂળ હરો,
ખપ વસ્તુ ધૂલિ સમ ધ્યાન ધરો. ૪
મકરંદ સિંચે મળી માંખ બધે,
ભમી ફૂલ ફળે, મધપૂડ વધે;
વિધવિધતણાં ગુણજ્ઞાન ભરો,
તનકોષવિશે ગુણવંત નરો ! ૫
પયપાણી વતિ જળકુંડી ભરો,
રઢિયાળ રૂપે રતિ હંસ ધરો;
જળ છાંડી કરે પયપાન, ખરે !
નર ગુણી ઉરે ગુણ માત્ર ધરે. ૬
જર–તાર તરૂ ન બળે ન ટળે,
સિંચતાં રસ યૌવન ફાલી ફળે;
ફળ ઝેરસમાં શ્રખી ચિત્ત ચળે,

કટુતા તન વ્યાપી વિશેષ દળે. ૭

અભિમાનતુરી વશ જ્ઞાન કરે,
ક્રૂર કામ કૃતાંત જ શિર ધરે;
ચિત્તનાવ ડગે ન ફગે ન જરી,
દિલ દોષ જુવે; જંયમ કાળ અરિ. ૮

કુ-વિકાર અતિ મદ યૌવનનો;
મદિરાથી વધુ વિખવાદ ઘણો;
મગજે ભ્રમ-પોષક વિષલતા,
ગુણજ્ઞાન ગતિમતિ ખ્વારકૃતા. ૯

૫-૧-૧૯૦૫.

' જનસુખ સારૂં સર્વ. '

રોળાવૃત્ત. શાસન પ્રભુનું કેમ શીર ધરી સુંદર ભાનુ,
પેલો તેની દાસી પૃથ્વી સહ જન્મ્યો માનું ?
અને યદા ગતિ મંદ કરિ તે નભને છાંડે,
શાંતિકર શશી કેમ બેસણે પદ નિજ માંડે ? ૧

જે પ્રતિ નિધિ અસંખ્ય વીચિ-નેત્રોથી જોતો
હુવાઇ ફેરવે તેની નીરતીર જળથી ધોતોઃ
કેમ ઋતુ રમણીય વર્ષને હજી શણગારે

પ્રથમ પેર ફૂલવંત, યુવાની ઝલકે જ્યારે ? ૨

વસંત મુગ્ધ કુસુમ વૃક્ષપર જો ઝુકાવે;
વાયુ-લ્હેરી પારણું, તેથી હેતે હીંચાવે;
નવપલ્લવની છાંય તેની નીચે ઉન્હાળો,
કળી ખિલવવા લિયે ત્વરાએ ચાર્જ રસાળો. ૩

(જ્યાં સુધી)આવી પાનખરમાસ તાપ ઝાકળજળ સંગે
તેઓને શેવટે ચકિત રંગોથી રંગે:—
મનુષ્ય કાજ જો ઇશે નહિં રેલ્યો કૃતિ-દરિયો,
જગભવ્યતાતાજ તેની શીર હોત ન ધરિયો, ૪

રાની કૃતિ એ સર્વ, હાનીકર ક્ષય પણ એ છે;
સત્તાહીન ઉપયોગ, સખાવત સબળ ન તે છે;
ધરી આંખ સૌ ઠામ નિહાળો જગની સીમા;
એક અવાજે સર્વ ગાય સીતાપતિ મહિમા. ૫

૧૨-૫-૧૯૦૫

દરેક વસ્તુ અસ્થિર.

વસંતતિલકા. આ જીંદગી નવ રહે સ્થિર ચિરકાળ;
ચાલે જગે કૂપતણી ઘટમાળ જેવું;
હર્ષે ફુલી સ્મિત કરૂં અધુના ક્દા તો,

અશ્રુ સરે નયનથી ઘડી બીજીએ હા ! ૧

પુષ્પો મીઠાં ચકિત રંગથી ખિલી બાગે,
અંતે ખરી ભમિપરે કરમાઈ જાતાં;
ને તે અનુભવી રૂડાં શિખવે જનોને;
"પુષ્પો મીઠાં જીવનરૂપ વ્હીલાઇ જાશે." ૨

વિરંગી રંગ દિવમાંહિં દીપે પ્રભાતે,
કિંતુ સુરે કનક–રશ્મિ નથી પ્રસાર્યાં;
તેવે સમે જલદ કૃષ્ણથી વ્યોમ છાયું,
ભાસે સહુ નયન, દિશ નિશામયી તો. ૩

તોફાનથી જલધિ શાંતિ સહુ વિસારી,
દૃષ્ટિ હરે વમળવિચિકૃતિ રચીને;
અંબુધિ તે સમય સ્વલ્પ વ્યતિત થાતાં,
ગાંભિર્યતા, તજી રૂષા, સજશે સમાન. ૪

પૃથ્વીપટે ચલિત સર્વ થયું થશે ને,
થાયે ફૂર્યે જગતભક્ષક કાળચક્ર;
યુવાની આ ઝલકતી નમશે જરાને,
હૈયાં અતિ કઠિણ તો દ્રવશે દયાથી. ૫

તા. ૪ ઓગસ્ટ ૧૯૦૬.

અનુસરજે મુજને.

રોળાવૃત્ત. ભવરૂપ ક્ષુભિત નિધિતણા ઓ દિવ્ય પ્રવાસી!
સ્વર્ગપ્રતિ હંકારનાર ઉંચા અભિલાષી!
સંસારી સહુ વસ્તુ વૃત્તિ ધર ત્યાં નવ ત્હારી;
ચિરસ્થાયી નવ તેહ ક્ષણિક લાગે ક્ષણ પ્યારી. ૧

જગત્ સાથ આ હૃદય ગ્રંથીથી ગૂંથી લેશે,
કિંતુ તેહ અભંગ સુખડાં લેશ ન દેશે;
પ્રવાસી! કિંચિત્ લાભકારી શું તેઓ તુજને?
પરહરજે તે સર્વ અને અનુસરજે મુજને. ૨

ભવપંથે પળનાર પ્રિય, ઓ પથિક! રઝળતા;
ભવ્ય ભોગ ભાળંત રોગ ને ભોગ જ મળતા;
પ્રીછી લે કે મળે કશું નહિં આ સંસારે,
જેથી આતમચંદ રમી સુખશાંતિ ધારે. ૩

દ્રવ્યસંચય મા રાખ, શોધ મા કીર્ત્તિ રૂડી;
ચકિત ધૂલિ ને ધ્વનિત નામ નવ પૂંજી ઉંડી;
પથિક! કિંચિત્ લાભકારી શું તેઓ તુજને?
પરહરજે તે સર્વ અને અનુસરજે મુજને. ૪

પાન્થ રખડતા છાંડી ગાદિ તું તવ પિતાની;
ત્વરિત ગતિથી પ્હોંચ-કર્મ હીણાં જા માની;

ફર પાછો–તવ માર્ગ તને સ્વર્ગે નવ દોરે;
ફર પાછો–તવ પાપપુંજ કંઈ થાશે કોરે. ૫

ફર પાછો–તવ સ્તુતિગીતનું ગાન થવા દે,
અને દિવ્ય સ્વર્ગીય ગાનશું ભળી જવા દે;
અન્થ! અત્ર આશિષ યોગ્ય કૈં જે છે તુજને,
પરહરજે તે સર્વ અને અનુસરજે મુજને. ૬

રેતીમાં નામાભિધાન.

શાલિની છંદ. નિધિતીરે એકલો મેંજ જાતાં;
મોતી જેવી છીપ લૈ ગાણું ગાતાં;
વાંકો નામી રેતીમાં શું લખ્યું જો:—
મ્હારૂં નામ–વર્ષ–ને જન્મતીથી. ૧

તે ઠામેથી અગ્ર વાધ્યો જ છેક;
પાછી ફેંકી તુર્ત મેં દૃષ્ટિ એક;
ધુંધું કર્તું આવિયું મોજું ધાઇ,
લીગી મ્હારી જે લખેલી ભુસાઇ. ૨

મુને ભાસ્યું એમ થાશે ટૂંકામાં;
મેં કીધી નિશાની સૌ તેશું ભૂમાં;
મોજું જે વિસ્મૃતિના ઉદધિનું,

ફેલાઈને ઠામ તે સઘ ધોશે. ૩

જયાં ચાલ્યોછું વક્ષવેણુતીરે હું,
ને જન્મ્યોછું મૃત્યુનો ગ્રાસ થાવા;
મ્હારી તીથી માહરૂં નામ તેની,
રે'વા ના દે નામ કે કૈં નિશાની. ૪

ને ત્હોયે જે રેત-સંખ્યા વિચારે,
જેની ભૂજા નિધિનો તંત્ર ધારે,
તેશું મ્હારા નામ સામે ભરેલો,
સ્થાયી કો છે લેખ મોટો ઠરેલો. ૫

નોંધ્યું જેમાં સર્વ મેં આદર્યું છે,
ને આત્માએ કાંઇ જે ચિંતવ્યું છે,
ને આ સંસારે ગ્રહ્યો સાર જે જે,
કીર્ત્તિદાયી કે કલંકિત તે તે. ૬

સ્મશાનજ્ઞાન.

દોહરા. મૃગજળવત્ જગ સૌ ઠર્યું, નહિં જ્ઞાનઅંકુર;
દ્વાદશ દોડી થાકતાં, દીપ્ત કરે જનઉર. ૧

ક્ષણિક મોહમય જગત આ, મુખ લવે હમ્મેશ;
પત્થરથી પણ પકવ આ, હૃદય ન માને લેશ. ૨

આશા-અંબુધિ ભર્યો, વિષય-તરંગ ઉતંગ;
ગર્ક ઘડી ઘડીમાં તરે, વિના નાવ સત્સંગ. ૩

મૂઢ હૃદય જોવા ચહે ચકિત થઇ આ સ્થાન;
દિવ્ય દેહદહનાર્થ આ, શું છે ભવ્ય શ્મશાન ? ૪

રાય રંક વૃદ્ધ બાળ સૌ જોગી ભોગી ને સાંઇ;
કાળનયનદૃષ્ટિ પડ્યે શયન કરે સૌ આંહિં. ૫

જગ-જર નિજ ઘરમાં છતાં, અધિકે રાખી દાઢ;
તેની ખાખ પડી સહે, તપનતાપ ને ટાઢ. ૬

રજાઇ રેશમની પરે, પોઢંતાં નવ ચેન;
તેણે આંહિં કર્યું હશે, કંટક-સેજે શેન. ૭

"હાં" કહેતાં હાજર થતાં અનેક દાસી દાસ;
ચિતાએ નર તે ચઢયા કોઇ ગયું નવ પાસ. ૮

ભવ્ય ભુવન જે મ્હાલતા, રોક રળ્યા કૈં લાખ;
સત્વ તત્ત્વમાં ન્હોંચતાં, બળી થયા કૈં ખાખ. ૯

મ્હેલ મ્હાલ ચણી જે ફર્યા હરનિશ મંગળમાંહ્ય,
સાડાત્રણ કરમાં ધીકી તેની કંચનકાય. ૧૦

સૌ પોઢયાને પોઢશું હું, તું, તે, સૌ કોય;
કુદ્રત-કૃતિ ન્યારી નકી અમર તળે કો ન્હોય. ૧૧

સુખે હસું, દુઃખે રડું, થનાર વસ્તુ થાય;

તંત્ર વિધિકર તો પછી, શો ચાલે ઉપાય ? ૧૨
ધર્મપુષ્પ સુકૃત કરી ચૂંટી રાખ્યે પાસ;
પાપ–પુંજ દુર્ગંધનું વળશે સત્યાનાશ. ૧૩
હર્ષશોકનાં ચક્ર બે, વિધિ ક્રૂર કુંભાર;
ઉરપેંડો ઉપર ધરી, ચલવે બેસુમાર. ૧૪
સુખદુઃખથી મિશ્રિત આ, જીવનઝાકળ સાર;
અહંતા મમતા મૃત્યુના, પંઝાથી ગળનાર. ૧૫

૧-૧૦-૧૯૦૫.

કાયાવાટિકા.

ગ. ઝ. ભવપંથમાં ભુલેલ મુસાફિર વિદેશી, મિત્ર તું !
આ કાયવાટિકા વડી ધારી ઉરે લે, મિત્ર તું !
વિચાર વિધ માળી મળી લે ભાળત જો મિત્ર તું !
માળી બુરો જો બાગનો શા હાલ તે કહે મિત્ર તું ! ૧
માળી રૂડો વિવેકવારિથી સિંચે, જો મિત્ર તું !
સુ-રોપ સદ્‌ગુણગુલના ગુળખંતથી, જો મિત્ર તું !
ચંપાતરૂ ચાનકતણું માળી સમારે, મિત્ર તું !
જો માનમોગરની કળી ખિલવે, વળી હે મિત્ર તું ! ૨
ડોલર અને ગુલબાસ ડા'પણ ગરીબે તરૂ મિત્ર તું !

જો શમનસહકારે વિંટાણી વ્હાલવેલી મિત્ર તું !
ઉદ્યોગખાતર આલવાલે પૂર્ણ છે જો મિત્ર તું !
વાયે મીઠો ગભીરો પ્રણયનો વાયરો જો મિત્ર તું ! ૩

ગુરો પૂરો ઉદ્યાન-પાલક નુગરો જો મિત્ર તું !
રાખે ન લીલું પત્ર છે સર્વત્ર શુષ્ક જો મિત્ર તું !
આલસ્યખાતર ક્ષેત્રમહિં પૂરે અધમ જો મિત્ર તું !
પીવાડતો પાખંડપાણી રોપને જો મિત્ર તું ! ૪

કાપે ન કુંખે વાડ, ઝાડે ઝાડું જો, ના મિત્ર તું !
દે ઉગવા નાકામ રોપા ક્રોધના, જો મિત્ર તું !
બ્હીક-બાવળીને કામ-કૌવચ આદિ, જો હે મિત્ર તું !
વાધે વને કરતો ન તું વિશ્વાસ, મિત્ર પવિત્ર તું ! ૫

ઓકટોબર ૧૯૦૫.

શિક્ષાશ્રેણિ.

ઉપેન્દ્રવજ્રા. ધરો ધીરા બોલ દિલે અમારા;
કરો સુકૃત્યો સુખદાયી સારાં;
હરો હવામાં દુઃખ સૌ અકારાં;
ઠરો દિલે પ્રિય પ્રભુથી પ્યારા. ૧

પ્રીતે નીતિગ્રંથ ગૂંથેલ વાંચો;
ચિત્તે ગુણો શુદ્ધ સદૈવ સાંચો;

રીતે ભરોને ડગલાં ડરીને;
નિત્યે કરો કામ વિભુ સ્મરીને. ૨

સદા સુ-બુદ્ધિ સજવી સુખાળી;
અદાતણી ટેવ ઉરેથી ટાળી;
કદા પડે કષ્ટ કઠિણુ આવી;
તદા દિયો હિંમતથી હઠાવી. ૩

કહો તમે સત્ય અસત્ય ત્યાગી;
વહો નીતિ-પંથ કુચાલ ભાગી;
રહો સુ-સંપી સુખશાંતિ માંહિં;
ચહો સદા વાસ સુ-સંપ જયાંહિં. ૪

બકો નહિં આપ મુખે બડાઇ;
છકો નહિં છેક છરે છકાઇ;
ન કો કરો ઘાતકી કોઇ કામ;
ટકો ભરી વ્યાજ ગ્રહો ન દામ. ૫

રચાવજો રૂડલી પાઠશાળા;
મચાવજો ધંધ ધીરા રસાળા;
પચાવજો જ્ઞાનતણી સુપાંતિ;
બચાવજો અંશ પગારમાંથી. ૬

દશાદડો આવી શિરે પડે તો;
હસ્યા કરે કોક ફસ્યા રડે તો;

વશા વિશે સંકટ શિર સાંખો;
ભરયા વિના ધૈર્ય ધીમંત દાખો. ૭

ખીજે ભલે કોક કદાપિ ક્રોધી;
દીજે ગુન્હા માફ જ ક્રોધી બોધી;
રીઝે રઘુવીર શ્રી વિશ્વસ્વામી;
ચીજે નહિં ઠીંકુરીશી નકામી. ૮

વડો કદી આવી ચુકેથી વારે,
તડો નહિં બાકરી બાંધી ત્યારે;
ઘડો ન ઘાટો વીર ! નિન્દનીય;
ચડો પથે શુભ પ્રશંસનીય. ૯

અતિ મથ્યે સાગર ઝેર આવ્યું;
મતિ વિના માન મળે ન ભાવ્યું;
રતિ વિના જીવન વ્યર્થ ભાઇ !
સતિ સિતા રૂપવતિ હરાઇ. ૧૦

પળે પ્રીતે પોપટ ઘેરઘેર;
મળે કદુવા ઘૂડ ઠેરઠેર;
રળે કદી કોક જ રોક લાખો;
બળેથી લાડુ ન ચખાય આખો. ૧૧

તજો તમે તુચ્છ તમામ ટેવો;
સજો ભવાબ્ધિ તરવા સુમેવો;

જજો વિપત્તિ દૂર દેશ દોડી;
હુજો શિરે આશિષ શુભ કોડી. ૧૨

મૂકી સમક્ષે શિખ સુખદેણુ;
ચૂકી લખ્યું કાંઇ હશે કુવેણ;
ઝૂકી સુવિચારચિલેથી કૂદી;
ફૂંકી કરો ડાંગર ફોદ જૂદી. ૧૩

નવેમ્બર ૧૯૦૫.

સ્ત્રિઓને હિતશિક્ષા.

(અલબેલીરે અંબેમાત—એ રાગ.)

ધરી સતિ નિજ પતિપર પ્યાર શિયળસાડી સજજો;
કંથકામકંકણ કર સાર દૂષણ દૂર તજજો. ધરી૦ ૧

દયાતણી દામણીયો બાંધી ટેકટુંપીઓ કંઠરે;
સત્યશીલનાં ધરી સાંકળાં પઢજો પ્રીતિપંથ. શિયળ૦ ૨

નેહ નયન અંજન આંજી લ્યો, ચતુરાઇ ચોળી સારરે;
ધર્મ કર્મની બે બેરખીઓ, ચિત્તપ્રીત ચંદનહાર. શિયળ૦ ૩

સત્સંગત શુભ સેંથલીઓ ને, સુશિક્ષણ સિંદુરરે;
પ્રેમ પતિ તમ હેમ લ્યો માની, સદ્ગુણનું મુખ નૂર. શિયળ૦ ૪

સુંદરી સુબોધ.

(કોઇ પ્રેમી દેવાંશી—એ રાગ.)

ધન્ય ! આજે સુ-સંગે, સુ-રંગે પ્રવિણા,
સુર-વિણાથી રમીયે આવાર;
સત્યાનતઆહિણી સુનાર,
વેણુવિણા વિચાર, કરો ધન્ય અવતાર ! ધન્ય૦

જલકમલદલમહિં ભૃંગ લોગી રસિકને રસજ્ઞાન દે;
મૃદુ હાસ્યથી સરકુમુદિની પતિ-પ્રેમબંધન પાઠવે;
ફળ ફૂલવતિ ભૂષિતા લતા ઝુકી નમ્રતાને દાખવે;
કેલી કરી કલહંસ જગપતિ ગાન યશનું સૂચવે.

સુંદરી શિયળ સંપત્તિમાંહિં ધારે;
મનમંદિર મોહન ન વિસારે;
દીન મીનવત્ જીવનહાર જીવનવેલીરે;
હિયે મદનકળી મંજુલ રસ મસ રેલીરે.

સાખી.

કોકિલ " પિયુ " પુકાર દે, શ્રવણે અમૃત ધાર;
પ્રિયંવદા બની પિયુજીને, દે અદકો સત્કાર.

પ્રીતિનું પાન પ્રિયા પીતાં પીતાં પ્રિયસંગે સુધાને ઉછાળતાં;
સંતોષના સુખમદે છાકી છાકી જુઓ સ્વર્ગીય સંપત્તિ ભોગતાં;

પ્રેમ પતિ શુદ્ધ હેમ રસાળું; અવરથી આશા અનીતિનું જાણું;
દિપક દિવ્ય દિદાર છે ધન્ય ! સૌમ્ય સુધાકર !

સાખી.

પ્રાણપતિ પ્રતિ નવ ઘટે અન્ય જનોથી હેત;
દશનકળી પ્રાશન કરે, સાકર સાટે રેત ?
આમ્રતરૂસાથ વલ્લી માધવી વિંટાય;
સુંદરીથી સત્યવ્રત કેમરે તજાય ?
સુધા છાંડી ઝેરકૂપી ના રે પિવાય;
પતિ ત્યાં સ્વર્ગસુખ તુચ્છ રે મનાય. ધન્ય ! ૦

રસિકમાલિકા.

સાખીઓ. રોગ અવિદ્યાનો ટળે, કટુ જ્ઞાનને ક્વાથ;
કલ્પતરૂ તજી કયમ ભરો, બાવળીયાશું બાથ ? ૧

*

ફોકટ ફાંફાં મારતાં, ન લહે પાતકમૂળ;
ખિલો ઠ્હામે કયમ મટે, અશ્વઉદરનું શૂળ ? ૨

*

બહિર્ રૂપથી દિવ્ય થઇ, ભિંતર ના ધોવાય;
જયમ તુંબડી નદીનીરમાં, ઝાઝાં ડબકાં ખાય. ૩

*

ઉપર તજે, અંતર ભજે, સરે ન એકે અર્થ;
મુખ મીઠું, ઉર આકળું, ડૂહાપણુ દિલનું વ્યર્થ. ૪

*

જોગ ભોગથી ભ્રષ્ટ જો, તો આપે જ અશુદ્ધ;
નવનીત ઘૃત ગહિંથી ગયું, જો બગડયું શુધ દૂધ. ૫

*

ધન કાજે તન પીલતાં, મનમર્કટ મકલાય;
સત્ય સાચ હીરલો તજી, જૂઠકાચને સ્હાય. ૬

*

ભીષણુ ભવ–રણુ ઝુરતાં, મધ્ય મકારાધાર;
ક્યેં ટકાર ન સાંપડે, મકાર આદિ થનાર.* ૭

*

શુષ્ક અસ્થિથી શ્વાન જયમ, ઉર થાયે રળિયાત;
માનવી સહુ માયાથકી, રાચે છે ભલી ભાત. ૮

*

---

* ‘ર’ અને ‘ણુ’ એ વ્યંજનની વચ્ચે મકાર મૂકતાં ‘રમણુ’ એટલે પતિનો અર્થ નિકળે છે, ટકાર કરતાં ‘રટણુ’નો અર્થ નિકળે છે, ને મકાર પ્રથમ મૂકતાં ‘મરણુ’ થાય છે. વિરહિણી રમણુને માટે રટણુ કરે છે, ને તે નાહ મળતાં મરણુ થશે એમ સૂચવે છે.

માયાના કમળે પડયો, જીવમધુકર પાશ;
સુકૃત ફળથી પામશે, જ્ઞાનરવિ ઉજાશ. ૯

*

મોહોરથકી વશ સર્પ છે, વાદીહાથ ખચિત;
દેહ ગેહ ત્યાગે પ્રીતે, એજ પ્રીતની રીત. ૧૦

*

વિણાયંત્રના નાદથી, મૃગ સ્થિર ઠરે અભિત;
પ્રાણ જુદાં દિવે ધરે, એજ પ્રીતની રીત. ૧૧

*

શશિથી સાગર ઉછળે, ગગનપ્રતિ ધરી પ્રીત;
કમળ–દળે અલિ છૂપતો, એજ પ્રીતની રીત. ૧૨

*

કુસંગ કિંચિત્ લાગતાં, સુરંગ સૌનો ભંગ;
ઉકરડે રેડાય દૂધ થતાં તકનો સંગ. ૧૩

*

ઢોર હરાયા સંગમાં, સારૂં ઢોર ચરે જ;
સંગતિપાસથકી જુઓ, ડેરો કંઠ ધરે જ. ૧૪

*

મનવા ! છાંડી કાચ તું, હીરો ગ્રહવા જાય;
કાંક બીલાં કરમે લખ્યાં, ગોટક ક્યાંથી પમાય. ૧૫

*

થાભ નથી કહિં લાભનો, લાભે લાભ ગુમાય;
મૃગ મૃગજળ વન શોધતાં, વેઠે દિનકરદહાય. ૧૬

*

સજ્જન સદય હૃદય મહિં, દુર્જનતાનું ન નામ;
તાપ કદી હિમાંશુ દે, જે શિતળતાધામ? ૧૭

*

શ્યામ વ્યોમ જોઈ જયમધરે, ચાતકજળનીઆશ;
ત્યમ મિથ્યા વલખાં કર્યે, શું છૂટે ભવ-પાશ? ૧૮

*

ભવજગમાં મીનમાનવી, ગ્રસ્ત મોહની જાળ;
ફાવી ન શકે ફંદમાં, ચરે ચાવણું કાળ. ૧૯

*

હૃદયપટે આળેખિયું, સુંદરી શુદ્ધ સ્વરૂપ;
તનુ-ઘરમાં સજ્જડ જડ્યું, ઓપે અમિત અનુપ. ૨૦

*

ગગનગ્રંથ તરૂ લેખિની, પૃથ્વિપટ પરખાય;
કાલિંદીનીર સાહીથી, હરિગુણલા ન લખાય. ૨૧

'દામથકી સૌ ભીંડે હામ.'

ચોપાઈ.

નર જરવિણુ દિસે કંગાલ;
મળે ન કંથા કયાંથી શાલ ?
વ્હાલાં વેરી થાય તમામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧

ફાટે તનુ ઉઝરડા ઘણા;
વેશ વક્ર દિદારતણા;
કેશ દીવેટો રાન મુકામ;
દામથકી સૌ ભીંડે હામ. ૨

ગર્થ વિના ગાંડામાં ખપે;
કન્યા દેવા કો ના ધપે;
ડાહ્યો દેખ્યો સર્વે દામ;
દામથકી સૌ ભીંડે હામ. ૩

કો દિન કો નવ મુખડું જોય;
ગુણિયલપણુજરહીનજોહોય;
હાંસી કરીસૌ કહે "હજામ";
દામથકી સૌ ભીંડે હામ. ૪

ધનપતિ ધંધે ધમધોકાર;
ઉપાડે ઉધાર હજાર;
નહિં ગરીબને ફૂટી બદામ;

દામથકી સૌ ભીંડે હામ. ૫
લક્ષ્મી લાવે વૈકુંઠ હેઠ;
કલ્પતરૂથી અદકી નેટ;
શંક ન મળતો ખાવા નામ;
દામથકી સૌ ભીંડે હામ. ૬
વસુધામાં જબ્બર વસુદેવ;
ઇંદ્રાદિ, સનકાદિ સેવ,
હરનિશ કરતા મૂકી મામ;
દામથકી સૌ ભીંડે હામ. ૭
પૈસો દેખી મુનીવર ચળે;
પ્રભુવત્ પ્રભુતા તેની પળે;
બને ગામ ને ધીંગાં ધામ;
દામથકી સૌ ભીંડે હામ. ૮
"જર હોય સો ચા'સોકર;"
"બીન જર કુછ ટકટક મત કર;"
જગમાં નહિં દે જરવિણ ડ્હામ;
દામથકી સૌ ભીંડે હામ. ૯
પૈસે પણ પૂજે પરમેશ;
ગાડી વાડી લાડી એશ;
ગર્થે ગોલા કરતા કામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧૦

આપે નહિં શિરે બદલામ;
જર જગમાં ઠરવાનો ઠામ;
શેઠ કહી સૌ કરે સલામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧૧
ધનિક કન્યા બે ત્રણ વરે;
વિત્ત વિનાનો વાંઢો મરે;
વસુહીન પશુએ ભડકે ભામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧૨
જરજીવન હૈયાનો હાર;
જર વિણ નરખર ગંડુગમાર.
ધન ધરાવે આખી જામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧૩
"પૈસે બાપા પૈસે ભાઈ;
"પૈસાવિણ સાચી ન સગાઇ;"
પૈસે "કાકા" કહે સૌ ગામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧૪
જપતપતીર્થતણું શું કામ ?
ધનથી પામે દ્વાદશ રામ;
હજો વસુને વીશ પ્રણામ;
દામથકી સૌ ભીંડે હામ. ૧૫

' અક્કલ બડી કે ભેંશ ? '

દોહરા. જરજોબનમાં ઝીલતાં, રટે નહિં પરમેશ;
અવસર વીત્યે આથડે, અક્કલ બડી કે ભેંશ ? ૧
પરણેલી પડતી રહે, પરસ્રીપ્રીત હમેશ;
જારકર્મમાં જઈ ચડે, અક્કલ બડી કે ભેંશ ? ૨
ફૂલણજી ફક્કડ બને, વરવા ધરીને વેશ;
છચોક છક્કડ ખાય પણ, અક્કલ બડી કે ભેંશ ? ૩
માન ધરે પરદેશનું, સડતો ભલે સ્વદેશ;
એવા પણ નર ભૂપરે, અક્કલ બડી કે ભેંશ. ? ૪
પંડિતપદને પામવા યોજે યુક્તિ વિશેષ;
ગમાર સમ નર કંઇ વસે, અક્કલ બડી કે ભેંશ ? ૫
દામ કાઢી દેવાતણા લેતા લ્હાવો બેશ;
પુઠે વૉરંટ્ કેદનું, અક્કલ બડી કે ભેંશ ? ૬
ખાટે નહિં પાઆની પણ નવરાઇ ન મળે લેશ;
નવલખશા ધનજી ખરે; અક્કલ બડી કે ભેંશ ? ૭
ક્હેણીવત્ કરણી નહિં બીજાને ઉપદેશ;
ચઢજો બેટા શૂળીએ, અક્કલ બડી કે ભેંશ ? ૮
હૂઝણી ધેનુસાટ લે, મદઝર માતો મેષ,
સો આપીને સાઠ લે, અક્કલ બડી કે ભેંશ ? ૯

બુઢ્ઢાને હઇ બાળકી, ખાસો કસબી ખેસ;
ઓઢી ફરતા ઓપતા, અક્કલ બડી કે ભેંશ ? ૧૦

સ્નેહી સંબંધી સર્વમાં સંપ તજીને દ્વેશ;
પરશું બાંધે પ્રીતડી, અક્કલ બડી કે ભેંશ ? ૧૧

બ્રાન્ડીના બુચ તોડતાં દે પયજામે ઠેશ;
ગંડક ઘૂમે નગ્ન થઇ અક્કલ બડી કે ભેંશ ? ૧૨

ઘૃતભર ઘેબરને મૂકી આરોગે નિત્ય ઘેંશ;
અણઘડ એવાં પૂતળાં, અક્કલ બડી કે ભેંશ ? ૧૩

શુદ્ધ મને શોધો કર્યો, અસત્ય નહિં લવલેશ;
ચુની ચિંતવે ચેતજો અક્કલ બડી નહિં ભેંશ. ૧૪

'સંબંધ સૌ બંધન રૂપ જાણો.'

ઈન્દ્રવજ્રા. શસ્ત્રાસ્ત્રથી હાથ ચડે ન કાળે,
જુઓ ફસે હાથી શિકારીજાળે;
સંબંધ માત્રે વિષયે દબાણો;
સંબંધ સૌ બંધન રૂપ જાણો. ૧

રહે જ્યહાં રોઝડીયાં રમંતાં,
ગૃહિણી સુતાદિ રહે ભમંતાં;
સુડા લીલા વજ્રતણા પ્રમાણો;

સંબંધ સૌ બંધન રૂપ જાણો. ૨

વિભિષણે રાવણ ભ્રાત ત્યાગી,
શત્રુ છતાં રામની સાહ્ય માગી;
હીરો ગણ્યો પત્થર ખુદ નાણો;
સંબંધ સૌ બંધન રૂપ જાણો. ૩

મેલા મને શ્વેત તને સુહાવે;
મુખે મધુ વિષ હૃદે ધરાવે;
સ્નેહી યદિ દૈત્યસમા પિછાણો;
સંબંધ સૌ બંધન રૂપ જાણો. ૪

શું વારિબિંદુય પત્રે ઠરે છે?
મેઘાવળો વાયુ વડા હરે છે;
કાયાદીવો થાય પુંકેથી રાણો;
સંબંધ સૌ બંધન રૂપ જાણો. ૫

'ધન જન સહુ ત્યાગી, થા પ્રભુમાં તું રાગી.'

માલિનીવૃત્ત. નર દર જરજાળે, જો જતો તું ફસાઇ;
કર ધરી ક્રૂર કાતું, કાળ ઉભો કસાઇ;
પુણ્યપથ સર, માયામોહિની બાપુ ! ત્યાગી;
ધન જન સહુ ત્યાગી, થા પ્રભુમાં તું રાગી. ૧

ભવજલ તરવાને, હોડલું એક સાચું;

" ભગવત જગતાતા," બાકીનું ક્રોડ કાચું;
કૂદી પડ ઝટ તેમાં, છોડ નિંદ્યા તું નાગી;
ધનજન સહુ ત્યાગી થા પ્રભુમાં તું રાગી. ૨
સ્વજન સુહૃદ છાંડી ધ્રુવની ભક્તિ કેવી ?
પરમ પુનિત મુક્તિ, લીધ પ્રલ્હાદ તેવી;
ફળ ભ્રખી શવરીનાં, મોક્ષથી ભીંડ ભાગી;
ધનજન સહુ ત્યાગી થા પ્રભુમાં તું રાગી. ૩
વિધિછળબળ ભારી વ્યર્થ ત્હારી લવારી;
અવર ન ભયત્રાતા, વિણુ શ્રી ચક્રધારી;
કર નર કંઇ ત્હારૂં મોહતંદ્રાથી જાગી;
ધન જન સહુ ત્યાગી, થા પ્રભુમાં તુંરાગી. ૪
પળી પળી કરી સિંચે, વાણિઓ ફાવી દાવે,
કરમ ન યદિ કુપ્પા, રામજી તો લડાવે,
અતિથિ ન કદી પામે, જે ગૃહે મુષ્ટિ માગી,
ધનજન સહુ ત્યાગી થા પ્રભુમાં તુંરાગી. ૫
મૂઢમતિ ! જરી જો જો દિવ્ય આ દે' મળેલો;
યદિ ન સુજન સેવ્યા ખાખ પૈસો રળેલો;
ખરવત ભરી ડોઝું શું બને છે સુહાગી ?
ધનજન સહુ ત્યાગી, થા પ્રભુમાં તુંરાગી. ૬

એપ્રીલ ૧૯૦૫.

ગત શોચ નહિં, કૃત ચિંતવ નહિ.

હરિગીત.

કૃત વાતનું ચિંતન કરી ચિંતા ચિતાપર ચઢ નહિં,
કંટક ગુલાબે, નિર્ઝરે રૂપેરી પણ કર્દમ સહી;
જો જલદ રાહુ સૂર્યચંદ્રાદિ ગ્રહોને ગ્રાહ્ય છે;
શુદ્ધ બિંબ પણ ગ્રાસ્યાથકી પ્રતિ વર્ષ ગ્રહણો થાય છે. ૧
મધુરી કળી મોગરતણી રહે દુઃખદ વસ્તુ તે મહિં;
નરજાતની એ પ્રકૃતિ છે ચુક થાયે કહિં કહિં;
ગત શોચ નહિં સંભાર નહિં કૃત વસ્તને ચિંતવ નહિં;
પણ ભાવિભૂલ સુધારવા કસી કમર કર ઉદ્યોગ અહિં. ૨

૩-૧-૧૯૦૫

સદ્ગુણ.

વસંતતિલકા. જો સૂર્ય ચંદ્ર ગ્રહ આદિ નભે છૂપાયે,
જો તે કદાપિ નગ નાગ યૂથે ગૂપાયે,
કિંવા રિસાઇ નિધિમાંહિં સદૈવ ડુબે,
સદ્ગુણ ધર્મ ધરતાં નિજનો ન ચૂકે. ૧
સદ્ગુણ કાર્ય કરશે જ સદા કરેલું;
સદ્ગુણ નેત્ર ધરશે નજરે ધરેલું;

ભાળે બધું સદગુણો જ સ્વયંપ્રકાશી;
સદ્દગુણ પુષ્પ, ભ્રમરો મન, વાસરાશિ. ૨

બુદ્ધિષ્ઠિરાદિ અધુના ભૂપરે ઝગે છે;
કૌશિક રામ ધ્રવજી તપથી તપે છે;
દુર્યોધનાદિ ભૂપતિ છતરે છવાતા,
સૂતા સ્મશાન નથી ગુણ જગે ગવાતા. ૩

માટે વીરા ! કવચ ધરી સદગુણ કેરૂં,
કીર્ત્તિમિનાર ચણ, જેમ સુવર્ણ મેરૂ,
અંતે મૂકી સદગુણેથી સુવાસ સારી;
નિશ્ચે ન માલ કરવેથી બુરાઈ પ્યારી. ૪

ફેબ્રુઆરી ૧૯૦૫.

કન્યાવિક્રય નિષેધાષ્ટક.

શાર્દૂલ વિક્રીડિત.

સુતાને અરૂ ધેનુ દોરી જગમાં જાશે જ જ્યાં દોરી ત્યાં,
તો અંધા બની આમ બંધુ કરતા, લીલામ કન્યાનું ક્યાં?
બંધુ ફૂહી તમને જ બોધ કરતાં, જિહ્વા ન કાં તૂટતી ?
માંસાહારી વિશેષ આયુ તમની દોરી ન કાં ખૂટતી ? ૧
પાળ્યો પોપટ પિંજરેથી દૂર દે, પાંખો ન તોડો વીરા !

કાગાકંઠ દિપાવવા ન ધપશો, અગ્રે ધરીને હીરા;
વિચારો કરવું જ એવું વિષ દૈ મારો સૂતી બાળને,
પામીને સ્વર્ગીય સુખ રમશે ત્યાગી બુરી ઝાળને. ૨

નિરાશ્રિત અનાથ બાળ રડતી "ભૂ પા તું મા," જે કહે,
વિધુરા બની નાથમર્ણ નિપજે કેડો બળી શું સહે?
આપે શ્રાપ હજાર માતુપિતુને નર્કે જ વાસો હજો,
કિંવા ભૂતળપાપ શિર ચઢજો બ્હોતેર તો બૂડજો. ૩

આપો બાળ સનાથ ગુણી વરને વિદ્યાવસુવાન જો,
ઉંચો શીલકુલેથી પુખ્ત વયનો રૂડું હૃદે જ્ઞાન જો;
એવા ગુણ નિહાળી હાથ અરપો તો તો પિતારે ખરા,
બાકી લેખું દુરાત્મ દુષ્ટ જમડા કિંવા કુડા લ્હોછરા. ૪

ફેરા મંગળ બાળ કેડ ધરીને, લાજો ફરંતાં નરો!
હીરાની બકી હોડ ક્રોડ ગ્રહતાં નીતિ રીતિ આદરો;
ચંડાળે પણ સુજ્ઞ કાંઇ તમથી વેચે ન તે પેટરે;
યોનિ બ્રહ્મતણી મહિં શું જનમી ચંડાળથી હેઠરે? ૫

સંધ્યાથી નહિ પાપપૂર ખળશે, કન્યાતણા વિક્રયી!
ગાયત્રીજપથી શું કૃત્ય બળશે સારે ન પૂજા કંઇ;
વાંકા વિક્રયીથી જ રામ ભીમ સા કૃષ્ણે નથીં કૈં કુળા;
મ્હેલાં મારી મુકી પછી શું મનવો આપી મુળા ઉજળા! ૬

રોપે ખેતરમાંહિં બીજ રૂડલું રૂડાં ફળો પામશે;

જો વાવે કદી અર્ધદગ્ધ મજુરી આટાલુણે સૌ જશે.
સુતાવિક્રયી જો કદાચ બનિયા, લુલી અને પાંગળી,
ચામો દુષ્ટ પ્રજા હજાર ખટની છઠ્ઠી ઉગે આંગળી. ૭

માનો બંધુ વિવેકી અલ્પમતિની આ છે રૂડી શીખ રે,
શંકોરૂ લઇ હાથ વાટ વિચરી કિંવા ભીખો ભીખ રે;
જો ના દામ મળે સ્વહસ્તમહિં તો કંકુ અને કન્યકા,
પાનેત્રેથી વીંટી જ દાન કરતાં કાર્યો સરે સો ટકા. ૮

મે ૧૯૦૫.

આશિષપાત્ર ઠામ.

શિખરિણી.

હજો આશિષો જે ગૃહ અતિથિ ખુશીથી વળતા,
મજુરીને મૂકી રજનિસમયે અગ્નિ મળતા,
ભલું થાજો જ્યાંહિં, ગરજુ દુઃખીયાં વાસ કરતાં,
પરોણાઓ મીઠા નવ નવીન સતકાર વરતા.
ભલી ઉજાણી જે અતિ સરળ ખાણાથી પુર છે;
નિરોગી કુટુમ્બી સરવ ચકરે જ્યાંહિં સ્થિત છે,
હસી મંદા હાસ્યે, મસકરી કરી જે હરખતાં,
દયાથી રૂવે છે કરૂણમય વાતો શુણી જ જ્યાં,

પરોણો જે દાબે શરમમજુ ભોજન ગ્રહવા
અને શીખે જ્યાંહિં રૂડું કરી સુખાદિક વરવા.

મે ૧૯૦૫.

ષંઢ.

હરિગીત. કાગ કંઠે કીડીયાંની કંઠી સોહે નહિં મણિ;
કસ્તુરી શુંય કપોતને શું શ્વાનને હીરાકણી?
મૌક્તિક માળા બગ ગળે ધરતાં નહિ મન રાચતો;
તજી શર્કરા સુધાસમી ખર કુશકા ખુબ ખાઇ જતો. ૧

પયપાન પી તદપિ ભુજંગ ન વિષ વસમું ત્યાગતો;
સુખસાહ્યબી રાજા સમી, ભિક્ષુક ગૃહગૃહ માગતો;
કોરે ધરી રંભાફળો, ઝટ ઝાંખરાં ઊંટ ચાખતો;
શું ષંઢ સુંદર સુંદરીશું પ્રેમબંધન રાખતો? ૨

૭-૧-૧૯૦૫.

માનવીની વિસાત.

હરિગીત. તમમય નિશા, ભીષણ સમુદ્ર, હમેશ માટે ધુંધતો,
સમયે સ્વશક્તિ દાખવી જળવીચિ જબ્બર રેલતો;

પ્રતિ દોડતાં મોજાં થઇ મશગુલ સુખ ઉચ્ચારતાં,
કરી ઐકય નભશું આથડે,સ્વર્ગીય સુખ શું ઇચ્છતાં?! ૧
વળી પ્રબળ વાયુ વેગથી વાયે અતિ સુસવાટતા;
ઝબકારથી ઝબકે નભે સબળા ત્વરિતા વિદ્યુતા;
(ઉપરના.) અનુકુલ શિક્ષક અનુભવી મગરૂર જનને શિખવે;
જગમાંહિતુંજગુંજાતનહિંઅભિમાન તજનરતુંહવે. ૨

વ્યભિચારિણી.

પારકા નરશું નેહ ધરનાર, અવતરી કુલમાંહિં અંગાર;
ગણી વિષ અમૃતકેરી ધાર, આદરે પરનરશું વ્યભિચાર;
નિકટ સ્નેહીનું સગપણ શાનુ? મોટું સગપણ મનગમતાનું;
ધર્મપતિ દુનિયામાં ન્હાનું, અવર પુરૂષ છે મૂળ મજાનું;
હજો નારીને શત ફિટકાર, રમે બેજાર બનીને જાર;
સુધાસિંધુ માને દવ ખાર; ભોળવે ભલપણથી ભરથાર.
અવર પુરૂષની સંગતથી કઇ રંગત શું રહેનાર?
દગ્ધ થશે કર નિશ્ચે જાણો સ્પર્શ થયો અંગાર;
મૂકી મીઠાઈ ચાખતા ચાર, ગુમાવે ખાલી બોજ ગમાર,
કરે નહિં અંત સમે કો વ્હાર, દોરશે જમ રૌરૌને દ્વાર. પા૦

વિદ્યા.

વિદ્યા અતિ સુખકાર,જગતમાં,વિદ્યા અતિ સુખકાર;
વિદ્યામાતા સુખની દાતા, ત્રાતા શાતા સારઃ-જગત૦ ૧

ખરચે ન ખૂટે, ચોર ન લૂંટે, હાકેમ નહિં હરનાર;
શાહ સુબા સુલતાન ન દંડે અડકે નહિં અંગારઃ-જગત૦ ૨

રૂપ ન જોતી દ્રવ્ય ન જોતી જોતી ન યૌવન સાર;
કુળની મોટપ ખોટી લેખી, કરતી ન અંગીકારઃ-જગત૦ ૩

સંચય કરશો વ્હાલા વીરા ! ભાવેથી ભણનાર;
ભ્રાતા પાડે ભાગ ન એમાં સંપત્તિ સહુ જણનારઃ-જગત૦ ૪

તન ધન જોબન રંગ રાગશું સખ્ય નહિં તલભાર;
કામધેનુ સખી વિદ્યાદેવી સેવી ન જાણો ગમારઃ-જગત૦ ૫

હંસલાને ઉપદેશ.

હો હંસલા ! ગર્વ ખુમારી ના કરજે,
શમ દમ શિતળ છાંયડી, ઑથે બેશી ત્રિતાપ પરહરજેઃ—
હો હંસલા૦ ૧

ગર્વે ગળિયા પળિયા પંથમાં રે, ભળિયાં નર્કે નંગ;
દોષિત દૂધ થયું જો જાણ્યો, તક્રતણો કુસંગઃ—
હો હંસલા૦ ૨

કાળ પાંખ ફફડાવતો રે ક્રૂર પીસે નિજ દંત;
આયુષ્યચારો ચરી જતાં, આવે ઐહિક સુખનો અંતઃ—
હો હંસલા૦. ૩

ફક્કડ થઇ પુલ્યો હુલ્યો રે, ડુલ્યો દેવામાંહિં;
રમેશનું ઋણુ લેશ ન પતવ્યું, વિફળ વિમાશે શું થાય?:—
હો હંસલા૦. ૪

વૈભવ વાધ્યો વાંઝિયો રે, નિપજ્યાં નહિં ફળ ફૂલ;
દીન પ્રિતમ પુરૂષોત્તમકેરૂં, સહસ્ર મણિ સમ મૂલ્યઃ—
હો હંસલા૦. ૫

જૂઠી દુનિયા.

ઠુમરીની ચાલ. ખરે ખોટી દુનિયા તું પ્રાણી માનજેરે–ખરે૦

કાચકળશવત્ કંચન કાયા;
સાકરથી મીઠી છે માયા;
ઉઠ ખલકના પાયાઃ–પ્રભુ વખાણજેરે–ખરે૦ ૧

ઢોંગ સોંગને ગપ્પાં સપ્પાં;
સૌ મારે ધર્મીને ધપ્પા;
લોભમોહના લપ્પા;–જગમાં જાણજેરે–ખરે૦ ૨

જલબિંદુ જલધિમાં જેવું;

વપુ વરણાગી વિશ્વે તેવું;
માલૂમ પડશે એવું:–અવસર નાણુજેરે–ખરે ૩

હું પદમાં મરડાઇ મરે શું ?
પત્થર લઇ કો પાર તરે શું?
એથી સ્વાર્થ સરે શું ?–ત્રાક ન તાણુજેરે–ખરે ૪

બહિર્ ઉપાધિ સર્વે ટાળી,
અભ્યંતર આતમને ન્યાળી,
ષડરિમૂળને બાળી;–બ્રહ્મ પિછાનજેરે–ખરે૦ ૫

નિજાનંદમાં મગ્ન રહેવું;
ધૈર્ય ધરી સંકટ શિર સહેવું;
ચુની સત્ય શુભ કહેવું;–અંતર આણુજેરે–ખરે૦ ૬

ડીસેંબર. ૧૯૦૪.

જનમ સફળ કરવા વિષે.

ગોડી.

જનમ સફળ કર ત્હારો, પામર પ્રાણી, જનમ સફળ કર ત્હારો.
ખોટો ખેલ ખરે આ ખલકનો, અલખનિરંજન ન્યારો;
પામર૦ ૧

નાવ હરિ, જપમાળ જપીને, રહ્યા ભવજલધિઆરો;–
પામર૦ ૨

ભજનતણો ભાલો કર ગ્રહીને, છેદ વિષયવિષકયારો;—
પામર૦ ૩
મોત નજીક આવે, દિન દિને, ચરવા ચાવલ ચારો;—
પામર૦ ૪
માતાપિતા ભ્રાતા નેભગિની,સ્વાર્થ સુધી કહે"મ્હારો";—
પામર૦ ૫
ફોકટ ફંદે કુછંદે વળગ્યો, ઝેર વૃથા જનમારો;—
પામર૦ ૬
ચુની પ્રભુને પ્રેમે ભજતાં, વૈકુંઠનો પણ વારો;—
પામર૦ ૭

જગતની બાજી.

કાફી. મિથ્યા જગ–બાજીરે, ઝાઝી પ્રાણી લતે ન ચડો;
સત્યશીલનાં ત્રાજુંરે, ધર્મતણો ધારો ઘડો;—મિથ્યા૦
લોભ ક્રોધ માયા ને મમતા, સોગટી કાચી ચાર,
ચતૂરાઇપાસો ઢાળતામાં, નિપન્યો નવીન પ્રકાર;
તાકી કંઇ ઉરાડીરે, ખેલે છે ખેલાડી છડો;—મિથ્યા૦ ૧
ચાર ઘડીના ચાંદરણાવત્ સૂલટા પડયા પોબાર,
પૂંઠે પાજી બાજી હાર્યો, બનિયો ગંડુ લાચાર;

હાર રૂપ હારો હારીરે, બેઠો રંક બની ખડો;-મિથ્યા૦ ૨
રંકઅવસ્થામાં બહુ ભટકયો, ગુરૂકૃપા જ્ઞાનગંગ,
સ્નાન કરંતાં શુદ્ધિ પામ્યો, નાવ જડયું સત્સંગ;
ભવજળનિધિ તરીયોરે, સ્હેજે મળીયો સુધાઘડો.મિથ્યા૦ ૩

હરિજન કોઇ વિરલા જ.

લાવણી.—જે કોઇ હરિજન નિવડે, બ્રહ્મમાં તેનું ચિત્ત જઇ અડે;
સાગસિસમ પર નકૂશી જડે, પકવ રાયણપર શસ્ત્ર ન અડે.
સો મણ સોને સોનૈયો, જો ખરની ચામડી મઢે;
મુંકી પંથમાં ગર્ધવ ગંડક ધૂલિમાંહિં આખડે:—
બ્રહ્મમાં૦ ૧.
કુરૂપ કાગને સુજન શોખિલો, પોષે મુક્તા વડે;
રાજહંસ રઢિયાળાં પંખીની, પંક્તિમાંહિં નવ ચડે:—
બ્રહ્મમાં૦ ૨.
ઠગ બગલાને મણિમાલિકા, નૌતમ નવલિ જડે;
મચ્છપરે મલકાનારાની કો દિ ન ચંચુ અડે:—
બ્રહ્મમાં૦ ૩.
કાળ વ્યાળ વસમો વાદીજન, પાળે દૂધડાં વડે;
વાંક પડંતાં નિજ રક્ષકને દંશ દેઇને નડે:—
બ્રહ્મમાં૦ ૪.

ઘસી કોયલા ચુલામાંથી ગંગવારિમાં પડે;
કાલાન્તે કાળાશ ન ત્યાગે, મણ સો સાબુ વડેઃ—
બ્રહ્મમાં૦ ૫.

સર્પ નોળિયા સંપ ચાહી, ચિત્ત મળે યૂથ થઇ હડે;
સમય પરત્વે, નિશ્ચે જાણો, આપસમાંહિં લડેઃ—
બ્રહ્મમાં૦ ૬.

પરનારીશું લપટાણો નર શત સંકટમાં સડે;
સોનાશી સંધિ મળતામાં જારપંથમાં ચઢેઃ—
બ્રહ્મમાં૦ ૭.

હરિકથા વિણ પામર જન, ભવઅબ્ધિમાંહિં રડવડે;
ચુની કહે સ્હેજે તરશે, સતસંગનાવડું જડેઃ—
બ્રહ્મમાં૦ ૮.

જીવને હિતવચન.

મન માયાના કરનારા રે—રાગ.

શુદ્ધ શિવરૂપ જીવ જોને ભાળી રે, જગે ગૂંથી વિષયમોહજાળી;
સતિ યતિ ભૂપતિ જંજાળી રે, શેઠ ચાકર ઠાકર કોળી નાળીઃ-
મરદે મરાણા, દરદે દબાણા, ગરદે ગળ્યા ભાગ્યશાળી;
ક્રોડપતિ છત્રપતિ સૂતા શ્મશાન, કરે ગીધ ઘૂડ કગ્ગા દિવાળીરેઃ-

ભંગુર ભોગ દિવ્ય દારાથી રમીયા, રતિની વાતો રસાળી;
કોડીનતોડીપુણ્યપંથ મૂઢ! અંતલગી,મ્હેલમાળ સુધરીની માળીરેઃ–
રામરસજામ તજી ચાખી મદિરા, ગણી કામ સુરકલ્પવૃક્ષડાળી;
મોહ્યા ઝાકળજળ મોતીને માન્યું, જોયું પુંઠે ન અંધ વાટ વાળીરેઃ–

જ્ઞાનામૃત.

રાગ ઉપરનો.

જોને હેતે હરિજલહંસારે, કાચકુપ્પી ખરે છે તારી કાયા;
ગયા જોગી ને ભોગી મા'રાણારે, પીર પેગંબરે છે ચવાણાઃ–
ભામા છે ભાયા, આ મિસરીશી માયા,પાણીના રંગો જમાયા;
જાણ્યું તે કોરે જોતા તમાસો, માયા મરજીવા કૂટાયારેઃ–
સંસારસરવર તીરે બન્યો તાસ, બગ્ગાએ ધ્યાન ધરાયા;
ચેતાવ્યા ચેત્યા ન માન્યા ગુરૂ,ધન ધોળે દ્હાડે તો લૂંટાયારેઃ–
કૃપા કરી કિરતારે ઘણી, પછી માનસકાંઠા દેખાયા;
સદ્ગુરૂવેણ મોતી ભક્ષણ કીધાં, વૈકુંઠવૈભવ પાયારેઃ–

જીવીને કાંઇ જન્મસાર્થકે ન કદી કર્યું;
મદાન્ધ થઇ શરીરને અઘઓઘથી ભર્યુંઃ—જીવીને૦ ૧
ભૂજા ભુજંગફેણીશી કે બાવળીની ડાળ,
જો હસ્ત વડે દાનપુણ્યમાં ન કંઇ વર્યુંઃ--જીવીને૦ ૨

પુણ્યપંથ ત્યાગી પાય પાપમાં પડ્યો;
શશલાશૃંગ સરીખું જીવન ધિઃક તેં ધર્યું:—જીવીને૦ ૩
ચાડી ગપ ગમાર તાર તેરસેં છૂટે;
વિષપૂર્ણ વ્યાળ જીભ, સુધા પરહર્યું:—જીવીને૦ ૪
વેદવાણી વિમળી ન સુણી કાનથી;
અસત્યનાવ ભવજળે ન દીઠું કે તર્યું:—જીવીને૦ ૫

ગોડી.

હરિનો ભરોંસો કરજે, ઘેલા પ્રાણી, હરિનો ભરોંસો કરજે;
ભજનનાવ લઇ ભવરૂપ સિંધુ, ભીષણ તું પણ તરજે.
—ઘેલા૦ ૧
કામ ક્રોધ મદ મોહને ત્યાગી, દયા ક્ષમા ધૃતિ વરજે.
—ઘેલા૦ ૨
ઇંદ્રજાળ ઇશ્વરની ભારી, પ્રાણાન્તે ન વિચરજે.
—ઘેલા૦ ૩
અવરને ત્યાગી પ્રભુપદપંકજ, શુદ્ધ મને તું સ્મરજે.
—ઘેલા૦ ૪
"ગુરૂવિણ જ્ઞાન ન, વિણજ્ઞાન મુક્તિ ન," નિશદિન સુક્ત ઉચરજે.
—ઘેલા૦ ૫

સંસાર અસાર.

નથી જગતમાં અસાર છે સંસાર, કાચનો કુપ્પો કાયા યાર!
સાખ-એ રાગ. શી વલેહ જીવડા થશે તાહરી, વિણ બેલી મોરાર?
— અસાર૦

કુંભ કાચો મૃત્તિકાનો જેવો, ઈંદ્રધનુષ્યના રંગ;
જીવિત તેવું જૂઠું જાણો, ક્રૂર વિધિના ઢંગ.
ભૂખ્યો સ્વપ્નામાં જમિયો, વાંઢો વામાશું રમિયો;
જાગે પામે નહિં સાર, પાણીપરપોટો માયા ધાર.
—અસાર૦

સાખી. ગરથગુફામાં ઘૂમિયો, પાડી ધર્મપર ધાડ;
પરસ્ત્રી પરવિત્ત પેખીને, ડળકાવી છે દાઢ.
રમ્યો નર ખોટી બાજી યાર, હારી હરિહિરલો
થાશે ખ્વાર.—અસાર૦

મુરખડા મનવા! જાગી તું જોને તપાશી;
હરિજળના હંસા! કાળતણી શિરે ફાંશી:-મુરખડા૦

સાખી. દેહનાવ ભવસાગરે, ડગમગ ડોલાં ખાય;
ગભરાણો જીવપથિક ત્યાં, તન તલપાપડ થાયરે;
ભટકાયો ભવમાં, ફરિયો તું લક્ષ ચોર્યાશી:
—મુરખડા૦

સાખી. આશામોજાં ઉલટયાં, વમળવિષયો સાર,
પ્રપંચપવન ફૂંકાય છે, કુકર્મ ઝાઝો ઝારરે,
માયાના ભાયા, સમર્યા ન શે' અવિનાશી.
—મુરખડા૦

રસમય દોહરા વા સાખીઓ.

*

પ્રેમતરૂ પલ્લવિત જ્યાં, પ્રેમવારિ સિંચાય;
પ્રેમી માળી નહિં મળે, પ્રેમપુષ્પ મિંચાય. ૧

*

ચંપા ધન્ય! રૂપ રંગને! ધન્ય! ધન્ય! તુજ ગંધ;
ભોગી ભ્રમરો વલવલે, પ્રેમ પરિક્ષક અંધ ! ૨

*

પરજન્ય પર પ્રીતિ અડી, પરજન્ય પરજન ચાહ્ય?
તૃષિત ચાતકી ટળવળે, પ્રેમસિંધુની માંહિં. ૩

*

ગુરૂપદપંકજ પેખીને, મનમકરંદ ભમાય;
ભક્તિરસપાને કરી, પદ કૈવલ્ય પમાય. ૪

*

વિશ્વરૂપ વેલીતણા, કમલાકાન્ત કુસુમ;
ચુંટી સંતો શિર ધરે, ચુંથે કાયર સુમ. ૫

*

મનમધુકર, પંકજ પ્રીતિ, તનઉદ્યાન નિદાન;
મિષ્ટ મધુ રસપાનથી, મનભ્રમરો મસ્તાન. ૬

*

દામ ન લે સંતો શૂરા, પર ઉપકારે જાણ;
જનસુખ માટે ઉગતો, ભાણ ન લેતો દાણ. ૭

*

અવગુણ પર ગુણ આદરે, ધન્ય! ધન્ય!અવતાર;
ચંદનતરૂછેદનથકી, મ્હેંકે વાસ અપાર. ૮

*

પૂર્વ જન્મ પ્રભાવથી, સુબુદ્ધિ પલટાય;
મોદક મન ગમતા મૂકી, કાંઠબીલાંને ખાય. ૯

*

ઝેર ગણો સંસારને, પ્રેમ પ્રપંચની જાળ;
આશા અજગર કારમો, વિષય વિષધર વ્યાળ. ૧૦

*

ધર્મઢાલ ધીંગી ધરી, કર્મ શુભ કોદંડ;

ધરી ટેકતલવારને, નર્કદ્વાર કર ખંડ. ૧૧

*

મનમે'રામણ ઉલટયો, લોભપૂર પથરાય;
આશાછોળયો આકરી, જીવપંથી ખેંચાય. ૧૨

*

પાપપૂરને ખાળવા, અંતે હયો સંભાળ;
સત્ય, શીળ, સંતોષની, બાંધો પ્રૌઢી પાળ. ૧૩

*

પુણ્ય વચન બી રોપિયાં, જલસત્સંગ સિંચાય;
સદ્ગુણફળ લચી ઝુકતાં, હૃદયક્ષેત્રની માંહ્ય. ૧૪

*

પ્રેમ હોય ત્યાં નેમ નહિં, નેમ નહિં ત્યાં પ્રેમ;
તાલ કશો બાઝે નહિં, સુગંધ ને વળી હેમ ૧૫

*

સત્તા આગળ શાણપણતણું નહિં કંઇ કામ;
ભાનુ ચંડ કિરણથકી, મૂકે ચાંદલો મામ. ૧૬

*

સમજુ જન સમજી જશે, દુરિજનને નહિં કાંય;
ડુંકારો બસ તેજીને, ગદ્ધો ગોદા ખાય. ૧૭

*

અલ્પ જ્ઞાની ગંડક થયો, ખસે સમૂળી શુધ;
ભેંશ ભાગવત જો સૂણે, દુઝે નહિં તે દૂધ. १८

*

જ્ઞાનઘુંટ મુરખો પિયે, પૂંઠળથી નહિં કાંય;
શ્વાન પૂછે શિલા ધરો, વાંકી વળતી થાય. १९

*

ઘડીમાં આંસુ આંખમાં, ઘડી હૃદયે ઉમંગ;
આયુ ચિત્તવૃત્તિ તણું, મેઘધનુષના રંગ. २०

*

મદનમાછીના હાથમાં, ભીષણ મોહક જાળ;
હૃદયમીન અકળાઇને, પડે પાશ તત્કાળ. २१

*

વેણુ સુધા વિષ વેણુ છે, વેણુ વિણાનો તાર;
વેણુ સ્નેહ નિર્મળ ઝરો, વેણું વેરાગાર. २२

*

હરિહીરો દિલદોરલે, પ્રોવો પામર જન;
જળસ્થળે પે'રી ભલે ભેટો બ્રહ્મસદન. २३

*

મૃગતૃષ્ણાવારિ સમો, અફળ સકળ સંસાર;
બાજી બાજીગરતણી, મિથ્યા જગ વ્યવહાર. ૨૪

*

લસણ વ્યસન આદિ તજી, ભિંતર ફેલ ધરાય;
મન ગાડાગાળે ઘૂમે, પ્રભુપ્રિત ક્યાંથી ચખાય ? ૨૫

*

વિરહિણીનો ઉપાલંભઃ—

કોયલને. કોયલડી ! રવ તું કરે, બોલે મીઠી વાણ !
શ્રાપ પડો સૉદ્દી તુને, આવ્યા ના પ્રિય પ્રાણ ! ૨૬

મયુરને. કેકારવ ક્યાં મોરલા ! કરો બની બહુ બેશ ?
સર્વાંગે સુંદર છતાં, વ્યંડળનો તમ વેશ. ૨૭

મેહને. યૂથ મળી સ્મિત ક્યાં હસો, ગર્જંતા ઘન મેહ !
ન્યાયી પવનપિતા વડો, દંડે તે તમ દેહ. ૨૮

ચાંદનીને. ચાંદની! કર હાંસી હસી, નવ ત્હારો વિધિવાંક;
ચંદ્ર રિસાઇ ચાલતાં, બનશે તું પણ રાંક. ૨૯

ચંદ્રો. રશ્મિશર ફેંકી દિયે, શીતકર ક્યાં સંતાપ ?
ક્ષયભય નવ ભારી ગણ્યો, હજી માગે શિરશ્રાપ?! ૩૦

*

મનસ્વાર ભટકે ભવે, જ્ઞાનતુરી ન લગામ;
ચિત્તચાનકચાબુક વિના, આઠે જામ ન કામ. ૩૧

*

અસાર ભવસાગર ભર્યો, જીવપ્રપોટ પ્રમાણ;
સંત તરંગ સુધા ઝીલે, અનંત જંત અજાણ. ૩૨

*

શું સૂર્ય કો દી દીપપ્રભાગરજી ગણી અરજી કરે?
સરિતાતરંગો ઝીલવા, સાગર સબળ મરજી ધરે?
વાડી વસંત ખિલાવવા, તરૂવરની યાચે સ્હાયતા?
લાયકમણિ લાયકવિના, નાદૂર પગ ડગતા જતા. ૩૩

*

લ્હો સ્પર્શમણિના સ્પર્શથી, લોહું ફીટી કંચન થશે;
પ્રતિબિંબ આતમચંદનું, જડમય તનુ ચેતન થશે;
પ્રિય પ્રેમિલા શશીકાન્તને શશધર કરે દ્રવિભૂત કરે;
લાયક ગુણે સંપન્ન સજ્જન કરી અનુગ્રહ પીડ હરે. ૩૪

*

જયમ અમાસે શશીબિંબ આકાશે અમરથું ઓપતું;
જગ મૃગ-તૃષ્ણાલ્હેર સમ વિભ્રમ કરે શુભ શોભતું;
આ સ્વપ્નવત્ સંસાર દુઃખઆગારમાં ચિત્ત લોભતું;
જળસ્પર્શબળથી સબળ કાગળહોડલું લુલું થતું. ૩૫

*

કમળપરિમલ ચોર વાયુ, બ્હી પ્રવેશે મ્હેલમાં;

અંધાર ભાનુત્રાસથી, આકાશ રૂપી જેલમાં;
ક્યાં ફેર સજ્જન દુર્જને, શું ફેર અત્તર તેલમાં;
હીરો ગણ્યો પથ્થર બન્યો, ઘસડાઇ આ ભવરેલમાં. ૩૬

*

દશા કુસુમ-કંદુક ચઢી, પડે વિષમ ઘડી વાટ;
ફરયા દશામાં કો હસ્યા, રડયા ઘણા હૈયાટ. ૩૭

*

હર્ષશોકનદિયો વહે, મનમા'સાગર માંહ્ય;
નરતનુ નૌતમ નાવડું, ઝાઝાં ઝોકાં ખાય. ૩૮

*

તારાગણુ હિમકર દિપે, સુરમાં શ્રીશચિશ્યામ;
સરવર સોહે પદ્મથી, સ્ત્રીવૃંદે સતિ ભામ. ૩૯

*

સયોગિનીની ઉક્તિ.

ચંદાને. વ્યોમવાડીએ સંચરી ચંદા ! માણે મોજ;
હું યૌવનવનમાં રમું, રસિયા સાથે રોજ. ૪૦

ભ્રમરને. ભ્રમર ભોગી તું ઘેલડા ! ચુંસે શુંય મૃણાલ ?
પંપાપંકજ આ અહિં, રસભર રંગી રસાળ. ૪૧

,, ભ્રમરા ભોળા શું લિયે, વિધવિધ પુષ્પ સુગંધ ?
આવ અહિં ઝટ પાઠવું, પ્રેમી પ્રેમપ્રબંધ. ૪૨

પવનને. પવન ! પાંખ ફફડાવ ના, ના કર મીઠું ગાન;
રસિયા પોઢયા સે'જમાં, રખે જગવે સુજાણ. ૪૩

બપૈયાને. બોલ બપૈયા ! શું લવે, છે ત્હારા 'પિયુ' કોણ ?
મ્હારા તો મંદિર વસે, ત્હારા તે તું જાણ. ૪૪

ચાંદલાને. ગગનવિહારી ચાંદલા ! તપજે તું મધ્યાન્હ;
નણદલવિરના સાથમાં, હું માણું રસ-લ્હાણ. ૪૫

*

પરને પીડે પિંડથી, આપે પામે દુઃખ;
રવિપ્રતિ ધૂલિ ફેંકતાં, ખરડાશે નિજ મુખ. ૪૬

*

સરવર ! અવસર આવિયો, રેલે તું અમીધાર;
મેઘરાજ મોંઘા થતાં, બિંદુ નહિં મળનાર. ૪૭

*

મિથ્યા ફાંફાં જગમહિં, કોડ વાત કરચાશ;
સત્ત્વ રહિત ધૂલિ ધમે, કંચનની કયાં આશ ? ૪૮

*

હાથતણો સ્વસ્તિક રચી, કાં ઇચ્છો શુભ સુખ?
રાબ રાંધી મુખે ધર્યે, ભાગે ભુંડી ભુખ. ૪૯

*

લસણુતણા ક્યારામહિં, બરાસની શી મ્હેંક?
નહિ અંતર અભિમાનીમાં, સદ્‌ગુણના સુ-ઙ્હેંક. ૫૦

*

તનડાકેરાં ત્રાજવાં, મોહું મન્નબજાર;
હૈયાકેરી હાટડી, ગ્રાહક ગુણી ભરથાર. ૫૧

પ્રીતિવચન વેચું અમો, જો જરજોબન હાથ;
છળ છાતિ પિયુ છેતરે, સાખ પુરે રતિનાથ. ૫૨

*

'ગૌર બદનની ગોરડી, કર ના ચક્ષુ ચમકાર;
'યૌવનવન દવ લાગતો, વરસે મદનાંગાર.' ૫૩

'કર્કોટકને નળનૃપે, આપ્યું જીવનદાન;
'અનળશમન વીરનળ મળે, તો ર્‌હેશે આ પ્રાણ. ૫૪

'પુણ્યશ્લોકને વિષધરે, વર્ષ કીધો ઉપકાર;
'હૃદયમંદિરે વાસીને, અર્પું જીવનહાર.' ૫૫

જન્મભૂમિનું મંગલગાન.

વંદન જય અગણિત ગુણી ભૂમિ રસભરી,
અમરસદન, મનપ્રસન્ન, હિંદ ઇશ્વરી. વંદન૦ ધ્રૂ૦

મહેન્દ્રવાટિકા સમાન ઓપતી રસદ્યુતિ,
અખૂટ અમૂલ્ય કોષમાં વસે સદા શ્રી ભારતિ;
સત્યવતિ, શીલવતિ, રત્નવતિ, શ્રીમતિ;
સજલા, સફલા, સબલા,
અમીઝરણી, મુદભરણી, મનહરણી,
સુરમુનિ સ્મરી....વંદન૦

પિમળવાહી શિતલ મંદ મલયઅનિલ ધારતી,
શાંત સ્વચ્છ દુગ્ધ જેવી ચંદ્રિકા ઝગારતી,
ઝર્ણ પર્ણ રમ્ય ખિલી લીલી સહુ વનસ્પતી,
સરસા, સરલા, રુચિરા,
વીરભૂમિ તું ! યશસ્વિની તું ! પ્રીતિ–દીપ તું !
પૂર્વની પરી....વંદન૦

વિંધ્ય, સહ્ય, હિમ અદ્રિ, સરિત સર નિધિવતિ,
ખટ ઋતુ હસાવી રમે દિવ્ય દેવી કુદરતિ;
દ્રોણ, ભીષ્મ, રામથી જ ભવ્યતાભરી ભૂતિ;
સમયે, ચળકે; ઝળકે,
વિજયધ્વજા, ફર ફર ક્યાં ? ઝર ઝર ક્યાં ?
શૌર્યનિર્ઝરી...વંદન૦

ડીસેમ્બર ૧૯૦૬.

ભારતસંતાનને આશ્વાસન.

રોળાવૃત્ત.ભારત ભૂમિ ! દિવ્ય ઋતુ ખટ મલકાયે જ્યાં,
બેશ દેશથી પૂર્ણ નદી સર ઝર્ણા જ્યાં ત્યાં;
હિમાદ્રીથી જૂએ દૃષ્ટિ આતુર રસાળો,
પ્રદેશ સુંદર ભાર અરાઢ વનસ્પતિવાળો. ૧

જ્યાં ઉદધિનો ગાલ મૃદુ ખંજન ખેંચંતો,
ગિરિશિખરનો રંગ ભૂખર પાછો ફેંકંતો;
પૂર્વ–નાક જે સ્વર્ગ–બાગ*ને છાંટી દેતાં,
તે રંગોને સ્મિત હસંતાં મોજાં ગ્રહેતાં. ૨

કોઇ સમે, યદિ ક્ષણિક વાયુની લહરી વાયે,
સ્ફાટિકવત્ જલ સ્થિર નિધિનું ચલિત થાયે;
તરૂવરપરથી કુસુમ એક કિંવા તે સારે,
સુગંધ વિંઝતા પવન મંદ સુખકર શા ત્યારે ? ૩

ત્યાં બીજુ કે ગિરિપરે ઉગે ફૂલ ગુલનું સારું;
બુલબુલની દેહ કુલ, જીવન રુપ અતિશય પ્યારું;
રસરાગેથી ગાન મીઠું બુલબુલ પુકારે,
ગુલપત્તીપર શરમશેરડા પડતા ત્યારે. ૪

---

* હિંદુસ્તાન પૂર્વ તરફના દેશોનું નાક છે, ને સ્વર્ગનો બાગ જે નંદનબાગ તેનું સહજ ભાન પૃથ્વી ઉપર પણ કરાવે છે.

બુલબુલરાણી ગુલ નમે ના પવને નીચે;
સખ્ત મેહુની ઝડી પડે પણ ઘડી ના મીંચે;
પશ્ચિમગમીના ભીષણ વાયુ નવ દમતા જેને;
દર ઋતુ ને લહરી માન દઇ નમતાં તેને. ૫

કુદરતથી અર્પિત મિષ્ટ સુગંધ ધકેલે,
ગગનપ્રતિ અભિરામ જરા કૈં હુળવે હેલે;
ગંગોત્તરીનું શૃંગ ફોડીને ગંગા વહેતી;
મેઘગર્જના-ઘોષ, અભંગ અખંડ, સહેતી ૬

સંકટ, ચલવે વેગ તોડી ગિરિપત્થર પ્રૌઢા,
યમુનાસખીશું હસ્ત મિલાવે નવીન નવોઢા;*
ભાસે વિભુએ રેલ્યું અમીનું એ નવ ઝરણું,
ભાગ્યચંદ્રનો ઉદય! મળ્યું ભારત! હરિશરણું! ૭

વીરજનુનીથી દીપ્ત વીરભૂમિ રજપૂતાના!
વીરનરોથી શ્રેષ્ઠ ગયા ક્યાં તુજ જમાના?
સ્વતંત્રતાનું ક્ષેત્ર! કીર્ત્તિનો ભવ્ય બુરજ તું!
અરે ત્હારૂં દુર્ભાગ્ય! ગયું સૌ, રહ્યું ન કો શું? ૮

હસ્તિનાપુર, ઇન્દ્રપ્રસ્થ ને પાટણ પુના!

---

* યમુનાનું ગંગાને મળવું એ વાતનું સૂચન થાયછે. હસ્ત મિલાવનો એ પાશ્ચાત્ય વિચાર છે.

વૈભવ તમ સહુ ખાખ, લાખ તે કોડી અધુના;
ચકિત ચાંપાનેર! ક્યાંહાં ચોર્યાશી ચૌટાં?
જડિત જવાહિર ચૉક નૉક સૌ પડિયાં ભોંઠાં. ૯

* * * * * *
* * * * * *

રંગ ઢંગ છે અજબ વખત! સહુ ભક્ષક તું છે,
તેગધારથી* તીક્ષ્ણ ચંચુ પણ ત્હારી શું છે? ૧૦

ખિલવે વૃક્ષ અનંત વસંતે અમીરસ રેલી,
સૂકાવે શું મૂળે પાનખરમાં વિષ મ્હેલી;
સુંદરવદની બાળ ગાલ ગુલાબીપત્તી,
તેને અગ્નિચેહમહિં પોરાહ્યું ચત્તી. ૧૧

કીનાખોર દુર્દૈવ કાળચક્કર ફરી વળિયું,
ઇર્ષ્યાઅગ્નિ ધકયે, વીર્ય વીરત્વનું બળિયું;
ભારતના સંતાન! રુવે શું હિંમત હારી?
વિજયધ્વજા ફરકાવ! જમવ હિંદની બલિહારી!! ૧૨

મે. ૧૯૦૫

---

* તેગધાર–તલવારની ધાર. તલવારની ધાર કરતાં પણ વધારે તીક્ષ્ણ કાળની ચાંચ છે એમ સૂચવ્યું છે.

હિંદવાણી.

હરિગીત.

હું પ્રેમ–શાર્યભરી ભૂમિ, ભૂમંડળે રહી મ્હાલતી,
કંઇ પૂર્વમાં ફૂલના દડા, સાનંદ રહી ઉછાળતી;
ને રત્નમય મુજ ભૂજ ખળકે, વિનયકેરા ચુડલા,
હું પૂર્વની પટરાણી'તી, સુણુજો જગત્ જન રૂડલા. ૧

કંઇ દિથી ધારી મેં કટીએ વિંધ્યકેરી મેખલા;
હરિયાળી લીલી સાડીથી, કદી વેષ ધરૂં નવલા ભલા;
છે ભવ્ય હિમાચળરૂપી વેણી જ જોજો વિખરી;
મુજ શ્વેત સેંથલીસાથમાં ગંગાસરિતા રહી સરી. ૨

ચોપાસ ચારે દેવતા મુજ અંગની રક્ષા કરે;
કરી દૃષ્ટિ અમીની તેહ વળી ભંડારને અભરે ભરે;
વીંટલી મુને ત્રિપાર્શ્વ આપે જલનિધિ કંઇ અંજલિ,
જે અણુમૂલાં બહુ રત્ન દેતો હર્ષમાં આવી વળી. ૩

વળી હર્ષઘેલી લાડકી છે એક લંકા બેટડી,
જાતે કનકની કાય ને મુજ ચર્ણમાં રહી તે પડી;
મુજ પુત્ર બે છે પાટવી, કુલ ચૌદ પુત્રો તેમને,

જેની અસંખ્ય પ્રજા વધી, દીપાવતી મુજ દેહને.* ૪
એ રીત ચૈદ મનુ કોટીમનુજો થઇ રહ્યાં મુજ બાલુડાં;[1]
આ ઉરપરે વસી ગેલ કરતાં, ખેલ કરતાં કાલુડાં;
અન્યોન્યમાં રીઝે ખીજે નહિં લેશ હું તેમે ગણું,
કો વીર, દાના, ભકત, કીર્ત્તિ તેમની વિશ્વે ભણું. ૫

હું કચ્છ સિંધુપ્રદેશને ઘાલી રહી મુજ સ્હોડમાં,
ને બંગ બરમા ઓરિસા નચવંત કરથી કોડમાં;
ઝનુની ભૂમિ રજપૂતની મુજ ઉરમાં વાસી રહી,
ને કોકણુસ્થ પ્રદેશ ધન દળ સાથળે સૂતો જઇ. ૬

નિજ હંસવાહન પર ચઢી રમવાને મ્હારે આંગણે,
આવંત દેવી શારદા મુજ પ્રિય બાલુડાં કને;
ને વેળ બહુ કમલા સ્વકાન્તની સ્હોડ ત્યાગી આવતી,
મુજ મંદિરે કંઇ મિષ ને મુજ બાળ પાસે રહી જતી. ૭

લંકેશ બેશ નરેશ થઇ કેદી કીધા નિજ વાસમાં,
અહંકારમાં છાકી, છળી હરી સીત સતિ સુખઆશમાં,
સિંધુતરી, આક્રમ કરી, દશમુખ દળસહ મારિયો,

---

* ઉત્તર અને દક્ષિણ હિંદુસ્તાન રૂપી બે પાટવી પુત્ર. એ બંનેના નાના મોટા મળી ચૌદ ભાગ કરવામાં આવ્યા છે, ને તેથી ચૌદ ભાગને બે પાટવી પુત્રના દીકરાઓ કહ્યા. ૧. અઠ્ઠાવીશ કરોડની વસ્તિ છે તેથી તેટલાં માણસો ભારતનાં સંતાન રૂપે કલ્પ્યાં છે.

રઘુકુલમંડન રામચંદ્રે—જન્મ અત્રે ધારિયો. ૮

સત્યે અચળ, સ્થિર યુદ્ધમાં, સત્ય સ્વરૂપ શ્રીધર્મ જે,
બાહુબળી, બાણુાવળી, ભડ ભીમ, પાર્થ સુ પર્મ તે,
વરણાગી વેષ નકુલ ને સહદેવ જોતો કુંડળી,
તે પંચરત્ન પ્રસિદ્ધ થઇ મુજ સ્હોડમાં સૂતાં ઢળી. ૯

સત્યસ્વરૂપ સુ-ટેકી જે, હરિશ્ચંદ્ર રૂડો રાજીઓ,
અંત્યજગૃહે, ઋષિઋણુથી, દાસત્વ નીચ ગ્રહી રહ્યો,
વેચી સતી તારામતી—જગમધ્ય સુયશ જામિયો,
તે સત્યધર શિરોમણિ નૃપ જન્મ અત્રે પામિયો. ૧૦

રે ! ધર્મધોરિન્ધર મુનીંદ્ર વસિષ્ઠ વિશ્વામિત્ર જે,
દર્શનપ્રભાવથકી હરે જ ત્રિતાપ ઓઘ અરિષ્ટ તે,
ઇંદ્રિયસંયમ આદરી ગ્રંથો ગૂંથ્યા અનુપમ બહુ,
ઉપન્યા, વિલીન થયા અહિં, ભૂમંડળે ભાખે સહુ. ૧૧

વૃંદાવને, વ્રજકુંજમાં ઘેલી બની ગોવાલણી,
સહુ ભાન ભૂલી આતુરી, રવ મિષ્ટ મોરલીનો સુણી,
તે સહ શરદ્ચંદની વિષે જ રસાળ રાસ રચી રૂડો,
કાલિન્દી ઘન તટ પર રમ્યો, વ્રજવાશી કાલો કાનુડો. ૧૨

નળરાય પુણ્યશ્લોક જે વખણાય પુણ્યપ્રભાવથી,
ભીમ જંગલે, કળીછળબળે ત્યાગી’તી દમયંતિ સતિ,
અભિધાન બાહુકનું ધરી બેડાળ બની છાનો રહ્યો,

ગુણખાણ ને કુલભાણ નૃપ નળ આ સ્થળે પેદા થયો. ૧૩

જેણે દીપાવી નાટયબંધે ભરતમાત શકુન્તલા,
ને વર્ણવ્યો રઘુવંશ વિસ્તારી, શું વાણી વિમળા,
પતિના વિછોહે દૃગઝરણ જનકાત્મજાનાં ચીતર્યાં,
કવિરત્ન કાલિદાસ ને ભવભૂતિ અત્રે અવતર્યાં. ૧૪

હા ! વીર પૃથુ, પ્રતાપ ને રણરંગ સંગ શૂરો જહિં,
મુજમાટ રૂધિર રેડીને, મુજ અંકમાં પોઢયા અહિં;
વળી કયાં સમર શિવઅંશ ને કવિ ચંદ કુલદીપક ગયા,
શિવાજી શૂર પૂર ભક્તવર–મુજ આશ કયાં? કહેવારહ્યા? ૧૫

એ રીત જયારે ભૂતભાન ઉભાય છે મુજ અંતરે,
આ હૃદયસર ડ્હોળાય ને આંસુ ખળક નયને સરે,
હા ! એમ વૈભવપૂર સ્વપ્નાપેર, વ્હાણું વહી ગયું;
સંભારીને તે સર્વ મુજ રોવું રહ્યું, રોવું રહ્યું. ૧૬

ડીસેમ્બર ૧૯૦૬.

અવસાન.

દીંડી. દિવ્ય હૃદયસર ઠર્યું અમિત ઓપે;
ભર્યું જ્ઞાનજળે લક્ષલહરી શોભે;
બન્યો તીરપરે, સુ–કાવ્યનો ઉદ્યાન;

ખિલ્યો ભવ્ય વિવિધ પુષ્પનો નિધાન. ૧
રચી કુંજ, કુલ્યાં કંજ, ભ્રમર ગુંજે;
ચુસે રસ રસિક રાચી પુષ્પપુંજે;
વહે અનિલલહરી પુષ્પગંધ ખેંચી;
દિયે ભ્રમરને પરાગ મિષ્ટ વ્હેંચી. ૨
તજી એક અન્યપર અલિ ભમે છે;
એમ કુસુમકળી સાથ રતિ રમે છે;
ભ્રમર તૃપ્ત થઈ કદી ઉદ્યાન ત્યાગે,
તદપિ હૃદયમાંહિં સુરસજ્યોતિ જાગે:— ૩
જેમ શીળી ચાંદની વહી જ જાશે,
તદપિ સ્મૃતિ શીતતાની ના ભૂસાશે;
મીઠા સૂર પ્રરનાર જે સતાર,
તુટે તંતુ તદપિ લીન હૃદયતાર. ૪
ચુંટો રસિક ! પુલડાં ગૂંથો સુ-માળ;
ધર્યે કંઠ સ્પુરે હૃદયમતિ વિશાળ;
ગૂંથી કુસુમગુચ્છ કરમહિં ધરોને;
સૂંધી ઘ્રાણઇંદ્રિ તૃપ્ત સા કરોને ! ૫

ડીસેમ્બર ૧૯૦૬.

કાવ્યોદ્યાન સમાપ્ત.

શબ્દકોષ.

(ટીકામાં નહિં આવેલા કઠિણ શબ્દોનો.)

અ.

અક્રિસર—રામબાણ.
અઘ—પાપ.
અંક—ખોળો.
અંગના—સ્ત્રી; નારી.
અટ્ટહાસ—ખડખડ હસવું તે.
અદ્રિ—પર્વત.
અધર—નીચેનો હોઠ.
અનળ—અગ્નિ; અંગાર.
અનિલ—પવન.
અનુરાગ—પ્રેમ; સ્નેહ.
અનંગ—કામદેવ.
અંતિમ—છેવટનું; અંતનું.
અંત્યજ—ચાંડાળ.
અપવર્ગ—દેહમાંથી આત્માની સંપૂર્ણ મુક્તિ.
અભિનવ—નવું.
અભિરામ—સુંદર.
અભ્ર—વાદળું; આકાશ.
અમર—દેવ; સુર.
અમલ—સ્વચ્છ.
અમિત—અમાપ.
અંબર—સાડી.
અંબુ—જળ; પાણી.
અંબુજ—કમળ.
અંબુધિ—સમુદ્ર.
અરવિંદ—કમળ.
અરિ—શત્રુ; દુશ્મન.
અલિ—ભ્રમર.
અવધ—છેડો.
અવર—બીજું.
અવસાન—અંત.
અસ્થિ—હાડકું.

આ.

આકર–ખાણ.
આગમન–પધરામણી.
આગાર–કોઠાર; રહેઠાણ.
આત્મજા–દીકરી.
આનન–મુખ.
આભલાં–વાદળાં.
આલવાલ–કયારો.
આશ્લેષ–આલિંગન; ભેટો.

ઇ.

ઇન્દુ–ચંદ્ર; શશિ.

ઉ.

ઉતંગ–પ્રચંડ; મોટું.
ઉદધિ–સમુદ્ર; દરિયો.
ઉદર–પેટ.
ઉદ્યાનપાલક–માળી.
ઉપવન–વાડી; બગીચો.
ઉપહાર–ભેટ.
ઊર્મિ–મોજું; વિચાર.
ઉર્વી–પૃથ્વી.

ઓ.

ઓઘ–ઢગલો; સમૂહ.

ક.

કચ–વાળ.
કંજ–કમળ.
કટક–સમૂહ; જથ્થો.
કદ–માપ.
કદળી–કેળ.
કદુવા–શ્રાપ.
કંદર–ગુફા.
કપોલ–ગાલ.
કર–હાથ; કિરણ; રશ્મિ.
કરિણી–હાથણી.
કર્દમ–કાદવ.
કલાપ–સમૂહ.
કાજૂ–સુંદર; મનોહર.
કાન્ત–સુંદર; પ્રિયતમ.
કામિની–સ્ત્રી.
કાલિન્દી–યમુનાનદી.
કીચક–વાંસ.

કીટ-કીડા.
કીર-પોપટ; શુક.
કુચ-સ્તન; પયોધર.
કુપ્પી-શીશી; બાટલી.
કુમુદિનીનાથ-ચંદ્ર.
કૃતકૃત્ય-કૃતાર્થ.
કૃશ-પાતળું; ચીમળાયલું.
કૃષ્ણ-કાળું; શ્યામ.
કૈવલ્ય-મોક્ષ.
કોદંડ-ધનુષ્ય.
કૌમુદી-ચાંદની; અજવાળીયું.
ક્ષપા-રાત્રિ; રજની.
કૂહોલું-શેલડી પીલવાનો ચરખો.

ખ.

ખંજન-હાસ્ય કરતી વખતે ગાલમાં ખાડો પડે છે તે.

ગ.

ગતિમંદા-મંદ ગતિવાળી.
ગબરૂ-ગુલાબી રંગનું; લોહી ભલુંરે.
ગાથ-વાત.
ગ્રામ-ગામ.
ગિરા-વાણી.
ગુલ-ગુલાબનું ફૂલ.
ગુહા-કોતર, ગુફા.

ઘ.

ઘટાવો-ઓછું થવું તે.
ઘર્મ-તાપ; બફારો; સ્વેદ.
ઘ્રાણ-નાસિકા.

ચ.

ચક-પડદો.
ચાનક-ચેવટ; અરે થવી તે.
ચારૂ-સુંદર.
ચિબુક-હડપચી. Chin.
ચિર-લાંબું.
ચૂતાંકુર-આંબાની માંજર.

જ.

જંગી-પ્રૌઢ; વિશાળ.
જલદ } -વાદળાં.
જલધર }

જલધિ—દરિયો.
જહાં—દુનિયાં.
જામ—પ્યાલું; પ્હોર.
જિકર—જક; હઠ.
જિગર—હૃદય.
જેર કરવું—તાબે કરવું.

ઝ.

ઝડી—વરસાદનું લાગલાગટ વરસવું તે; હેલી.
ઝાંય—પડછાયો.
ઝાર—ભરતી. (દરિયાની.)

ત.

તક્ર—છાશ.
તનુ—શરીર; નાજુક.
તંદ્રા—Sleepiness.
તપન—સૂર્ય.
તમ—અંધારૂં; તમારૂં.
તરલ—ચપળ; સુંદર.
તરવર—વૃક્ષ; ઝાડ.
તાગ—અંત; છેડો.
તાણ—ખેંચ; અછત.
તિમિર—અંધારૂં.
તુંગ—ઉંચું; ગગનચુમ્બિત.
તુત—ધતીંગ; ગોઠવી કાઢેલું.
તુરંગી—ઘોડી.
તુરી—અશ્વ.
તુષાર—ઝાકળ.
ત્રિવલી—પેટ ઉપર વળતી કરચલી.

દ.

દંપતી—પતિ અને પત્ની.
દયિતા—પ્યારી; પ્રિયતમા.
દરી—ગુફા.
દશન—દાંત.
દશમુખ—રાવણ.
દાઇ—આયા(Nurse)
દામિની—વીજળી.
દિનકર—સૂર્ય.
દિવ—આકાશ.
દુગ્ધ—દૂધ.
દૃગ—આંખ; નેત્ર; ચક્ષુ.

દોઝક-નર્ક.
દ્યુતિ-શોભા, Lustre.

ધ.

ધનદ-ધન આપનાર; ઉદાર માણુસ.
ધનિક-શ્રીમંત; પૈસાદાર.
ધવલ-શ્વેત; ધોળું.
ધીમતિ-બુદ્ધિવાળી.
ધૃતિ-ધૈર્ય.
ધોરિન્ધર-અગ્રણી.
ધ્વાન્ત-અંધકાર.

ન.

નગ-પર્વત.
નજુમી-ભવિષ્યવેત્તા.
નલિની-કમળનો સમૂહ.
નવનીત-માંખણ.
નિકટ-પાસે.
નિધાન-ભંડાર; ખજાનો.
નિધિ-ભંડાર; દરિયો.
નિનાદ-અવાજ.
નિમંત્રવું-બોલાવવું.
નિર્ઝર-ઝરો; વ્હેળો.
નિશિનયન-રાત્રિની આંખ; ચંદ્રમા.
નિશિનારી-રાત્રિરૂપી સ્ત્રી.
નુગરો-બેદરકાર.
નૂતન-નવું.

પ.

પંકજ-કમળ.
પડખું-બાજું.
પત્તન-નગર; શહેર.
પથ-માર્ગ.
પથિક-મુસાફર.
પદ્મ-કમળ.
પદ્મિની-કમળવૃંદ; સુંદરી.
પય-પાણી; દૂધ.
પયોધર-વાદળું; સ્તન.
પરજન્ય-વરસાદ.
પાણિ-હાથ.
પાર્થ-અર્જુન.
પારલૌકિક-પરલોક સંબંધી.

નું; Relating to the next world.
પાવક-અગ્નિ.
પિકવેણી-કોયલના જેવો કંઠ જેનો છે તે.
પીત-પીળું.
પીન-ભરાવદાર; માંસલ.
પીપ્પીલિકા-કીડી.
પીયૂષ-અમૃત.
પુંજ-ઢગલો.
પુનિત-પવિત્ર.
પુલિન-રેતીનો કીનારો (Sand-bank)
પ્રણય-પ્રેમ.
પ્રથા-કીર્ત્તિ.
પ્રભાકર-સૂર્ય.
પ્રમદા-સ્ત્રી.
પ્રભુતા-મોટપ; શ્રેષ્ઠતા.
પ્રાશનકરવું-ખાઇ જવું.
પ્લાવિત-તરબોળ થયેલું.

ફ.

ફરમાન-આજ્ઞા.

બ.

બધિર-બ્હેરૂ.
બેચેની-અસ્વસ્થતા.
બેવફા-નિમકહરામ.
બેહેસ્ત-સ્વર્ગ.

ભ.

ભગિની-બ્હેન.
ભાણુ-સૂર્ય.
ભામ-સ્ત્રી.
ભીમ, ભીષણ, ભીષ્મ } -ભયાનક; ત્રાસદાયક.
ભૂતિ-સંપત્તિ.
ભૃંગ-ભ્રમર.
ભોમ-ભૂમિ.
ભ્રૂ-ભમર.

મ.

મકરંદ-ફૂલરસ; ભ્રમર.
મંજુલ-સુંદર.
મનુ-ચૌદ; ઋષિનું નામ છે.
મનુજ-મનુષ્ય; માણસ.

મન્મથ—કામદેવ.
મયૂખ—કિરણ.
મરૂત—પવન; વાયુ.
મશગુલ—મગ્ન.
મહીપ—રાજા.
મહેન્દ્ર—ઈન્દ્ર.
માધુર્ય—મિઠાશ.
માનિની—પતિ પર ગુસ્સે થએલી સ્ત્રી.
માર—કામદેવ.
મિષ—બ્હાનું.
મિસરી—સાકર.
મીન—માછલું.
મુદપ્રદા—આનંદ આપનારી.
મુષક—ઉંદર.
મુષ્ટિ—મુઠી.
મૂક—મૂગું.
મૃગનેણી—હરિણના જેવી આંખો વાળી.
મૃગરાજ—સિંહ.
મૃગાંક—ચંદ્ર.
મૃણાલ—કમળનો દાંડો.
મૃદુલ—કોમળ.
મેખલા—કંદોરો; Belt.
મેષ—ઘેટો.
મેહેરામણ—સાગર.
મોદ—આનંદ.
મૌક્તિક—મોતી.

ય.

યદિ—જો.
યુગલ, યુગ્મ—જોડ; બે.
યૂથ—ટોળું; વૃંદ.

ર.

રત—ઋતુ; મોસમ.
રતિપતિ—કામદેવ; મદન.
રમણ—પતિ.
રમણી—સ્ત્રી.
રમા—સ્ત્રી; લક્ષ્મી.
રવ—અવાજ.
રશ્મિ—કિરણ.

રસકોષ–રસનો ખજાનો.
રિપુ–શત્રુ; અરિ.
રુચિર–મનોહર.

લ.

લલના–સ્ત્રી.
લલિત–સુંદર.
લોલ–ચપળ. Tremulous.

વ.

વર્તુલ–ગોળ.
વપુ–શરીર.
વરવો–વિચિત્ર.
વલ્લભ–પ્રિયતમ; પ્યારો.
વલ્લી–વેલી; લતા.
વસન–લુગડું.
વહ્નિ–અગ્નિ.
વાટિકા–બાગ; ઉદ્યાન.
વાત–પવન.
વામા–સ્ત્રી.
વાર, વારિ }–પાણી.
વારૂણી–મદિરા; દારૂ.
વિછોહ–વિયોગ.
વિટપ–ઝુંખ.
વિદ્યુત્–વીજળી.
વિધુ–ચંદ્ર.
વિધુરા–પતિનો વિયોગ વેઠતી સ્ત્રી.
વિપુલ–વિશાળ.
વિભૂતિ–પ્રતાપ; રાખ.
વિરલ–આછું.
વિલીન–સમાઇ ગયેલું.
વિલોલ–ચંચળ.
વિષમ–ખડબચડું.
વિષધર–ઝેરવાળો; સર્પ.
વિષયાસક્તિ–વિષયમાં રચ્યાપચ્યા રહેવું તે.
વિહંગ–પક્ષી.
વીચિ–દરિયાનું મોજું.
વેદવદન–બ્રહ્મા.
વેણુ–રેતી.
વેત્રધારી–છડીદાર.

વ્યજન-વિંઝણો.
વ્યાળ-સર્પ.
વ્યોમ-આકાશ.
વ્રીડા-લજ્જા; શરમ.

શ.

શકુન-પક્ષી.
શચિ-ઇન્દ્રની પત્નિ.
શચિપતિ-ઇન્દ્ર.
શમ } -શાંતિ; સ્વસ્થતા.
શમન }
શશધર-ચંદ્ર.
શશાંક-ચંદ્ર.
શાસન-હુકમ; આજ્ઞા.
શિશુ-બાળક.
શીતાંશુ-ચંદ્ર.
શુક-પોપટ.
શુચિ-વિશુદ્ધતા; પવિત્રતા.
શુભ્ર-ધોળું.
શૃંગ-પર્વતનું શિખર.
શૃંગાર-શણગાર; એક પ્રકારનો રસ.
શૈલ-પર્વત.
શોણિત-લોહી; રક્ત.
શ્રમિત-થાકેલ.
શ્રય-આશ્રય.
શ્રવણ-શ્રાવણ; કાન.
શ્રેણિ } -હાર; હરોળ.
શ્રેણી }
શ્વશુર-સસરો.

ષ.

ષડરિ-છ શત્રુ; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર.
ષંઢ-નપુંસક; હીજડો.

સ.

સખ્ય-મિત્રાચારી.
સદન-ગૃહ.
સનમ્-વ્હાલી; દયિતા.
સમીર } -પવન.
સમીરણ }
સર } -સરોવર.
સરવર }
સરિતા-નદી.

સલિલ-પાણી.
સહકાર-આંબો.
સહસ્રરશ્મિ-સૂર્ય.
સાથીયા-એક પ્રકારનું મંગળસૂચક ચિન્હ.
સામ્ય-મળતાપણું.
સિત-ધોળું.
સુધા-અમૃત.
સુધાકર-ચંદ્ર.
સુભગ-સુંદર; ભાગ્યશાળી.
સુમ-અદાતા; પાજી.
સુમન-ફૂલ.
સુર-દેવ; સૂર્ય.
સુષુપ્તિ-ગાઢ નિદ્રા.
સુસ્ત-આળસુ (Drowsy.)
સૂર્યકાન્ત-એ નામનો મણી.
સૂર્યમુખી-એ નામનું પુષ્પ.
સૌમ્ય-શીતળ; નમ્ર.
સ્ફટિક } -ધોળું.
સ્ફાટિક }
સ્પૃહણીય-ઇચ્છવા યોગ્ય.
સ્વકીય-પોતાનું.
સ્વસ્તિક-અદબ વાળવી તે.
સ્વામ-સ્વામી.

હ.

હરિવદની-ચંદ્રમુખી.
હંસાગામી-હંસપર સ્વારી જેની છે તે.
હસ્તિનાપુર-દીલ્લી.
હિમકર-ચંદ્ર.
હિમાંશુ-ચંદ્ર.
હેવા-ટેવ.